Peer Reviewed Journal **Journal of Social Science** ISSN 2319-3522

# સમાજકારણ

**સામાજિક પ્રશ્નો અને પ્રવૃત્તિઓ પરત્વે**
**વૈજ્ઞાનિક અભિગમ અને સમજ કેળવવા પ્રયત્નશીલ સામયિક**

**વર્ષ : 16** **જુલાઈ 2022** **અંક : 2**

**અનુક્રમ**


| | | | |
|---|---|---|---|
| 1. | સંપાદકીય : ઉચ્ચશિક્ષણમાં મૂલ્યશિક્ષણની આવશ્યકતા | ડૉ. ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ | 03 |
| 2. | ગુજરાતની અસ્મિતા : એક સમાજશાસ્ત્રીય રચના | ડૉ. વિદ્યુત જોષી | 05 |
| 3. | ‘અક્ષયપાત્ર દ્વારા ચાલતી મધ્યાહ્ન ભોજન યોજના અને વિદ્યાર્થીઓનો વિકાસ — એક અભ્યાસ’ | ડૉ. બાદર કુરેશી | 12 |
| 4. | ભાડૂતી કૂખ (સરોગસી) — સમાજશાસ્ત્રીય વિહંગાવલોકન | ડૉ. ભાગ્યશ્રી રાજપૂત | 20 |
| 5. | ઉપેક્ષિત સમુદાય અને સિનેમા: ‘જય ભીમ’ (2021) ફિલ્મના સંદર્ભે. | ડૉ. રાજેશ લકુમ | 28 |
| 6. | અપરિણીત મહિલાઓની આર્થિક, સામાજિક, મનોવૈજ્ઞાનિક સ્થિતિ અને પડકારો | રીના વિઠ્ઠલભાઈ લોકડિયા | 39 |


**ગુજરાત સામાજિક સેવા મંડળનું મુખપત્ર**

# સમાજકારણ (અર્ધવાર્ષિક)

**પ્રકાશક : ગુજરાત સામાજિક સેવા મંડળ**

શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, નવરંગપુરા, આશ્રમરોડ, અમદાવાદ - 380009

**સંપાદક : ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ**

**: સંપાદકીય સમિતિ :**

**વિદ્યુત જોષી** (પરામર્શક, સમાજશાસ્ત્ર) **હેમંત શાહ** (પરામર્શક, અર્થશાસ્ત્ર)
**થોમસ પરમાર** (પરામર્શક, ઈતિહાસ) **પ્રશાંત દવે** (પરામર્શક, તત્ત્વજ્ઞાન-મનોવિજ્ઞાન)
**ધર્મેશ ઝાલા** (પરામર્શક, રાજ્યશાસ્ત્ર)



**લેખ મોકલવા માટેનું સરનામું :** ૩, શ્રીરામ બંગલો, મણિનગર પોલીસ સ્ટેશન સામે, જલ સરોવર ફ્લૅટની બાજુમાં, રામબાગ, મણિનગર, અમદાવાદ-380008. ફોન : 9879278128 email : bjbrahmbhatt1@yahoo.co.in



### ગુજરાત સામાજિક સેવામંડળ કારોબારી સમિતિ

| | | |
|---|---|---|
| 1. | પ્રોફે. ધીરુભાઈ દેસાઈ | પ્રમુખ |
| 2. | ડૉ. હેમંતકુમાર શાહ | મંત્રી |
| 3. | ડૉ. ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ | સહમંત્રી-તંત્રી |
| 4. | પ્રોફે. વિદ્યુતભાઈ જોષી | સભ્ય |
| 5. | પ્રોફે. થોમસભાઈ પરમાર | સભ્ય |
| 6. | પ્રોફે. ચંદ્રિકાબહેન રાવલ | સભ્ય |
| 7. | પ્રોફે. મહેશભાઈ ગામીત | સભ્ય |
| 8. | પ્રોફે. રમેશભાઈ મકવાણા | સભ્ય |
| 9. | ડૉ. આનંદભાઈ આચાર્ય | સભ્ય |

### ગુજરાત સામાજિક સેવા મંડળના આજીવન સભ્ય બનવા નમ્ર અપીલ

સ્વ. ગટુભાઈ ધ્રુવ દ્વારા શરૂ થયેલ ગુજરાત સામાજિક સેવા મંડળ સમાજસેવા દ્વારા તેમજ પુસ્તક, જર્નલ દ્વારા બૌદ્ધિક વિચાર અને જ્ઞાનપ્રસાર દ્વારા સમાજમાં ચેતના જગાવવાનું કાર્ય કરે છે. આવા મંડળના આજીવન સભ્ય બનવા-બનાવવા નમ્ર અપીલ છે.

**નોંધ : આજીવન સભ્ય બનનારને 'સમાજકારણ' અંક પહોંચાડવામાં આવે છે.**

**મંડળની આજીવન સભ્ય ફી : રૂ. 1000/-**

### 'સમાજકારણ' જર્નલનું લવાજમ ભરવા અપીલ...

અમારું પ્રતિષ્ઠિત અર્ધવાર્ષિક મુખપત્ર 'સમાજકારણ' ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ છે તે સમકક્ષસમીક્ષિત (Peer Reviewed) અને ISSN નંબર ધરાવે છે અને હવે યુ.જી.સી. એપ્રૂવલ પણ મેળવનાર છે. સમાજકારણ મુખપત્ર બહુવિધ-વિષયક શૈક્ષણિક જર્નલ છે. તેનો મુખ્ય ઉદ્દેશ સામાજિક પ્રશ્નો અને પ્રવૃત્તિઓ પરત્વે વૈજ્ઞાનિક અભિગમ અને સમજ કેળવવા તેમજ સમાજવિજ્ઞાનના સંશોધકો, શિક્ષણવિદો અને રિસર્ચ સ્કૉલરનાં સંશોધનો અને વિચારોને પ્રોત્સાહન આપવાનો છે.

વિદ્વાન અને અનુભવી લેખકોનાં ગુણવત્તાયુક્ત સંશોધન-પેપર અને લેખ આપના જ્ઞાનમાં વૃદ્ધિ કરી શિક્ષણમાં ઉપયોગી બનશે. ગુજરાતી ભાષામાં સમાજવિજ્ઞાનને લગતાં જર્નલ નહીંવત્ છે ત્યારે 'સમાજકારણ' જર્નલનું લવાજમ ભરી જ્ઞાનના પ્રસારમાં સહભાગી બનવા નમ્ર અપીલ છે.

જે મિત્રોએ વાર્ષિક લવાજમ ભરેલ છે અને સમય પૂરો થઈ ગયો છે તેઓને નવું લવાજમ ભરી દેવા (રિન્યુ કરાવવા) નમ્ર અપીલ છે.

### વાર્ષિક લવાજમ રૂ. 100/-

આપ સીધા અમારા બૅંક ખાતામાં જમા કરી શકો છો. જેની વિગત નીચે મુજબ છે :

બૅંક ખાતાનું નામ : ગુજરાત સામાજિક સેવા મંડળ • A/c No. : 200210100002590

• બૅંકનું નામ : Bank Of India • શાખા : Ashram Road Branch, Ahmedabad

• IFC Code BKID0002000 • બૅંકમાં નાણાં ભર્યાની વિગત અને ટપાલ સરનામું લખી ટપાલ સંસ્થા પર મોકલાવશો જેથી અંક સમયસર પહોંચાડી શકાય.

**સંપાદકીય** — ડૉ. ભૂપેન્દ્ર બ્રહ્મભટ્ટ

## ઉચ્ચશિક્ષણમાં મૂલ્ય શિક્ષણની આવશ્યકતા

ભારતની ઉચ્ચશિક્ષણની વ્યવસ્થા દુનિયાની સૌથી મોટી ત્રીજી વ્યવસ્થા છે. ચીન, યુ.એસ.એ. પછી ભારતનો નંબર છે. યુ.જી.સી. ઉચ્ચશિક્ષણનું સંચાલન કરે છે. તે ઉચ્ચશિક્ષણનાં ધોરણો જાળવવા સરકારને સલાહ આપી કેન્દ્ર અને રાજ્ય વચ્ચે સેતુ બને છે. ઉચ્ચ-શિક્ષણમાં શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ કેન્દ્રસ્થાને છે. તેનું મુખ્ય કામ જ્ઞાનની ક્ષિતિજ વિકસાવી બૌદ્ધિક નેતૃત્વ ઊભું કરવાનું છે. ઉચ્ચશિક્ષણના સંદર્ભમાં શિક્ષણનો અર્થ સર્જનાત્મક રહે છે. અહીં શિક્ષણ ‘MODIFIRE’ તરીકે કામ કરે છે. સાંસ્કૃતિક વારસાનું માત્ર જતન જ નથી કરવાનું પરંતુ એમાં કંઈક સર્જનાત્મક શક્તિનું ઉમેરણ કરવાનું કાર્ય ઉચ્ચશિક્ષણનું છે. માત્ર જ્ઞાન અને કૌશલ્ય જ નથી આપવાનું પરંતુ તેમની સમજ મૂલવત્તા કરવાનું કાર્ય ઉચ્ચશિક્ષણનું છે.

વર્તમાન સમયની શિક્ષણવ્યવસ્થા અંગ્રેજોએ ગોઠવેલ છે. તેમાં આપણે બહુ જ ઓછા ફેરફાર કર્યા છે. તેથી અત્યારની શિક્ષણવ્યવસ્થામાં ઉચ્ચશિક્ષણ પૂરું પાડતી આર્ટ્સ, કૉમર્સ અને સાયન્સ કૉલેજોનું શિક્ષણ ખામીયુક્ત છે. તેમાં પરિવર્તનની જરૂર છે. કૉલેજકક્ષાએ અભ્યાસક્રમોમાં આવેલું બંધિયારપણું દૂર કરવું જોઈએ અને નવા અભ્યાસક્રમો તાત્કાલિક ઘડવા જોઈએ જેમાં વ્યવહારુ ઉપયોગિતા અને મૂલ્યશિક્ષણને ખાસ આવરી લેવાં જોઈએ, કારણ કે આજે દિનપ્રતિદિન મૂલ્યોનું અધઃ, પતન થઈ રહ્યું છે. તેથી ઉચ્ચશિક્ષણમાં મૂલ્યશિક્ષણની ખૂબ આવશ્યકતા વધી ગઈ છે. આવા અભ્યાસક્રમને ઘડવામાં તજ્જ્ઞોની સેવા લેવાનું તેમજ નવા અભ્યાસક્રમ અમલી કરતાં પહેલાં તાલીમ-તંત્ર ગોઠવવામાં યુનિવર્સિટીઓ નિષ્ફળ ગઈ છે. માટે આ ખામી પણ સત્વરે દૂર કરવી જોઈએ.

આઝાદી પછી દેશના વિકાસ માટેની અનેક યોજનાઓ અમલમાં આવી. તેના દ્વારા દેશનો ભૌતિક વિકાસ તો થયો, પરંતુ જનસમૂહની કેળવણી અને લોકોના સર્વાંગીણ ચારિત્ર્યઘડતર માટે શિક્ષણમાં જે આમૂલ પરિવર્તન થવું જોઈએ તે થયું નથી. પરિણામે વર્તમાન સમયમાં આમજનતા તરફથી એવી ફરિયાદ સાંભળવા મળે છે કે આજનાં બાળકોમાં સુસંસ્કારોનો અભાવ જોવા મળે છે. આજે બાળકો અવળા રસ્તે જઈ રહ્યાં છે. ત્યારે આપણને જૂની કહેવત જરૂર યાદ આવે છે કે ‘ભણ્યા તો ખરા પણ ગણ્યા નહીં’ આજે આ કહેવત સાચી પડ્યાનો આપણને અહેસાસ પણ થાય છે. અને એ એટલા માટે કે આજે દરેક ક્ષેત્રે માનવમૂલ્યોનો હ્રાસ થઈ રહ્યો છે. સમાજમાં જ્યાં જોઈએ ત્યાં અશાંતિ, ગુનાખોરી, ભ્રષ્ટાચાર, હિંસા, કોમવાદ જેવી અનેક વિકટ સમસ્યાઓ આપણી સામે ઊભી થઈ છે. આ બધી વિકટ સમસ્યાનો કોઈ રામબાણ ઇલાજ હોય તો તે મૂલ્ય-શિક્ષણ છે. અર્થાત્ આપણી આ વિકટ સમસ્યાઓનું સમાધાન મૂલ્યશિક્ષણ દ્વારા જ થઈ શકે તેમ છે.

**મૂલ્યશિક્ષણ એટલે શું ?**

જે અપેક્ષિત છે તે મૂલ્ય છે. શિક્ષણ તો મૂલ્યલક્ષી હોય. મૂલ્યલક્ષી નથી તે શિક્ષણ નથી. મૂલ્યો વ્યક્તિના વર્તનમાં જોવા મળે છે. વર્તન ત્રણ ક્ષેત્રોમાં વિકાસ પામે છે : (૧) જ્ઞાન (અભિજ્ઞાનાત્મક ક્ષેત્ર), (૨) ભાવ (અભિભાવાત્મક ક્ષેત્ર), (૩) કર્મ (મનોગતાત્મક ક્ષેત્ર) દરેક ક્રિયા કે પ્રવૃત્તિ સાથે જ્ઞાન, ભાવ અને કર્મ અંતર્ગત ભાગ રૂપે સંકળાયલ હોય છે.

આપણને સૌને એવું લાગ્યા કરે છે કે હું જાણું છે એવું કરતો નથી. એ મારા જીવનની એક સમસ્યા છે. આ સમસ્યાઓનો કોઈ એકમાત્ર ઉકેલ હોય તો તે ભાવલક્ષી - મૂલ્યલક્ષી શિક્ષણ છે. ચરિત્રીકરણ સુધી પહોંચાય તો હું જાણું છું તે જ કરું છું એવી સદાચારની અવસ્થાનું નિર્માણ થાય છે. મૂલ્યો શીખવાય નહીં ઝિલાય. મૂલ્યલક્ષી શિક્ષણ માટે પાઠ્યક્રમને આધારે મૂલ્ય-બિન્દુઓં નક્કી કરવા. મૂલ્યો ઝિલાય તેવા અધ્યયન અનુભવો પૂરા પાડવા અને વિદ્યાર્થીઓમાં મૂલ્ય કેળવાયું કે કેમ ? તેનું મૂલ્યાંકન કરવું જોઈએ.

ભારતને સ્વતંત્ર થયે 70થી વધુ વર્ષનાં વહાણાં

વાયા છતાં આપણી શિક્ષણપ્રણાલી માનવીને સાચા અર્થમાં માનવી બનાવવામાં નિરર્થક ગઈ છે. આજની આપણી શિક્ષણપદ્ધતિએ એન્જિનિયર, ડૉક્ટર, વૈજ્ઞાનિક, શિક્ષક, રાજકીય નેતા બનાવ્યા. પરંતુ સાચા અર્થમાં માનવતાના દ્યોતક એવા માનવીની અપેક્ષા કરતાં ઘણા ઓછા તૈયાર કર્યા; પરિણામે શિક્ષણનો વ્યાપ વધવા છતાં રાષ્ટ્રનાં મૂલ્યોનું અધઃપતન થતું જોવા મળે છે. વર્તમાન સમાજ મૂલ્યોવિહોણો બની સંસ્કૃતિનો પરંપરા-મૂલ્યો છોડી ત્રિભેટે આવી ઊભો છે. આજના સમાજમાં આંતકવાદ, ભ્રષ્ટાચાર, કામચોરી, અરાજકતા જેવાં અનેક અનિષ્ટો વધતાં જોવા મળે છે. આવા અનૈતિકતાથી ખદબદતા સમાજમાં સાચા માણસની નૈતિક હિંમત કેટલી ટકે ? આજનો માનવી માનવીને જ રહેંસી નંખાવે છે. આજની બધી સમસ્યાના મૂળમાં મૂલ્યહ્રાસની સમસ્યા છે તેને દુર કરવા મૂલ્યશિક્ષણ ખુબ આવશ્યક બની ગયું છે.

આ બાબતે ઘણા સમયથી જરૂર જણાતાં નવી શિક્ષણનીતિમાં મૂલ્યલક્ષી શિક્ષણનો સમાવેશ કર્યો છે, તેને સુચારુ રીતે અમલમાં મૂકી વ્યક્તિ અને સમાજ મૂલ્યયુક્ત બને તેવી અપેક્ષા છે. કારણ કે મૂલ્યલક્ષી શિક્ષણનો ઉદ્દેશ, વ્યક્તિને એક જવાબદાર નાગરિક બનાવવાનો છે. જે બદલાતી પરિસ્થિતિમાં પોતાના પરિવાર, રાષ્ટ્ર અને સમગ્ર માનવજાત પ્રત્યે પોતાની વિવિધ જવાબદારીઓનું વહન ગૌરવપૂર્ણ રીતે કરી શકે. મૂલ્યલક્ષી શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં પ્રેમ, સહકાર, શાંતિ, સમાનતા, દયા, સ્વતંત્રતા, ભાઈચારો, સ્વચ્છતા જેવા મૌલિક ગુણોનો વિકાસ કરી શકે. રાષ્ટ્રીય ધ્યેયો પ્રત્યે તેઓને જાગૃત કરી તે ધ્યેયોને પરિપૂર્ણ કરવા અમૂલ્ય ફાળો આપશે. તેવી આશા સાથે ઉચ્ચશિક્ષણમાં કાર્યરત દરેક લોકો આ બાબતને સફળ બનાવવા પોતાનું યથાયોગ્ય પ્રદાન આપશે તો આપણને તેનું ચોક્કસ સારું પરિણામ મળશે જ.

**મનમાંથી ડર કાઢી નાખો, તો જીવન સુંદર બની જશે**

જીવનમાં પ્રારંભિક સમયમાં મારી દુનિયામાં માત્ર બે લોકો જ હતા. એક મારી મા અને બીજા મોટા ભાઈ. અમારો ખરાબ સમય ચાલતો હતો, કેમકે અમે એમની કૃપા પર ઉછરી રહ્યા હતા. શોની ટિકિટના બદલે જેમ-તેમ જીવન ગુજારવા મજબુર હતા. સિડની સ્કૂલ દરમિયાન સમય કાઢીને હું અખબાર વેચતો હતો અને તેનાથી અમારી જરૂરિયાતો પૂરી થતી ન હતી. જીવનમાં જે સૌથી ખરાબ વસ્તુની કલ્પના કરી શકું છું, તે સમૃદ્ધિ-આરામની લત છે.

માતા હાનાએ શીખવાડ્યું કે, પૈસા ન હોય તો કેવી રીતે મનોરંજન કરી શકાય છે. તેઓ બારીમાં બેસી જતાં અને સડકો પર પસાર થતા લોકોને જોતાં અને તેના આધારે તેમના ચરિત્ર, રંગ-રૂપ અને આચરણનું અનુમાન લગાવતા હતા. તેમના અંગે વાર્તાઓ સંભળાવતી, ક્યારેક તેમની નકલ પણ કરીને બતાવતી હતી. મેં મારી માતાની આ કુશળતાને આત્મસાત્ કરી લીધી. મારી માતાની આ પ્રતિભા અને તેમણે સંભળાવેલી વાર્તાઓ, જેના કારણે હું દુનિયાને આગળ જતા હસાવી શક્યો. મારું માનવું છે કે જીવન સુંદર હોઈ શકે છે, પરંતુ તમે તેનાથી ડરો નહીં. જરૂર માત્ર સાહસ અને કલ્પનાની છે અને ઓછા પૈસાની. જો તમે નીચે જોશો ક્યારેય પણ ઈન્દ્રધનુષ જોઈ શકશો નહીં. આ દુનિયામાં કશું કાયમી નથી, ત્યાં સુધી કે આપણી ચિંતાઓ પણ નહીં.

**- ચાર્લી ચેપલિનની આત્મકથામાંથી**

સઘળા મહાપુરુષોની મહત્તા, સફળતા અને કીર્તિનું મુખ્ય રહસ્ય એ છે કે, પોતાની સઘળી શક્તિઓને તેઓ એક જ બાબત પર એકાગ્ર કરતા તથા વાપરતા અને પોતાના લક્ષ્ય સિવાયની બીજી દરેક બાબત પોતાના મગજમાંથી હાંકી કાઢતા. **- અજ્ઞાત**

## ગુજરાતની અસ્મિતા :
## એક સમાજશાસ્ત્રીય રચના

– ડૉ. વિદ્યુત જોષી*

સમાન લક્ષણો ધરાવતા લોકો પોતાની જાતને એક સમૂહ કે જૂથ તરીકે ઓળખાવે છે અને બીજા સમૂહો કરતાં પોતાની અલગ અને આગવી ઓળખનાં પ્રતીકો ઊભાં કરે છે, ત્યારે જે તે જૂથની અસ્મિતા ઊભી થઈ તેમ કહેવાય છે. પોતાની અલગ બોલી કે ભાષા, અલગ રિવાજો, અલગ સંસ્થાઓ, અલગ પહેરવેશ, અલગ દર્શન, સાહિત્ય અને કલા, અલગ પૂજા-અર્ચના, અલગ જ્ઞાતિ કે કુળનામ, અલગ અટકથી માંડીને અલગ ટીલાં-ટપકાં કે અલગ સ્વાગતશબ્દ (જય માતાજી કે જય સ્વામિનારાયણ) સુધીનાં પ્રતીકો જે તે જૂથની અલગ ઓળખ સ્થાપવામાં મદદરૂપ બને છે. ચાર્લ્સ ફુલે નામના સમાજશાસ્ત્રીએ માનવીનાં ત્રણ પરિમાણો દર્શાવ્યાં છે. એક, જેમાં માનવી વિશિષ્ટ વ્યક્તિ છે, અન્ય કોઈના જેવો નથી. બે, માનવી કેટલીક બાબતોમાં અન્ય કેટલાક જેવો છે. ત્રણ, માનવ અન્ય તમામ માનવી જેવો છે. આમાં બીજી બાબત માનવીને જે તે જૂથ ઓળખ આપે છે. અસ્મિતા એ જૂથ ઓળખની રચના છે.

આવી અલગ જૂથ-ઓળખ બે સ્રોતોમાંથી ઉદ્ભવે છે, જન્મ અને પ્રાપ્તિ. જન્મદત્ત ઓળખમાં જ્ઞાતિ, કુટુંબ, ભાષાજૂથ, પ્રાદેશિક (કે રાષ્ટ્રીય) જૂથ વગેરે જન્મને લીધે પ્રાપ્ત થતી દરેક ઓળખનો સમાવેશ થાય છે. જ્યારે વ્યક્તિ પોતાની સિદ્ધિથી પણ અમુક જૂથ ઓળખ પ્રાપ્ત કરી શકે છે. વર્ગ, વ્યવસાય, મિલકત, શિક્ષણ, રહેણાક, સંસ્થા સભ્યપદ, રાજકીય હોદ્દો વગેરે ઓળખો આ પ્રકારમાં આવે. જન્મ અને સિદ્ધિની ઓળખો પરસ્પરથી તદ્દન વણસ્પર્શી નથી. બન્ને સાથે જઈ શકે છે. જન્મની ઓળખ પ્રમાણમાં વધુ સ્થિર અને આજન્મ મૃત્યુ હોઈ શકે છે, જ્યારે સિદ્ધીની ઓળખ અને ઓળખજૂથ બદલાય છે. કેટલેક અંશે જૂથ-પ્રયત્નોથી જન્મદત્ત ઓળખ જૂથ બીજા સામે વર્ચસ્વ મેળવી-ગુમાવી સમાજના કોટીક્રમમાં ઉપર કે નીચે જઈ શકે છે.

જૂથ જન્મદત્ત હોય કે સિદ્ધિદત્ત, જૂથઓળખ એક સામાજિક ઘડતર (સોશિયલ કન્સ્ટ્રક્ટ) છે. લોકો પોતાની એલગ ઓળખ સ્થાપિત કરવાની કોશિશ કરે ત્યારે જ અલગ ઓળખ સ્થાપિત થાય છે. એક સમય હતો કે ગુજરાતી ભાષા અને સાહિત્યનું મૂલ્ય ''શું શાં પૈસા ચાર'' હતું. વીર નર્મદે યાહોમ કરીને તથા 'ડાંડિયો' પીટીને ગુજરાતની અસ્મિતાનું ગાણું ગાયું, પછીથી 'જય જય ગરવી ગુજરાતવાળી અસ્મીતા પ્રસરવા લાગી. મારવાડ કે માળવાની અસ્મિતા આ રીતે પ્રસરી શકી નથી.

કોઈ પણ જૂથની ઓળખ કે અસ્મિતા પ્રસરવા માટે ચાર વાનાં જોઈએ : અમે-તમેની લાગણી, ઓળખ ચિહ્નો, નેતૃત્વ અને ઓળખપ્રભાવ. કોઈ એક જૂથના એટલે કે સમાન લક્ષણો ધરાવતા લોકોને પોતાનાં હિતો માટે અન્ય કોઈ જૂથ વિરોધી લાગે ત્યારે 'અમે લોકો' અને 'તે લોકો'ની ભાવના પ્રસરે છે. ગોરા-કાળા, દલિત-સવર્ણ, મરાઠી-બિન મરાઠી, મૂળ વતની-વસાહતી, આદિવાસી-બિનઆદિવાસી એવી ભાવના પ્રબળ થતી જાય છે. આમાં એક જૂથને પોતાનાં હિતો ઘવાવાની-અસંતોષની લાગણી પ્રબળ થતી જાય છે. તેમાં જો આ અસંતોષનો અગ્નિ ભડકાવે તેવો નેતા મળી જાય તો તે નેતાના નેતૃત્વ હેઠળ જે તે અસ્મિતા જૂથ સક્રિય કાર્યક્રમો આપતું થાય છે. નેતૃત્વ વિના અસ્મિતા સંગઠિત બની સક્રિય બનતી નથી. અસ્મિતાના નેતા દ્વારા અસંતોષનો અગ્નિ ભડકાવવાની વાત અસ્મિતાજૂથને અથવા 'અમે'જૂથને ગમી જાય છે, જ્યારે 'તમે'જૂથ તેનો વિરોધ કરે છે. અસ્મિતાજૂથ વ્યાપક સમાજમાં પોતાની અલગ ઓળખ સ્થાપિત કરવા વિવિધ પ્રતીકો પ્રયોજે છે. અને આ પ્રતીકોનો પ્રભાવ (ઍસર્શન) પડે અને તે પ્રભાવ દ્વારા પોતાનાં હિતો સિદ્ધ થાય તેવા કાર્યક્રમો પણ આપે છે.

* પૂર્વ કુલપતિ, મહારાજા કૃષ્ણકુમારસિંહ યુનિવર્સિટી, ભાવનગર અને જાણીતા સમાજશાસ્ત્રી.

વ્યાપક સામાજિક સંદર્ભ વિના અસ્મિતાની વાતને સમજી ન શકાય. જે તે અસ્મિતાજૂથનું સ્થાન વ્યાપક સમાજમાં અને સમાજના કોટીક્રમમાં ક્યાં છે તે સમજવું પડે. સમાજના કોટીક્રમમાં ઉચ્ચ ક્રમે રહેલું અને આધિપત્ય ધરાવતું જૂથ અસ્મિતાની દુહાઈ દઈને ઉપવર્ગોને દાબવાની કોશિશ કરે તે વાત કોટીક્રમમાં નીચે રહેલું જૂથ સામાજિક ન્યાય મેળવવા માટે અસ્મિતાનો ઉપયોગ કરે તે વાત કરતાં જુદી રીતે જોવી પડે. વિકાસ માટેની જે નીતિઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે અપનાવવામાં આવી છે તેમાં બધાં જ જૂથોને વિકાસનો લાભ મળે તે માટે આધિપત્ય ધરાવતાં જૂથોના અસ્મિતાના પ્રભાવનને ઉપવર્ગના અસ્મિતાના પ્રભાવન જેટલું મહત્ત્વ આપવામાં આવતું નથી. આધિપત્ય ધરાવનારાં જૂથો જાતે જ સક્ષમ છે, તેમને રાજ્યના ટેકાની કે કાર્યક્રમોની જરૂર નથી.

સામાજિક સંદર્ભમાં અસ્મિતાને બીજી રીતે જોઈએ તો સ્થળ-કાળ મુજબ અસ્મિતા અને અસ્મિતાજૂથ બદલાતાં રહે છે. હવે ગુજરાતી અસ્મિતાનો સવાલ નથી. તે પ્રસ્થાપિત થઈ ચૂકી છે. ગુજરાતમાં વિવિધ જૂથોની અસ્મિતાની વાત બદલાતા સંદર્ભોમાં જોઈએ. અહીં જે તે જ્ઞાતિ કે કોમનો ઉલ્લેખ સમજૂતી માટે જ કર્યો છે.

સુરતમાં ઘરકામ કરતી આદિજાતિની યુવતીને સવર્ણ શેઠાણીએ 'દૂબળી' કહીને સંબોધી ત્યારે વિરોધ કરતાં કામવાળીએ કહ્યું, 'અમે તો 'રાઠોડ' છીએ. તો પછી દૂબળા કોણ ?' તેવો પ્રશ્ન શેઠાણીએ કરતાં કામવાળીએ જવાબ આપ્યો, 'ખેતમજૂરી કરે તે દૂબળા.' કોઈ એક જ્ઞાતિજૂથનો વ્યવસાય બદલાય, રહેણાક બદલાય, જીવનશૈલી બદલાય ત્યારે તેઓ નવી અસ્મિતા અથવા ઓળખ ધારણ કરે છે. અને જૂની ઓળખને ભૂલી જવા માગે છે. ખાસ કરીને, ભારતીય સંદર્ભમાં બિનસવર્ણ જ્ઞાતિઓ વિકાસ કરે ત્યારે મુખ્યધારાવાળા સવર્ણને નીચા બતાવવા જૂની ઓળખની યાદ અપાવતા હોય છે. ગુજરાતના સમાજકારણમાં આવા દાખલા શોધવા જવા પડે તેવું નથી. આ દાખલાની વાત કરીએ છીએ ત્યારે જે તે જ્ઞાતિની બદલાતી ઓળખ દર્શાવવાનો જ ઇરાદો છે, કોઈનું અપમાન કરવાનો ઇરાદો નથી. આજે જેને આપણે 'આદિવાસી' અથવા અનુસૂચિત જનજાતિ કહીએ છીએ તે લોકોને ભૂતકાળમાં 'નરડાં', 'રાનીપરજ' વગેરે ઓળખો અપાઈ હતી, પછી બંધારણ દ્વારા 'અનુસૂચિત જનજાતિ' કહેવાયા. આજે આ નામ પણ તેમને મંજૂર નથી. તેઓ પોતાને 'મૂળ નિવાસીઓ' અથવા 'પ્રથમ નિવાસીઓ' તરીકે ઓળખાવવા માગે છે.

આજે જેને આપણે 'પટેલ' તરીકે ઓળખીએ છીએ તે જ્ઞાતિસમૂહ ભૂતકાળમાં 'કણબી' તરીકે ઓળખાતો હતો, પછી 'પાટીદાર' તરીકે ઓળખાતો થયો છે. રજપૂતોમાં શરૂઆતમાં 'વજાજી', 'જેસાજી', 'કુંભાજી' વગેરે નામો હતો. હવે વજેસિંહજી, જસવંતસિંહજી કુંભદેવસિંહજી એવાં નામો થયાં. પૂર્વ સમાજકલ્યાણ નિયામક જયંત મુલકાણે 'વાઘરીઝ ઑફ ગુજરાત' પર પુસ્તિકા બહાર પાડી હતી. આજે, વિધાનસભાના ઠરાવ અનુસાર આ જ્ઞાતિજૂથને 'દેવીપૂજક' તરીકે ઓળખવામાં આવે છે. બ્રાહ્મણોમાંથી કેટલાક ગામ છોડી નગરના વહીવટમાં આવ્યા અને પોતાને 'નાગર' તરીકે ઓળખાવી 'અમે બ્રાહ્મણ નથી, નાગર છીએ' તેમ કહેતા. શ્રીનિવાસે આ બદલાતી ઓળખની ઊર્ધ્વ ગતીશીલતા પામી, નવી ઓળખ મેળવી, જૂની ઓળખને નકારે છે. આવા વખતે જો કોઈ તમને જૂની ઓળખ યાદ અપાવે તો એમની 'લાગણી ઘવાય' છે, જેથી તંગદિલી સર્જાય છે.

આ વાતનો સંદર્ભ છે એક નાટ્યકૃતિ જેનું લેખકે આપેલું શીર્ષક છે 'ઢેઢના ઢેઢ ભંગી.' આપણા મૂર્ધ કવિ-સાહિત્યકાર સદ્ગત ઉમાશંકર જોશીના નાટ્યસંગ્રહ 'સાપના ભારા'માં આ નાટકનો સમાવેશ થાય છે. ('સાપના ભારા' શબ્દ હજી કોઈની નજરે નથી ચડ્યો, નહીં તો મહિલા કર્મશીલો વિરોધ નોંધાવે.) અન્ય કોઈ સંદર્ભ હોત તો આને દલિતેતર દ્વારા લખાયેલ દલિત નાટકની સારી કૃતિ ગણી શકાઈ હોત. આ નાટકનો સમાવેશ ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સ્નાતકના ગુજરાતી સાહિત્યના અભ્યાસક્રમમાં ઘણા વખતથી હતો.

આ પુસ્તકનાં દસ જેટલાં પુનર્મુદ્રણો થયાં છે. હમણાં કોઈક દલિત આગેવાનના ધ્યાનમાં આ વાત આવતાં 'ઢેઢ' અને 'ભંગી' શબ્દો સામે અને તેથી કરીને કૃતિ સામે વિરોધ નોંધાયો છે.

આ વાતનો ઐતિહાસિક સંદર્ભ ન જોઈએ તો સમસ્યાની યોગ્ય સમજૂતી મેળવી શકાતી નથી. હિન્દુ સમાજવ્યવસ્થાના ચતુર્વર્ણમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રમાં શારીરિક શ્રમ સાથે સંકળાયેલા લોકો શૂદ્રો ગણાતા. આગળ જતાં પવિત્ર-અપવિત્રના ખ્યાલ મુજબ અપવિત્ર શારીરિક મહેનતનાં કામો સાથે સંકળાયેલા સમૂહો 'અસ્પૃશ્ય' અથવા અતિશૂદ્ર ગણાવા લાગ્યા. જેમ સવર્ણોમાં આભડ છેટ છે તેમ દલિતોમાં પણ હતી. આ જ વાતને નાટ્ય સ્વરૂપે સદ્‌ગત ઉમાશંકર જોશીએ કહી હતી.

ભારતની મુખ્ય બાર એવી અનુસૂચિત જાતિઓ પણ, અન્ય લોકોની જેમ અનેક જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓમાં વહેંચાયેલી જોવા મળે છે. આ તમામ લોકો મુખ્યત્વે તેમના 'અપવિત્ર' ગણાવાયેલા વ્યવસાયને કારણે અસ્પૃશ્ય ગણાતા અને ઇતિહાસ એમ કહે છે કે ચતુર્વર્ણના લોકોમાંથી જ કેટલાક આવી રીતે પછાતપણામાં સરી પડ્યા અને પંચમ વર્ણ અથવા અતિશુદ્ર તરીકે ઓળખાવા લાગ્યા તેઓ વણકર કામ સાથે સંકળાયેલા હતા. વણવાના કામમાં કાંજીનો ઉપયોગ થતો. 'મનુસ્મૃતિમાં ખેડ (કાંજી) ને અપવિત્ર ગણવામાં આવી છે... વણકર આ ખેડનો ઉપયોગ કરી કાપડ વણતો. કદાચ આ ખેડના ઉપયોગે વણકરને અસ્પૃશ્ય જાતિઓમાં ધકેલી દીધો હશે. અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓમાં વણકરો અને હવે જે પોતાને 'ગરુ બ્રાહ્મણો' તરીકે ઓળખાવે છે તે ઉચ્ચ ગણાતા. આ કોટિક્રમમાં સૌથી નીચે જેને એ જમાનામાં 'ભંગી' કહેવાતા અને આજે જેમને 'વાલ્મીકિ' તરીકે ઓળખવામાં આવે છે તે લોકો હતા. એ જમાનામાં વાલ્મીકિ લોકોનું કામ ગામસફાઈનું હતું. માનવમળ માથે ઊંચકીને સાફ કરવો પડે તેવું હતું. (સફાઈ કામદારોમાં બહુમતી ધરાવતા વાલ્મીકિઓની સ્થિતિ આજે પણ ખાસ સુધરી નથી.) ગામની ગંદકી સાફ કરી ગામને ચોખ્ખું અને પવિત્ર રાખનાર પોતે અપવિત્ર ગણાય તે હિન્દુ ધર્મવ્યવસ્થા અને સમાજ-વ્યવસ્થાનું કલંક છે. વાલ્મીકે તો એ જમાનામાં અસ્પૃશ્યોમાં પણ અસ્પૃશ્ય મનાતા હતા. આ ભૂતપૂર્વ અસ્પૃશ્ય જ્ઞાતિઓની સ્થિતિ, માનવઅધિકારમાં માનનાર કોઈ પણ વ્યક્તિને બળવો કરવાનું મન થઈ આવે તેવી હતી. આ લોકોને મુખ્ય ગામની બહાર વસાવવામાં આવતા હતા. ગામની સફાઈ કરવાનું, ગંદકી અને મરેલાં પશુ ઊંચકી જવાનું, મૃતદેહને દાહ દેવાનું વગેરે કામ તેઓ કરતા. મૃતદેહ પાછળ નખાયેલાં વસ્ત્રો જ પહેરી શકતા. માંથે ટોપી કે સાફો ન પહેરી શકાય. સ્ત્રીઓ દાગીના કે કમર ઉપરનાં વસ્ત્રો ન પહેરી શકતી. સવર્ણોનું વધેલું અનાજ માગીને ખાતા. મડદાલ પણ ખાતા.

શિક્ષણ અને વિકાસથી આજે બદલાવ આવ્યો છે. હવે તેઓ જૂના 'ઢેઢ' અને 'ભંગી' નથી. અસ્પૃશ્ય તરીકેની ઓળખ ગેરબંધારણીય છે. તેમની વચ્ચે રહી તેમના માટે કામ કરનાર ગાંધી અને ગાંધીજનોએ તેમને 'હરિજન' તરીકેની નરસિંહ મહેતાવાળી ઓળખ આપી હતી, પરંતુ તે ઓળખમાં પણ વાસ્તવિકતા ન હોઈ તેમને અમાન્ય રહી. ૧૯૬૦ પછી ધીમે ધીમે 'દલિત' તરીકેની ઓળખ ઊભી થઈ. ૧૯૮૦ પછી ગુજરાતમાં શરૂ થયેલ દલિત સાહિત્યે આ ઓળખને મજબૂત બનાવી. આજે બંધારણ મુજબ અસ્પૃશ્યતા નાબૂદ થઈ હોવાથી અસ્પૃશ્યતાની યાદ અપાવે તેવાં કોઈ નામોની ઓળખ કહી શકાય. 'ઢેઢ' અને 'ભંગી' ન કહી શકાય. સાહિત્ય પણ સમયના સંદર્ભમાં પાબંદ છે એવું બને કે આજે જે પોતાની જાતને દલિતો તરીકે ઓળખાવે છે તેવા લોકોનાં સંતાનો ભવિષ્યમાં ઉદ્યોગપતિ બને, મુખ્ય સચિવ બને, મુખ્ય ન્યાયમૂર્તિ બને, વ્યવસ્થાના ધુરંધરો બને ત્યારે 'દલિત' નામની ઓળખ તેમને મંજૂર ન હોય તો મહાજન, શેઠ કે એવી કોઈ ઓળખ સ્વીકારે અને આજના દલિત સાહિત્યમાં નિરૂપાયેલી જોસેફ મેકવાનની વીતક

કથા કે નીરવ પટેલની કવિતાનો, પોતાની નવી અસ્મિતાને આગળ ધરીને વિરોધ કરે. સમય બદલાય તેમ સાહિત્ય બદલાય, ઓળખ બદલાય. ઉચ્ચશિક્ષણમાં ભણતા દલિત વિદ્યાર્થી અને બિનદલિત વિદ્યાર્થી વચ્ચે આજે તો કોઈ ભેદ દેખાતો નથી.

સાહિત્ય સમાજનો અરીસો હોવાથી અસ્મિતાનુ દર્શન ત્યાં પ્રથમ થાય છે. રાજકારણમાં અને અર્થકારણમાં પણ જેમ વ્યાપક સામાજિક સંદર્ભો બદલાય તેમ અસ્મિતાના ઉભરાઓ બદલાય છે. પોતાની જૂથ અસ્મિતા અથવા જૂથઓળખ થકી પોતાનાં રાજકીય અને આર્થિક હિતો સંતોષવાનો પ્રયાસ વિવિધ લોકો કરે છે. જે રાજકીય પક્ષ બદલાતી અસ્મિતા-સ્થિતિ સાથે મેળ પાડી શકે તે સત્તા મેળવવામાં આગળ રહે. જ્ઞાતિ-કોમ ઓળખ હજી કામ કરે છે અને વર્ગ અથવા પ્રાપ્તિની ઓળખ ઊભરી રહી છે તેવા સમાજમાં રાજકારણ જ્ઞાતિ-કોમ પર રચાય તે સ્વાભાવિક છે.

સાત વર્ષ પહેલાં કેશુભાઈની વિદાય અને નમોનું આગમન વ્યક્તિગત ઘટના નહોતી. ભાજપની જ્ઞાતિગત સામાજિક પાયો બદલવાની કોશિશ હતી. પહેલાં બ્રાહ્મણ-વાણિયા અને પછી પટેલોથી છવાયેલ ગુજરાતનાં રાજકારણમાં પાયો મર્યાદિત હતો. (બ્રાહ્મણ-વાણિયા છ ટકા, પાટીદાર તેર ટકા) તેની જગ્યાએ અન્ય પછાતો ચાલીસ ટકા જેટલા હતા. નમો અન્ય પછાતોનું પ્રતિનિધિત્વ કરે છે. પાટીદારોની સત્તા જતાં તેઓ બળવાખોર બન્યા. પરંતુ અન્ય પછાતોમાં પાટીદાર આધિપત્ય સામે રોષ હતો. વળી (વાણિયાની જેમ) હવે કેટલાક સુજ્ઞ પાટીદારો પણ સમજી ગયા હતા કે તેમણે મેળવેલ આર્થિક વર્ચસ્વ ટકાવવા બળવાની જરૂર નથી. પાટીદારો ઉચ્ચ શિક્ષણસંસ્થાઓ, યુનિવર્સિટીઓ, ઉદ્યોગો, સનદી નોકરીઓ વગેરેમાં અન્ય સંસ્થાઓ રચી વર્ચસ્વ ધરાવી શકે છે. તેમણે હવે જ્ઞાતિરાજકારણને ટેકો નહીં આપવો. એટલે કે જ્યાં સુધી રાજકારણને લાગેવળગે છે ત્યાં સુધી પાટીદાર જ્ઞાતિવાદ તૂટી રહ્યો છે. પરંતુ ટ્રસ્ટોની, કંપનીઓની કે અન્ય સંસ્થાકીય માળખાઓની રચનામાં આ પાટીદાર જ્ઞાતિવાદ ટકી રહ્યો છે. બળવાખોરોમાં નેવું ટકા પાટીદારો હતા. જો તેમને ટેકો મળ્યો હોત તો સૌરાષ્ટ્ર-કચ્છની ૫૮ બેઠકોમાંથી ૩૫ કૉંગ્રેસને અને ૨૩ ભાજપને આવી હોત. (સર્વેવાળાઓએ અને ચૂંટણી વિશ્લેષકોએ આવું કહ્યું હતું.) પરંતુ સામી દીવાલ પરનું લખાણ વાંચવામાં ભાજપને સફળતા મળી, કૉંગ્રેસે ભૂલ કરી. આ પાટીદાર વ્યાપારી-ઉદ્યોગપતિઓ, જે આજે રાજકારણમાં જ્ઞાતિવાદી નથી અને આર્થિક હિતોમાં છે, તે આવતી પેઢીએ આર્થિક હિતોમાં જ્ઞાતિ-કુટુંબવાદની ના પાડી કૉર્પોરેટાઇઝેશન અને પ્રોફેશનલ મૅનેજમેન્ટની વાત કરશે. આમ જીવનનાં કેટલાંક પાસામાં વર્ગ અને કેટલાકમાં જ્ઞાતિનાં સમીકરણો કામ કરે તેને જ્ઞાર્ગ (જ્ઞાતિ + વર્ગ) અથવા તો ક્લાસ્ટ (ક્લાસ + હાસ્ટ) કહેવાય. ગુજરાતનો સમાજ હવે જ્ઞાર્ગ સમાજ થયો છે. આ માત્ર જ્ઞાતિમાં સ્તરીકરણ નથી, જ્ઞાતિની ઉપરવટ જઈને વર્ગ પણ ઊભર્યો છે તેની પ્રતીતિ છે.

જ્યારે આવો જ્ઞાર્ગ સમાજ ઊભરે ત્યારે જ્ઞાતિ (કે કોમ કે ધર્મ) ઓળખ તથા વર્ગઓળખ બન્ને સાથે ચાલે. જન્મદત્ત દરજ્જાનાં (સામાજિક) જૂથો તથા પ્રાપ્ત દરજ્જાનાં (આર્થિક) જૂથો બન્ને સાથે ચાલે. સરેરાશ ગુજરાતી આવા દ્વૈત સમાજમાં રહે છે. બેવડી ઓળખમાં રહે છે. વર્ગસમાજ અને તેથી કરીને બિનસાંપ્રદાયિક (સેક્યુલર) સમાજ હજી ઊભર્યો નથી. આથી માત્ર બિનસાંપ્રદાયિકતાનાં સૂત્રો માત્ર એક નાનકડી કર્મશીલ-વિનીત શ્રેણીને અસર કરે, વ્યાપક સમાજને નહીં.

સર્વે કરવાવાળાને જે માહિતી મળી. તેમાં ચાલીસ ટકા લોકોએ કોઈ પ્રતિભાવ-પ્રતિબદ્ધતા આપ્યાં નહોતાં. તેના બે અર્થો થાય. લોકો પોતાને ક્યાં તો કોમ-જ્ઞાતિવાદી અથવા વર્ગીય-બિનસાંપ્રદાયિક એવી રીતે જોવા માગતા નહોતા, લોકોને જો આ બે હો ને ધ્રુવ વચ્ચેની શ્રેણી આપી હોત તે કદાચ તેમાં પસંદગી દાખનાર પણ કેટલાક નીકળ્યા હોત. સર્વેવાળા આ ચાલીસ ટકા પ્રતિભાવથી મૂંઝાયા અને પદ્ધતિ મુજબ બન્ને બાજુ વીસ વીસ ટકા ફાળવી દીધા. આ ભૂલ હતી

છેલ્લી ચૂંટણી મુજબ પ્રો રેટા ફાળવ્યા હોત તો વધુ સારું ચિત્ર મળ્યું હોત.

ગુજરાતમાં જૂનો વ્યાપારી વર્ગ (મહાજન) ૧૯૮૦ પછી ગુજરાતમાં ઉદ્ભવેલા નવા વ્યાપારી અને ઉદ્યોગ. સાહસિક વર્ગથી જુદાં મૂલ્યો ધરાવે છે. આ વાત ઝીણું કાંતવા જેવી છે. જૂનો મહાજનવર્ગ ઉદાર, સખાવતી, જીવદયાવાળો અને કોથળીમાં પાંચશેરી રાખીને (આડકતરી રીતે) મારનારો હતો, નવો ધનિક વર્ગ બિનઉદાર, બિનસખાવતી, હિંસામાં માનનાર, સીધી રીતે મારનાર તથા પોતાને માટે પૈસા વાપરનાર છે. જૂના મહાજન વર્ગમાં સાધ્ય-સાધન વચ્ચે ઓછું અંતર હતું. નવા ઊભરેલા ઉદ્યોગસાહસિક વર્ગને સાધન શુદ્ધિનો છોછ નથી. આ નવાં (પ્રૉટેસ્ટન્ટ) મૂલ્યો ગુજરાતમાં જલદી પ્રવેશતાં જાય છે. ભાજપ આ નવી વર્ગઓળખ સાથે પણ તાલમેળ સાધી શક્યો છે.

ગુજરાતનો વ્યાપક સમાજ ૧૯૯૦ પછી ઝડપથી બદલાતો જાય છે. પહેલાં ગુજરાતી અસ્મિતાની છાપ વેપારી, પ્રવાસી, શાંતિભાઈ, દાળભાતિયા, સખાવતી અને ઉદાર તરીકેની હતી. નવો ગુજરાતી થોડો ઓછો ઉદાર, થોડોક ઉડાઉ, સારો સાહસિક (માત્ર વેપારી નહીં), સારો રોકાણકાર, સાધનશુદ્ધિના છોછ વિનાનો, લોન લઈ યુવાન વયે મકાન ખરીદનારો, ચા-પાણી ઉપરાંતનાં પીણાં માટે છોછ વિનાનો, નવી ઓળખ માટે કોઈ સંપ્રદાયમાં ચુસ્તપણે માનનારો, પોતાની વાત કહેવામાં તોછડો દેખાય એટલી હદે ઓછો ઉદાર, તથા છોકરાંને અંગ્રેજી માધ્યમમાં ભણાવી, ટ્યૂશન રખાવી 'કરિયર' તરફ દોરી જનાર છે.

'ગુજરાતી' અથવા 'ગુજરાતની અસ્મિતાની ૧૯૯૦ પછી બદલાતી જતી છાપના પ્રતીકો અથવા માનાંકો તરીકે પહેરવેશ, ખાનપાન, ઉત્સવો, સાહિત્ય, કલા, મૂલ્યવ્યવસ્થા, ભાષા, નાગરિક સમાજનું સ્વરૂપ, નાગરિક સંસ્થાઓ વગેરે અનેક બાબતો લઈને સમાજશાસ્ત્રીઓ અભ્યાસ કરી શકે. 'ડાયસ્પોરા'ના અભ્યાસ તરફ વધતું જતું વલણ અસ્મિતાના અભ્યાસનો એક ભાગ જ છે. પરંતુ આ અભ્યાસો સ્વનામધન્યા કે વખાણ કરનાર (યુલોજાઇઝિંગ) ન હોય તો જ સાચો ખ્યાલ આવે. અસ્મિતાના એક માનાંક તરીકે ગુજરાતી ભાષા અને અસ્મિતાના કપરા કાળના એક કિસ્સા તરીકે અહીં રજૂઆત કરી છે.

ગુજરાતી ભાષા અને અસ્મિતાનો કપરો કાળ ચાલી રહ્યો છે ? આમ જોતાં ગુજરાત અને ગુજરાતીની અસ્મિતા અથવા ઓળખનો ઇતિહાસ બહુ લાંબો નથી. હજી 'સિદ્ધહેમ' વ્યાકરણગ્રંથના આધારે ઉદ્ભવેલ ગુજરાતી ભાષાને કાળની ગર્તામાં બહુ સદીઓ થઈ નથી. ભાષાવાર પ્રાંતરચના પછી 'ગુજરાત' રાજ્યના અસ્તિત્વને હજી વનપ્રવેશ મળ્યો નથી. કેવી છાપ હતી ગુજરાતી ભાષાની ? કવિ કહે છે,

''અબે તબેકા સોલહી આના,
અઠે કઠે બાર,
આઠહી આના ઈકડં તીકડં,
શું શાં પૈસા ચાર''.

હિન્દીનો ભાવ સોળ આના, બીજી ભાષાઓ પણ આગળ, ગુજરાતીનો ભાવ માત્ર ચાર પૈસા, એટલે કે એક આનો અથવા રૂપિયાનો સોળમો ભાગ. કેવી હતી ગુજરાતીની છાપ ? ગભરુ, ભીરુ, દાળભાતિયા, ઝઘડો ટાળનારા, પતાવટ કરનારા, વેપારી, શાંતિભાઈ, ગુજ્જુભાઈ વગેરે છાપો અને નામોથી ગુજરાતીઓ ઓળખાતા હતા. આ પ્રજાને પોતાના ઇતિહાસનું કે અસ્મિતાનું ગૌરવ નહોતુ. ઇતિહાસ અને સંસ્કૃતિના નામે અહીં બારી દરવાજા જ પૂજાયા છે. સમગ્ર ભારતમાં બ્રિટિશ શાસનકાળ દરમિયાન ચાલેલી સમાજસુધારા ચળવળનું એક સ્વર્ણિમ પ્રકરણ ગુજરાતનું પણ છે. પરંતુ બંગાળી કે મરાઠી પ્રજાને પોતાના સમાજસુધારાનું જેટલું ગૌરવ છે, એટલું ગુજરાતીઓને નથી. આથી તો ગુજરાતનાં ઇતિહાસ, સંસ્કૃતિ અને સમાજશાસ્ત્રના અભ્યાસોમાં આ વાતો ભણાવાતી નથી.

ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરવાના પ્રયત્નો નર્મદ (જય જય ગરવી ગુજરાત), કવિ ખબરદાર,

ક.મા. મુનશીથી માંડીને ઉમાશંકર જોષી સુધીના સાહિત્યકારોએ કર્યા છે. વળી ભલું થજો ભાષાવાર પ્રાંતરચનાનું કે જેના થકી ગુજરાતનું રાજ્ય રચાયું અને ગુજરાતી ભાષા વહીવટ અને શિક્ષણનાં માધ્યમ તરીકે સત્તાવાર ભાષા બની. ગુજરાતી ભાષાના વહીવટી કોશ તથા અન્ય વિદ્યાકીય કોશોની રચના થઈ. આ વાત એટલા માટે કરવી પડે છે કે ગુજરાત રાજ્યની રચના થઈ ત્યારે કયા વિસ્તારો ગુજરાતીભાષી ગણાય અને તેથી કરીને ગુજરાતમાં ભળવા જોઈએ તેના અનેક વિવાદો ઊભા થયા હતા. ડાંગની ભાષા ગુજરાતી કે મરાઠી તેવો વિવાદ ચાલ્યો હતો, છેવટે એવી સમજૂતી થઈ કે ડાંગની બોલી ડાંગી છે, જે ગુજરાતીની નજીક છે, માટે ડાંગ ગુજરાતનો ભાગ બન્યું. દીવ અને દાદરાનગર હવેલીના વિસ્તારોની ભાષા તો મુખ્ય ધારાની ગુજરાતી છે, છતાં ગુજરાત રાજ્યની રચના થઈ ત્યારે આ વિસ્તારોને ગુજરાતમાં ભેળવાયા નહીં. એવી જ રીતે આબુ પર્વત નજીકના વિસ્તારો તથા મધ્યપ્રદેશના ઝાબુઆના ભીલોની ભાષા, હિન્દી કરતાં મુખ્ય ધારાની ગુજરાતી ભાષાની વિશેષ નજીક હતી. તેમ છતાં આ વિસ્તારોને ગુજરાતમાં ભેળવવામાં આવ્યા નહોતા.

ગુજરાત રાજ્યની રચના પછી ગુજરાતી ભાષા અને તેના થકી ઉમાશંકરે જેને 'ગુજરાતીતા' કહી તેને ઉજાગર કરવાના વ્યક્તિગત અને સંસ્થાકીય પ્રયાસો ઘણા થયા. રાજ્યમાં ભાષાનિયામકની કચેરી ઊભી કરવામાં આવી જેણે વહીવટમાં ગુજરાતી વ્યાપી રહે તે માટે પ્રયાસો કર્યા. મને સ્મરણ થાય છે એક ભાષા નિયામક શ્રી કાલિદાસ ત્રિવેદીનું. તેમનું સમગ્ર અસ્તિત્વ ગુજરાતી ભાષામય બની ગયું હતું. શિક્ષણકાર મગનભાઈ દેસાઈએ ઉન્નતભ્રૂ વર્ગની અલોચના વહોરીને પણ ઉચ્ચ શિક્ષણમાં ગુજરાતી પ્રવર્તાવવાના જે પ્રયાસો કર્યા તેને પરિણામે ગુજરાતી માધ્યમને લોકો મગન માધ્યમના નામે ઓળખવા લાગ્યા. સંસ્થાકીય રીતે શાળા માટે પાઠ્યપુસ્તકમંડળ અને કૉલેજ માટે યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ સતત કામગીરી કરીને વિશ્વનાં જ્ઞાનને ગુજરાતીમાં ઉતારવાના પ્રયાસો કર્યા. કચ્છના લોકો, આદિવાસીઓ અને દૂરના વિસ્તારોના લોકોની અલગ બોલીઓ હતી. કંઈક અંશે માત્ર સ્થાનિક વાતચીતમાં આ લોકો પોતાની બોલીનો ઉપયોગ કરે છે, પરંતુ વ્યાપક ગુજરાતી સમાજના ભાગ તરીકે આ લોકો પણ ગુજરાતી ભાષા જ પ્રયોજે છે. ગુજરાતમાં છેલ્લાં ચાલીસ વર્ષમાં બે પેઢીઓ એવી ઊછરી જે પોતાનો બધો જ વ્યવહાર ગુજરાતીમાં ચલાવે છે, જેમને થેંક્યુ અને સોરીથી આગળ અંગ્રેજી બોલતાં આવડતું નથી. ઉચ્ચ શિક્ષણમાં પણ તબીબી અને ઇજનેરી વિદ્યાશાખાને બાદ કરતાં માધ્યમ તો, ગુજરાતી જ રહ્યું.

ગુજરાતી ભાષા અને તેના થકી ગુજરાતની અસ્મિતાના વિકાસનો ઇતિહાસ આ રીતે લખાયો નથી ગુજરાતી ભાષાને આપણે ગુજરાતી સાહિત્યના અધ્યાપકોને સહારે છોડી દીધી છે. આ અધ્યાપકો અને સાહિત્યકારો સાહિત્યથી આગળ જઈને ગુજરાતી ભાષાનો વિચાર કરતા નથી. ઇતિહાસકારો, સમાજવિજ્ઞાનીઓ ભાષાને પોતાનો વિષય સમજતા નથી, તેથી તેમનાં લખાણ અને અધ્યાપનમાં ભાષાની વાત આવતી નથી.

પરંતુ ભાષાના આ સંદર્ભો એકવીસમી સદીમાં બદલાય છે. ઉમાશંકરે કહ્યું હતું, 'એ તે કેવો ગુજરાતી, જેહો કેવળ ગુજરાતી ?' આ વાત જુદા સંદર્ભે સાચી પડી રહી છે. હવે કાલિદાસ ત્રિવેદી કે મગનભાઈ દેસાઈ જેવા ભાષાનું મિશન લઈને બેસેલા લોકો નથી. ગુજરાતની પ્રજાની તાસીર બદલાતી જાય છે. હવે તે દાળભાતિયા-અહિંસક-શાંતિભાઈ ગુજરાતી નથી. આ ગાંધીનું ગુજરાત હવે નથી. હવેનો ગુજરાતી ડેશિંગ, સાધનશુદ્ધિમાં ન માનનારો, કોઈ પણ ભોગે સફળ થવા માગતો 'વિશ્વ ગુજરાતી' છે. તેને હવે ગુજરાતી ભાષાના કૂવામાં છલછબિયાં નથી કરવાં. તેને અંગ્રેજીનો સાગરપટ ખેડવો છે. છેલ્લાં આઠદસ વર્ષથી ગુજરાતની પ્રજાની બદલાયેલી તાસિર તેની ભાષા અને ભાષાપ્રયોજ થકી વ્યક્ત થાય છે. વસ્તીગણતરીના આંકડાઓ બતાવે છે કે સમગ્ર ભારતમાં ગુજરાતીને માતૃભાષા ગણાવતા હોય

તેવા લોકોની ટકાવારી ઘટી રહી છે. અંગ્રેજી માધ્યમમાં ભણવા માટેનો એક 'મૅડ રશ' દેખાય છે. છાપામાં જાહેરખબર આવે છે, ''અમારી શાળામાં ગુજરાતી માધ્યમ ઉપરાંત અંગેજી મીડિયમના વર્ગો પણ શરૂ કર્યા છે. સી.એન. દીવાન બલ્લુભાઈ, શારદામંદિર કે સાધના જેવી અત્યારસુધી ગુજરાતી માધ્યમમાં ભણાવતી શાળાઓને ટકી રહેવા માટે સમાંતર અંગ્રેજી માધ્યમ શરૂ કરવું પડ્યું છે. પાઠ્યપુસ્તક મંડળના કામ સામે પ્રશ્નો થવા લાગ્યા છે તો યુનિવર્સિટી ગ્રંથ. નિર્માણ બોર્ડ છેલ્લાં પાંચેક વર્ષથી મરણપથારીએ છે. સરકારહસ્તક એવી ગુજરાતી અસ્મિતાને ઉજાગર કરતી સંસ્થાઓની આ હાલત છે. તો બીજી બાજુ સરકાર ખુદ અંગ્રેજી ભાષાના પ્રસારણ માટે સંસ્થાઓ ખોલે છે. ગુજરાત યુનિવર્સિટી અને એવી ઘણી સ્ટેચ્યુટરી યુનિવર્સિટીઓમાંથી શિક્ષણમાં માધ્યમ તરીકે ગુજરાતી ભાષા પાછી પડવા માંડી છે. ગુજરાતનાં બજારોમાં, મંડીમાં, હોટલોમાં, રેલવે સ્ટેશન પર હવે હિન્દી ભાષા બોલાવા લાગી છે. સચિવાલયની કે બિઝનેસની ઉચ્ચ મિટિંગમાં હવે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન અંગ્રેજીમાં થાય છે. દુકાનોનાં પાટિયા અંગ્રેજીમાં લખાવા લાગ્યાં છે. કેશ કર્તનાલયો હવે હેર આર્ટમાં અને લોટ દળવાની ઘંટી' હવે ફ્લોર મિલમાં બદલાવા લાગ્યાં છે. હવે લોકો પાંઉભાજી સિવાય પાંઉ નહીં, બ્રેડ ખાય છે. માખણ નહીં, અમૂલ બટર ખાય છે. ઘરમાં પણ મા-બાપ અંગ્રેજી માધ્યમમાં ભણતા છોકરા સાથે અંગ્રેજી સંભાષણનો આગ્રહ રાખે છે અને તેની માતા પાડોશણને કહે છે, યુસી, મારા સનને ગુજરાતી આવડતું નથી''.

માત્ર ભાષા બદલાતી હોત તો વાંધ નહોતો. ભાષા જેનું વહન છે તે સમગ્ર સંસ્કૃતિ બદલાઈ રહી છે. અવ્યોટિયું, ગોઠણિયો, બાજઠ, પંગત વગેરે અદશ્ય થતાં જાય છે તેની સામે ડિનરડ્રેસ, ડાઈનિંગ ટેબલ અને બુફે આવતાં જાય છે, ગુજરાતી ભાષાના આપણે કાકા હતા તે મટીને અંગ્રેજી ભાષાના ભત્રીજા થવા બેઠા છીએ. જે પેઢી ગુજરાતી ભાષાનું ધાવણ ધાવીને મોટી થઈ હતી તેણે ગુજરાતી ભાષાને ઘરડાંઘરમાં મોકલી આપી છે. અંગ્રેજી ભાષા સાથે અંગ્રેજીયતનું પ્રભુત્વ આવે છે. ગુજરાતી ભાષા જીવશે કે મરશે તે સવાલ ગૌણ છે, ગુજરાતી સંસ્કૃતિ અને અસ્મિતા અંગ્રેજીયતને ત્યાં ગીરવે મુકાઈ જશે તે મહત્ત્વનો સવાલ છે.

જરૂર છે ગુજરાતી ભાષાને સાહિત્યકારોના 'શુદ્ધ ભાષા'ના ખ્યાલમાંથી મુક્ત કરી પ્રજાને ખોળે રમતી કરવાની જરૂર છે. એક જ પ્રકારના ગુજરાતી ફોન્ટની જરૂર છે. પાટિયાંને ફરજિયાતપણે ગુજરાતીમાં ચીતરવાની. અંગ્રેજી જેવી વ્યાકરણની દૃષ્ટિએ નબળી અને ચાંચિયાઓની ભાષા તેની લવચીકતાને કારણે વિકસી હોય તો ગુજરાતીને પણ એવી લવચીક બનાવીએ. ભાષા, અને સંસ્કૃતિ નવા સ્વરૂપે જન્મ પામે તો વાંધો નથી. તે આપણી ભાષા, આપણી સંસ્કૃતિ, આપણી અસ્મિતા હશે, ગુજરાતીમાં આપણે પ્રમુખ રહીશું, અંગ્રેજીમાં ગૌણ બની જશું.

('ગુજરાતની અસ્મિતા' પુસ્તકમાંથી સાભાર)

''શોધક શોધ કર્યા બાદ જે રોમાચં અનુભવે છે તે અનેરો છે. મને નથી લાગતું કે આવો બીજો કોઈ રોમાંચ હોય જે માનવહૃદયની આરપાર અનુભવાય''

**- નિકોલા ટસ્લા**

''આપણે જ્યારે અન્ય દ્વારા કરવામાં આવેલી શોધોનો સારો એવો લાભ લેતા હોઈએ ત્યારે આપણે પણ કોઈ શોધ કરી અન્યની સેવા કરવાની તક મળે તો તેનો આનંદ લેવો જોઈએ, અને આપણે આમ મુક્તપણે અને ઉદારતાપૂર્વક કરવું જોઈએ.''

**- બેન્જામીન ફ્રેન્કલીન**

## ''અક્ષયપાત્ર દ્વારા ચાલતી મધ્યાહ્ન ભોજન યોજના અને વિદ્યાર્થી વિકાસ એક અભ્યાસ''

– ડૉ. બાદર કુરેશી*

**પ્રસ્તાવના :**

વિશ્વની સરખામણીમાં ભારતમાં ૧૯ % બાળકો છે. જે સંખ્યાની દૃષ્ટિએ 44 કરોડ થાય છે. બાળકો ભારતનું ભવિષ્ય છે. ભારતમાં ગરીબીનું પ્રમાણ ખૂબ જ વધારે છે. તેના લીધે ઘણાં એવાં કુટુંબો છે, જેને એક ટાઈમ ભોજન મળતું નથી. તેના કારણ તે કુટુંબનાં બાળકો સારી રીતે ભણી શકતાં નથી, આવાં ગરીબ બાળકો સારી રીતે ભણી શકે એટલા માટે ભારત સરકારે મધ્યાહ્ન ભોજન યોજના દરેક સ્કૂલોમાં ચાલુ કરી હતી, તેનાથી પ્રેરાઈને બાળકો શાળાએ આવે છે.

અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન યોજનાને કારણે વિદ્યાર્થીઓની સંખ્યાનું પ્રમાણ પણ વધ્યું છે એવાં અનુમાનો છે ત્યારે, ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકાની સરકારી પ્રાથમિક શાળાઓમાં – મધ્યાહ્ન ભોજન યોજના ''અક્ષયપાત્ર'' સંસ્થાને સોંપવામાં આવી છે. અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન યોજનાને કારણે વિદ્યાર્થીઓના પોષણસ્તરમાં એટલે કે તંદુરસ્તીમાં, શાળામાં નિયમિતતા તથા તેમના શિક્ષણસ્તરમાં સુધારો આવ્યો છે કે કેમ ? વગેરેની ચકાસણી માટે સંશોધકનકર્તાએ પ્રસ્તુત સંશોધનમાં ગાંધીનગર તાલુકાની શાળાઓમાં 'અક્ષયપાત્ર દ્વારા ચાલતાં મધ્યાહ્ન ભોજન યોજના અને વિદ્યાર્થી વિકાસ સંબધી એક અભ્યાસ' હાથ ધર્યો છે.

**ચાવીરૂપ શબ્દો :** અક્ષયપાત્ર, મધ્યાહ્ન ભોજન યોજના, વિદ્યાર્થી, વિકાસ

**અભ્યાસના હેતુઓ :**

(1) મધ્યાહ્ન ભોજન યોજના વિશે જાણકારી મેળવવી.
(2) સરકારી મધ્યાહ્ન ભોજન યોજના શાળામાં અગાઉ ચાલતી હતી ત્યારની સ્થિતિ વિશે જાણવું.
(3) સરકારી મધ્યાહ્ન ભોજન યોજના અક્ષયપાત્રને આપવામાં આવી તેના કારણે શિક્ષકોના પ્રતિભાવ કેવા છે ? તે જાણવા.
(4) અક્ષયપાત્ર સંસ્થા તથા તેના દ્વારા આવતા મધ્યાહ્ન ભોજન વિશે જાણવું.
(5) અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન યોજનાને કારણે શાળામાં આવતા વિદ્યાર્થીઓની સંખ્યામાં તથા નિયમિતતામાં થયેલ ફેરફારની જાણકારી મેળવવી.
(6) અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન યોજનાના ભોજનથી વિદ્યાર્થીઓના પોષણ સ્તરમાં થયેલ ફેરફાર વિશે સમજવું

**ઉપકલ્પના :**

કોઈ પણ પ્રકારનું સંશોધન કરતાં પહેલાં તે સંશોધન માટે ઉપકલ્પના રચવી ખૂબ જ આવશ્યક છે. ઉપકલ્પના રચવા માટે અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખવામાં આવે છે. હેતુ દ્વારા ઉપકલ્પના સ્પષ્ટ થવાથી તેના આધારે માહિતી એકત્ર કરાય છે. હેતુ અને ઉપકલ્પનાથી સંશોધનની દિશા સ્પષ્ટ થાય છે. સંશોધનમાં સચોટતા અને સ્પષ્ટતા આવે છે. આમ સંશોધન મૂલ્યવાન તથા વિશ્વાસપાત્ર બને છે.

(1) અગાઉ શાળામાં સરકારી મધ્યાહ્ન ભોજન બનતું હતું ત્યારે તકલીફો પડતી હશે.
(2) અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન યોજનાથી શાળામાં બાળકોની સંખ્યામાં વધારો થયો હશે.
(3) અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન યોજનાથી વિદ્યાર્થીઓને વધુ પોષણયુક્ત ભોજન મળતું થયું હશે.

**અભ્યાસપદ્ધતિ :**

આ અભ્યાસ ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓનાં બાળકોના વિકાસમાં યોગદાન આપતી અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન યોજના સંબધી વર્ણનાત્મક માહિતી થકી વર્ણનાત્મક અભ્યાસપદ્ધતિનો ઉપયોગ કરી અભ્યાસ હાથ ધરેલ છે.

**અભ્યાસનું કાર્યક્ષેત્ર અને વ્યાપ વિસ્તાર :**

મધ્યાહ્ન ભોજન યોજના સમગ્ર ભારતમાં ચાલે છે

* મદદનીશ પ્રાધ્યાપક, મ.દે.ગ્રામસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા.

એમ તે ગુજરાત રાજ્યમાં પણ કાર્યરત છે. પરંતુ સંશોધનકર્તાએ આ યોજના – એનજીઓ દ્વારા ચાલે છે તેના કારણે વિશેષ લાભો શું થયા છે ? તે જાણવાના હેતુથી – ગાંધીનગર તાલુકાની અંદર આખા તાલુકાનું પ્રતિનિધિત્વ કરે તેવા, આ તાલુકાની ચારે દિશામાંથી ચાર તથા એક મધ્યમાં આવેલ – એમ પાંચ ગામો કે જે ગામોની શાળામાં આ અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન યોજનાનો લાભ મળતો હોય તેવી શાળાઓની પસંદગી કરી, સંશોધનકર્તાએ સંશોધનહેતુને ધ્યાને લઈ અભ્યાસ હાથ ધરેલ છે.

**નમૂના પસંદગી :**

સંશોધનકર્તાએ પ્રસ્તુત સંશોધનમાં સાદું યદચ્છ નિદર્શન પદ્ધતિ દ્વારા નમૂના (ઉત્તરદાતા) પસંદ કરેલ છે.

**સાદું યદચ્છ નિદર્શન :**

ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકાના સંદર્ભમાં અક્ષયપાત્ર દ્વારા ચાલતા મધ્યાહ્ન ભોજન યોજનાનો એક અભ્યાસ કરવાનું પસંદ કરેલ છે. સમય, શક્તિ, નાણાંની મર્યાદાને કારણે સમષ્ટિમાંથી કુલ સમષ્ટિના અમુક ભાગને એટલે કે સમષ્ટિનું પ્રતિનિધિત્વ કરતા થોડા નમૂનાઓ અભ્યાસ હેઠળ આવરી અભ્યાસ હાથ ધરેલ છે.

સમષ્ટિમાંથી સંભવિત પ્રત્યેક નિદર્શને પસંદગી પામવાની સમાન તક મળે તે રીતે નિદર્શ પસંદ કરવામાં આવે ત્યારે તેને યદચ્છ નિદર્શન કહેવાય. આ પ્રકારના નિદર્શનમાં સમષ્ટિના પ્રત્યેક એકમને નિદર્શનમાં સમાવિષ્ટ થવાની સમાન તક મળે છે. માટે આ અભ્યાસમાં સાદું યદચ્છ નિદર્શન પસંદ કરવાની આ પદ્ધતિ વડે નિદર્શ (પસંદ કરેલ 1.અંબાપુર, 2. સરગાસણ, 3. ગોકુલપુરા, 4. વાવલ અને 5. પોર - આ પાંચેય ગામોની શાળામાંથી ઉત્તર મળી શકે તે માટે ધોરણ 5, 6, 7, 8 ના બે-બે વિદ્યાર્થીઓ મળી કુલ 40 વિદ્યાર્થીઓ તથા પાંચેય શાળાના બે-બે શિક્ષકો મળી કુલ 10 શિક્ષકો, આમ કુલ 50 ઉત્તરદાતાઓ) અભ્યાસ માટે પસંદ કરવામાં આવેલ છે.

**માહિતી એકત્રીકરણની પ્રક્રિયા :**

આ સંશોધનમાં સંશોધકે જુદી જુદી રીતે માહિતી એકત્ર કરી છે, જે નીચે મુજબ છે :

(1) ગ્રંથાલય

(2) ઈન્ટરનેટ

(3) સર્વેક્ષણ

(4) મુલાકાત અનુસૂચિ

(5) મુલાકાત અને ચર્ચાવિચારણા

(6) નિરીક્ષણ

**મધ્યાહ્ન ભોજન અંગેની માહિતી :**

(https://w.w.w.wikipwdia.org/madhyahan-bhojanyojan)

વેબસાઈટ પરથી મધ્યાહ્ન ભોજન યોજના વિશેની માહિતી એકત્રિત કરવામાં આવેલ છે.

શાળાઓમાં બાળકોને અપાતું ભરપેટ ભોજન તેમને ભૂખ સામે રક્ષણ અને પોષણ પૂરું પાડે છે. શાળામાં મધ્યાહ્ન ભોજન આપવાના કાર્યક્રમે એક જ વર્ષમાં બાળકોની નોંધણી બમણી બનાવી દીધી અને માત્ર બે વર્ષમાં શૈક્ષણિક કામગીરીમાં 40 %નો સુધારો થઈ શક્યો છે. વિશ્વ ભોજન કાર્યક્રમ અંતર્ગત વિશ્વની શાળાઓમાં ભોજન અંગેનો અહેવાલ એવું જણાવે છે.

મધ્યાહ્ન ભોજન યોજનાનો મુખ્ય ઉદ્દેશ શાળાઓમાં નિયમિત હાજરી તથા નોંધણીમાં વધારો થાય. અને શાળામાંથી અધવચ્ચે ઊઠી જતા બાળકનું પ્રમાણ ઘટે એ છે. આ ઉદ્દેશો લગભગ બધી રીતે પૂર્ણ થયા છે. જે બાબતે ભારતના તમિલનાડુ સરકારનો પરિવાર કલ્યાણ વિભાગ કહે છે કે શાળામાં ખાસ કરીને બાળકીઓની નોંધણી તેમજ ભણતરમાં ચાલુ રહેવાની બાબત પર જો જોવામાં આવે તો નોંધપાત્ર સુધારો જોવા મળેલ છે.

મધ્યાહ્ન ભોજનથી બાળકોને ભૂખ સામે રક્ષણ મળે છે અને તેમના પોષણસ્તરમાં સુધારો થાય છે. આ

એક પ્રાથમિક ઉદ્દેશ છે. બીજો ઉદ્દેશ છે કે શાળાઓમાં હાજરીનો વધારો કરવો, ત્રીજો ઉદ્દેશ સામાજીક છે જેમાં બાળકો ભોજન લેવા માટે એકસાથે ભેગા મળીને બેસવાનો અનુભવ મેળવે છે.

**અક્ષયપાત્ર સંસ્થાની પ્રવૃત્તિઓનો વિકાસ :**

(https://w.w.w.iskonbangalore.org/akshaypatra) વેબસાઈટ પરથી અક્ષયપાત્ર મધ્યાહન ભોજન યોજના વિશે નીચે મુજબ વિસ્તૃત માહિતી મેળવવામાં આવેલ છે.)

કર્ણાટકના બૅંગલોર ખાતે ઑક્ટોબર 2001માં અક્ષયપાત્ર ફાઉન્ડેશનની સ્થાપના કરવામાં આવી, જેમાં સરકારી શાળાઓમાં ભણતાં બાળકોને ભરપેટ ભોજન આપીને ભણવાની સુવિધા આપવાનો ઉદ્દેશ હતો.

વર્ષ 2001માં અક્ષયપાત્ર દ્વારા પ્રથમ બૅંગલોર નગરની પાંચ શાળાનાં 1500 બાળકોને બપોરનું ભોજન આપવાનો કાર્યક્રમ શરૂ કરાયો હતો. ત્યારબાદ ભારતમાં 8 રાજ્યોની લગભગ 8400 શાળાનાં 1.3 મિલિયનથી પણ વધારે બાળકોને (માર્ચ 2011 સુધી) આ કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવ્યાં હતાં.

સંપૂર્ણ શૈક્ષણિક વર્ષ દરમિયાન અઠવાડિયામાં 6 દિવસ માટે પૌષ્ટિકતા સાથે રાંધેલું ભરપેટ ભોજન બાળકોને પીરસવામાં આવે છે.

''ગુજરાતમાં જૂન 2007થી અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન ચાલુ કરવામાં આવેલ છે. જેમાં ગુજરનાં 50,000 બાળકોને ભોજન આપવાનો કાર્યક્રમ શરૂ કરાયો હતો. પરંતુ હાલ ગાંધીનગર, અમદાવાદ જિલ્લાનાં 1,33,590 બાળકો અને વડોદરા જિલ્લામાં 1,33,883 બાળકો અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજનનો લાભ લઈ રહ્યા છે.''

**અક્ષયપાત્રનો વ્યાપ :**

અક્ષયપાત્ર આખા ભારત દેશમાં હાલ 8 રાજ્યોમાં કાર્યરત છે. જેની માહિતી નીચે પ્રમાણે છે :

**કોષ્ટક - 1**

| ક્રમ | રાજ્ય | સ્થળ | બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| 1 | ગુજરાત | અમદાવાદ<br>ગાંધીનગર<br>વડોદરા | 1,33,590<br><br>1,31,883 |
| 2 | કર્ણાટક | બૅંગાલુરુ<br>હુબલી-ધારવાડ<br>બેલ્લારી<br>મૈસૂર<br>મૅંગલોર | 1,83,563<br><br>1,76,344<br>16,334<br>25,487 |
| 3 | રાજસ્થાન | જયપુર<br>નાથદ્વારા<br>બારાન | 1,28,121<br>30,000<br>13,886 |
| 4 | ઓરિસા | પૂરી<br>બાહપુર,<br>નાયગઢ જિલ્લો | 46,661<br><br>30,137 |
| 5 | ઉત્તરપ્રદેશ | વૃદાવન<br>મથુરા જિલ્લો | <br>1,86,554 |
| 6 | આંધ્રપ્રદેશ | હૈદરાબાદ<br>વિશાખાપટ્ટનમ | 37,414<br>5,414 |
| 7 | છતીસગઢ | ભિલાઈ | 29,716 |
| 8 | આસામ | ગૌહત્તી | 47,541 |
| | | કુલ | 13,40,842 |

**કેન્દ્રસ્થ વ્યવસ્થામાળખું :**

ગુણવત્તાને મહત્તમ બનાવવા અને ખર્ચને ઓછામાં ઓછું રાખવા માટે અક્ષયપાત્ર દ્વારા સ્વદેશી ઢબથી રસોડાની બધી જ સુવિધાઓને કેન્દ્રસ્થ રીતે સ્વયં સંચાલિત બનાવાઈ છે.

યંત્રોનો વિસ્તૃતપણે ઉપયોગ થતો હોવાથી માનવીય હસ્તક્ષેપ ખૂબ જ મર્યાદિત રહે છે. ભોજનસામગ્રીને

સ્ટીલનાં વાસણોમાં બંધ કરી કસ્ટમ-બિલ વાહનો દ્વારા બપોર સુધીમાં શાળાઓમાં ભોજન પહોંચાડવામાં આવે છે.

રસોડામાં ઉચ્ચ ક્ષમતા ધરાવતાં કોલડ્રિંક્સ, સ્ટીમ બોઈલર, રોટલી બનાવવાનાં સિસ્ટમ અને શાકભાજી કાપવાની ઝડપી મશીનરી વગેરેની વ્યવસ્થા પણ છે. રસોઈ બનાવવાની પ્રક્રિયામાં 6 કલાકથી ઓછો સમય લાગે છે.

શાળાઓને ભોજનસામગ્રીની સુરક્ષા પૂર્ણ રીતે મળે તે માટે દરેક વાહન સાથે સુરક્ષા કર્મચારીને પણ મોકલવામાં આવે છે.

**(એ) મધ્યાહ્ન ભોજન યોજના વિશે મળેલ શિક્ષકોના પ્રતિભાવો :**

**ઉત્તરદાતાની શાળામાં અગાઉ સરકાર દ્વારા ચાલતા મધ્યાહ્ન ભોજનની સ્થિતિ દર્શાવતું કોષ્ટક**

**કોષ્ટક નં. ૨**

| ક્રમ | મધ્યાહ્ન ભોજનની સ્થિતિ | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| 1 | સારી | 0 | 00.00 % |
| 2 | મધ્યમ | 5 | 100.00 % |
| 3 | નબળી | 0 | 00.00 % |
| 4 | ખબર નથી | 0 | 00.00 % |
| | કુલ | 5 | 100.00 % |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે જે અગાઉ શાળામાં ચાલતા સરકારી મધ્યાહ્ન ભોજનની સ્થિતિ મધ્યમ કક્ષાની હતી. એવું અભ્યાસ હેઠળના બધા જ શિક્ષક ઉત્તરદાતાઓ માને છે.

**અગાઉ શાળામાં સરકારી મધ્યાહન ભોજન બનાવતી વખતે ભોજનની ગુણવત્તા જળવાતી હતી કે કેમ ? તે માહિતી દર્શાવતું કોષ્ટક**

**કોષ્ટક નં. ૩**

| ક્રમ | ભોજનની ગુણવત્તા જળવાતી ? | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| 1 | હા | 1 | 20.00 % |
| 2 | ના | 4 | 80.00 % |
| | કુલ | 5 | 100.00% |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે 80% ઉત્તરદાતાની શાળામાં અગાઉ સરકારી મધ્યાહ્ન ભોજન બનાવતી વખતે ભોજનની ગુણવત્તા જળવાતી ન હતી, અને 20% ઉત્તરદાતાની શાળામાં ભોજન બનાવતી વખતે ભોજનની ગુણવત્તા જળવાતી હતી.

આમ ઉપરોક્ત કોષ્ટક પરથી સાબિત થાય છે કે મોટાભાગના શિક્ષક ઉત્તરદાતાનું માનવું છે કે તેમની શાળામાં અગાઉ જે સરકારી મધ્યાહ્ન ભોજન બનતું હતું ત્યારે ભોજનની ગુણવત્તા જળવાતી ન હતી.

**શાળામાં અગાઉ સરકારી ભોજન ચાલતું હતું ત્યારે ઉદભવતી મુશ્કેલીઓ દર્શાવતું કોષ્ટક**

**કોષ્ટક નં. ૪**

| ક્રમ | મુશ્કેલીઓ | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| 1 | શિક્ષકોએ ત્યાં હાજર રહેવું પડે છે. | 1 | 20.00 % |
| 2 | ભોજનના કામમાં વિદ્યાર્થીઓ રોકાઈ રહેતા હતા. | 1 | 20.00 % |
| 3 | ભોજનનો સ્ટૉક ઓછો અનિયમિત | 5 | 100.00% |

(એક કરતાં વધારે જવાબ મળેલ છે)

ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ 20 % મુખ્ય શિક્ષકોએ જણાવેલ કે, જ્યારે શાળામાં અગાઉ સરકારી મધ્યાહન ભોજન બનતું હતું ત્યારે હાજર રહેવું પડતું હતું. તથા 20 % મુખ્ય શિક્ષકોનું માનવું છે કે ભોજનના

કામમાં વિદ્યાર્થીઓએ તેની મદદમાં રોકાઈ રહેવું પડતું હતું. એટલે તેમનો અભ્યાસ બગડતો અને 100 % મુખ્ય શિક્ષકોનું માનવું છે કે ઓછો અને અનિયમિત ભોજનનો સ્ટૉક આવતો હતો.

આમ આથી ઉપરોક્ત કોષ્ટક પરથી સાબિત થાય છે કે અભ્યાસ હેઠળની શાળાના મોટાભાગના બધા જ મુખ્ય શિક્ષકોનું માનવું છે કે સરકારી મધ્યાહ્ન ભોજન યોજનામાં ભોજનનો સ્ટૉક ઓછો અને અનિયમિત આવતો હતો.

**સરકારી મધ્યાહ્ન ભોજન યોજના કરતા અક્ષયપાત્ર યોજનાથી-શિક્ષકો, બાળકો તરફ વધુ ધ્યાન આપી શક્યા છે કે કેમ ? તે વિગત દર્શાવતું કોષ્ટક**

**કોષ્ટક નં. ૫**

| ક્રમ | શિક્ષકો બાળકો તરફ વધુ ધ્યાન આપી શક્યા ? | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| 1 | હા | 5 | 100.00 % |
| 2 | ના | 0 | 00.00 % |
| | કુલ | 5 | 100.00% |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે શાળામાં સરકારી મધ્યાહ્ન ભોજન યોજના કરતાં અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન યોજનાથી શિક્ષકો બાળકો તરફ વધુ ધ્યાન આપી શક્યા છે. એવું અભ્યાસ હેઠળના બધા જ ઉત્તરદાતા માને છે.

**હાલમાં અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન વ્યવસ્થામાં વિદ્યાર્થીઓનો સમય બગડે છે કે નહી ? તે માહિતી દર્શાવતું કોષ્ટક**

**કોષ્ટક નં. ૬**

| ક્રમ | ભોજન વ્યવસ્થામાં વિદ્યાર્થીઓનો સમય બગડે છે ? | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| 1 | હા | 0 | 00.00 % |
| 2 | ના | 5 | 100.0 % |
| | કુલ | 5 | 100.0 % |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે હાલમાં અક્ષયપાત્ર ભોજનની વ્યવસ્થામાં (ભોજન તૈયાર થઈને આવતું હોવાથી) વિદ્યાર્થીઓનો સમય બગડતો નથી. એવું અભ્યાસ હેઠળના બધા જ શિક્ષક ઉત્તરદાતા માને છે.

**ઉત્તરદાતા અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજનની ગુણવત્તા તપાસે છે કે કેમ ? તે વિગત દર્શાવતું કોષ્ટક**

**કોષ્ટક નં. ૭**

| ક્રમ | ભોજનની ગુણવત્તા તપાસે છે ? | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| 1 | હા | 5 | 100.00 % |
| 2 | ના | 0 | 00.00 % |
| | કુલ | 5 | 100.00% |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન યોજના દ્વારા જે ભોજનશાળામાં આવે છે, તે ભોજનની ગુણવત્તા શાળાના શિક્ષકો દ્વારા ભોજન ગ્રહણ કરીને તપાસવામાં આવે છે.

**અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન યોજનાના ભોજનથી વિદ્યાર્થીઓ ઉપર કોઈ આડ અસર થઈ છે કે કેમ ? તે માહિતી દર્શાવતુ કોષ્ટક**

**કોષ્ટક નં. ૮**

| ક્રમ | ભોજનની આડઅસર | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| 1 | હા | 0 | 00.00 % |
| 2 | ના | 5 | 100.00 % |
| | કુલ | 5 | 100.00% |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન યોજના દ્વારા જે ભોજન વિદ્યાર્થીઓને આપવામાં આવે છે તેનાથી વિદ્યાર્થીઓ પર કોઈ આડ અસર થઈ નથી.

**અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન યોજનાને કારણે બાળકોને સ્વાદિષ્ટ અને પોષ્ટિક ભોજન મળે છે કે કેમ ? તે માહિતી દર્શાવતું કોષ્ટક**

## કોષ્ટક નં. ૯

| ક્રમ | સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ભોજન | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| 1 | હા | 5 | 100.00 % |
| 2 | ના | 0 | 00.00 % |
| | કુલ | 5 | 100.00% |

ઉપરોક્ત કોષ્ટક પરથી જાણવા મળે છે કે અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન યોજનાથી બાળકોને સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ભોજન મળે છે. એવું અભ્યાસ હેઠળના બધાજ શિક્ષક ઉત્તરદાતાઓ માને છે.

**અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન યોજનાથી વિદ્યાર્થીઓનું પોષણસ્તર સુધર્યું છે કે કેમ ? તે વિગત દર્શાવતું કોષ્ટક**

## કોષ્ટક નં. ૧૦

| ક્રમ | પોષણસ્તર સુધર્યું ? | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| 1 | હા | 5 | 100.00 % |
| 2 | ના | 0 | 00.00 % |
| | કુલ | 5 | 100.00% |

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ થાય છે કે અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન યોજનાથી વિદ્યાર્થીઓના પોષણસ્તરમાં સુધારો થયો છે. એવું અભ્યાસ હેઠળના બધા જ ઉત્તરદાતા માને છે.

**અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન યોજના શરૂ થવાથી બાળકોની સંખ્યામાં વધારો થયો કે કેમ ? તે માહિતી દર્શાવતું કોષ્ટક**

## કોષ્ટક નં. ૧૧

| ક્રમ | સંખ્યામાં વધારો | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| 1 | હા | 5 | 100.00 % |
| 2 | ના | 0 | 00.00 % |
| | કુલ | 5 | 100.00% |

ઉપરોક્ત કોષ્ટક પરથી સાબિત થાય છે કે અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન યોજના શરૂ થવાથી બાળકોની સંખ્યામાં વધારો થયો છે એવું અભ્યાસ હેઠળના બધાજ ઉત્તરદાતા માને છે.

**(બી) મધ્યાહન ભોજન યોજના વિશે મળેલ વિદ્યાર્થી / લાભાર્થીઓના પ્રતિભાવો :**

**વિદ્યાર્થી ઉત્તરદાતાઓને અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન યોજનાથી થયેલ લાભો દર્શાવતું કોષ્ટક**

## કોષ્ટક નં. ૧૨

| ક્રમ | અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન યોજનાથી થયેલ લાભો | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| 1 | શાળાના રસોડામાં મદદ કરવી પડતી નથી. | 1 | 2.05 % |
| 2 | ભણવામાં ધ્યાન આપી શકાય છે. | 3 | 7.05 % |
| 3 | પૌષ્ટિક ભોજન મળે છે. | 32 | 80.00 % |
| 4 | ઘરે જમવા જવું પડતું નથી. | 4 | 10.00 % |
| | કુલ | 40 | 100.00 % |

ઉપરોક્ત કોષ્ટક પરથી જણાય છે કે 80.0 % ઉત્તરદાતાઓ અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન યોજનાને કારણે પોષ્ટિક ભોજન મેળવી શક્યા છે. 10.0 % ઉત્તરદાતાઓ અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન યોજનાને કારણે ઘરે જમવા જવું પડતું નથી તેમ માને છે. 7.5 % ઉત્તરદાતા અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન યોજનાને કારણે ભણવામાં ધ્યાન આપી શક્યા છે, તેવું માન છે. અને 2.5 % ઉત્તરદાતા માને છે કે અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન યોજનાથી શાળાના રસોડામાં મદદ કરવી પડતી નથી.

આમ ઉપરોક્ત કોષ્ટક પરથી સાબિત થાય છે કે

મોટાભાગના વિદ્યાર્થી ઉત્તરદાતા માને છે કે અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન યોજનાને કારણે પૌષ્ટિક ભોજન મેળવી શક્યા છે.

**વિદ્યાર્થી ઉત્તરદાતાઓને અક્ષયપાત્રનું ભોજન નિયમિત મળવાથી પોષણસ્તરમાં સુધારો થયો હોય તેવું લાગે છે કે કેમ ? તે વિગત દર્શાવતું કોષ્ટક**

**કોષ્ટક નં. ૧૩**

| ક્રમ | પોષણ સ્તરમાં સુધારો થયો ? | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| 1 | હા | 40 | 100.00 % |
| 2 | ના | 0 | 00.00 % |
| | કુલ | 40 | 100.00% |

ઉપરોક્ત કોષ્ટક પરથી સાબિત થાય છે કે અભ્યાસ હેઠળના બધા જ વિદ્યાર્થી ઉત્તરદાતાઓને મતે અક્ષયપાત્રનું મધ્યાહ્ન ભોજન નિયમિત મળવાથી તેમના પોષણા સ્તરમાં સુધારો થયો છે.

**અભ્યાસનાં તારણો**

- અગાઉ શાળામાં ચાલતા સરકારી મધ્યાહ્ન ભોજનની સ્થિતિ મધ્યમ કક્ષાની હતી.
- 80 % ઉત્તરદાતાની શાળામાં અગાઉ સરકારી મધ્યાહ્ન ભોજન બનાવતી વખતે ભોજનની ગુણવત્તા જળવાતી ન હતી.
- અભ્યાસ હેઠળની શાળાના મોટાભાગના બધા જ મુખ્ય શિક્ષકોનું માનવું છે કે સરકારી મધ્યાહ્ન ભોજન યોજનામાં ભોજનનો સ્ટૉક ઓછો અને અનિયમિત આવતો હતો.
- હાલમાં અક્ષયપાત્ર ભોજનની વ્યવસ્થામાં (ભોજન તૈયાર થઈને આવતું હોવાથી) વિદ્યાર્થીઓનો સમય બગડતો નથી.
- અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન યોજના દ્વારા જે ભોજન શાળામાં આવે છે તે ભોજનની ગુણવત્તા શાળાના શિક્ષકો દ્વારા ભોજન ગ્રહણ કરીને તપાસવામાં આવે છે.
- અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન યોજના દ્વારા જે ભોજન વિદ્યાર્થીઓને આપવામાં આવે છે તેનાથી વિદ્યાર્થીઓ પર કોઈ આડ અસર થઈ નથી.
- અક્ષયપાત્ર મધ્યાહન ભોજન યોજનાથી વિદ્યાર્થીઓને સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ભોજન મળે છે.
- અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન યોજનાથી વિદ્યાર્થીઓના પોષણસ્તરમાં સુધારો થયો છે. એવું અભ્યાસ હેઠળના બધા જ ઉત્તરદાતા માને છે.
- અક્ષયપાત્ર મધ્યાહ્ન ભોજન યોજના શરૂ થવાથી બાળકોની સંખ્યામાં વધારો થયો છે.

**સંશોધકના સૂચનો :**

- અક્ષયપાત્ર જેવી વિશેષ સેવાભાવી સંસ્થા આવું મહામૂલું (શાળાઓમાં મધ્યાહ્ન ભોજન આપવાનું) કામ ખૂબ જ સારી રીતે ચલાવે છે તો તેના પ્રોત્સાહન માટે સરકાર તરફથી બહુમાન અને વધુમાં વધુ આર્થિક મદદ કરવી જોઈએ જેથી તે વધુ સારી સેવા સાથે, વધુ વિસ્તારમાં પોતાની આ સેવા વિસ્તારી શકે.
- જે જે શાળાઓમાં આ અક્ષયપાત્ર સંસ્થાનું મધ્યાહ્ન ભોજન મળી રહ્યું છે તે સૌ શાળાના કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને ગામ આગેવાનોએ આ અક્ષયપાત્ર સંસ્થાના કર્મચારીઓને વિશેષ સહકાર આપવો જોઈએ જેથી તે કર્મચારીઓની સેવા કરવાની પ્રવૃત્તિ વધુ બળવત્તર બની રહે.

**ઉપસંહાર :**

દુનિયાના દેશોની શાળાઓમાં ચાલતા મધ્યાહ્ન ભોજન યોજના થકી, તેનો ઉપયોગ કરતા વિદ્યાર્થીઓને ચોક્કસ ખૂબ ઉપયોગી થયું હશે એ આ નાના એવા અભ્યસ પરથી આપણે જોઈ શક્યા છીએ. એ જ રીતે જોઈએ તો આપણા દેશમાં ગરીબીરેખા નીચે જીવતા (BPL) પરિવારોની તથા આર્થિક-સામાજિક મધ્યમ

કક્ષામાં આવતા પરિવારોની સંખ્યા ખૂબ જ મોટી હોવાથી શાળાએ જતાં આવાં પરિવારોનાં બાળકો માટે આ મધ્યાહ્ન ભોજન યોજના વિદ્યાર્થીઓને ભરપેટ ભોજનની વિશેષ સેવા થકી વિદ્યાર્થીઓને નિયમિત શાળાએ આવવા અને પોષણસ્તરમાં સુધારો લાવવા - આ બે મોટા ફાયદા આ યોજના થકી મળી રહ્યા છે એવું આ અભ્યસ થકી જોઈ શકાયું છે. - સોનામાં સુગંધ ભળે તેમ, આ મધ્યાહ્ન ભોજન યોજના, એક ખૂબ ઉચ્ચ કક્ષાની સેવાભાવી સંસ્થા અક્ષયપાત્ર ચલાવે ત્યારે ખૂબ ઉત્તમ પ્રકારનાં કાર્યો થકી તેનાં પરિણામો પણ સારાં મળી રહ્યાં છે તે સ્વાભાવિક છે. અક્ષયપાત્ર સંસ્થાએ નિષ્ણાત વ્યક્તિઓ થકી ભોજનમેનુ તૈયાર કરી, તે પ્રમાણે ભોજન આપવાથી વિદ્યાર્થીઓના પોષણસ્તરમાં સુધારો પણ થયો છે. અભ્યાસ હેઠળની શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા અને નિયમિતતામાં વધારો થતાં, નિરક્ષરતામાં ઘટાડો અને શિક્ષણના સ્તરમાં વધારો આ અક્ષયપત્ર મધ્યાહ્ન ભોજન યોજનાને આભારી છે.

**સંદર્ભસાહિત્ય :**


(1) કપુરીયા દીપ્તિ એસ તાળા જિગ્નેશ બી. (2011) ''સમાજકાર્ય સંશોધન'', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.

(2) NPE-2020, Section-10, p.129

(3) પેમ્ફલેટ : મધ્યાહ્ન ભોજન યોજના - ગુજરાત રાજ્ય, ગાંધીનગર

(4) શાહ એ.જી અને દવે જે. કે (1994), ''સમાજશાસ્ત્રીય સંશોધનપદ્ધતિઓ આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ'', અનડા પ્રકાશન, અમદાવાદ.


**વેબસાઈટ્સ :**


(1) Dept.of School Education&Litracy (DoSEL)2021 https://dashbord.udiseplus.gov.in

(2) https://w.w.w.wikipwdia.org/madhyahanbhojanyojan

(3) https://w.w.w.iskonbangalore.org/akshaypatra

(4) https://w.w.w.wikipwdia.org/gandhinagr

(5) https://w.w.w.akshaypatra.org

(6) The National Education Policy-2020 https://www.educationgov.in/sites/upload_file/mhrd/file


દરેક પસંદગીમાં પરિણામ સમાયેલું હોય છે. દરેક પસંદગીએ અનિવાર્યપણે તેની અગાઉની પસંદગીનું સારું કે ખરાબ પરિણામ હોય છે, આમાં કોઈ અપવાદ નથી. જો ખરાબ પસંદગી કરવામાં સજાનાં બીજ સમાયેલાં હોવાનું જો અમે સ્વીકારતા હો તો તમે એ હકીકત કેમ સ્વીકારતા નથી કે સારી પસંદગી કરવાનાં બહેતર ફળ મળે છે. ?

**- ગેરી રયાન બ્લેર**

વ્યક્તિ પાસે જો કોઈ સૌથી મોટી શક્તિ હોય તો તે પસંદગી કરવાની શક્તિ છે.

**- જે માર્ટીન કોહે**

# ભાડૂતી કૂખ (સરોગસી) સમાજશાસ્ત્રીય વિહંગાવલોકન (Surrogacy - Sociological Overview)

– ડૉ. ભાગ્યશ્રી રાજપૂત*

**સારાંશ (Abstract) :**

માનવસમાજનું અસ્તિત્વ પ્રજોત્પાદન, સંતતિ નિયમન જેવી સામાજિક પ્રક્રિયાઓ દ્વારા ટકી શકે છે. માનવપ્રજનન માટે ગર્ભાધાન માટે XX રંગસૂત્રો અને XY રંગસૂત્રો ધરાવતી વ્યક્તિઓનું જૈવિક જોડાણ આવશ્યક છે. જે રીતે સમાજમાં અનેક સામાજિક સંસ્થાઓ જેમ કે, કુટુંબ, લગ્ન, ધાર્મિક, રાજ્ય, આર્થિક સંસ્થા વ્યાપ્ત છે, તે જ રીતે માતૃત્વ અને પિતૃત્વને પણ એક સામાજિક સંસ્થા જ ગણાવી શકાય, કારણ કે માતૃત્વ અને પિતૃત્વ સામાજિક દરજ્જો ધરાવતી સામાજિક ભૂમિકા ભજવે છે, જે શિશુને જન્મ આપવાથી માંડી તેનું ભરણપોષણ, સામાજિકીકરણ, માનવનિયંત્રણો, મૂલ્યો, ધોરણો શીખવી સામાજિક માનવી બનાવવાનું કાર્ય કરે છે. આ સમગ્ર પ્રક્રિયામાં સ્ત્રી-પુરુષ બંનેની સમાન ભૂમિકા હોવા છતાં મહિલા અગ્રસ્થાને છે, તેનું મુખ્ય કારણ એ જ કે જૈવિક રીતે મહિલા બાળજન્મ આપવા, પોષણ સક્ષમ છે. પરંપરાગત સમાજની જેમ આધુનિક સમાજ પણ પરિણીત મહિલા માતા ન બને ત્યાં સુધી તેને સંપૂર્ણ સ્ત્રી તરીકે સ્વીકારતા નથી. લગ્ન બાદ યુગલ માતા પિતા બને તેવી જ અપેક્ષાઓ રખાય છે. માતાપિતા ન બનનાર યુગલમાંથી મહિલાને જે નકારાત્મક દૃષ્ટિએ જોવામાં આવે છે, તેને 'વાંઝિયણ' અને 'અપશુકનિયાળ' ગણી અપશબ્દોથી વારંવાર અપમાનિત કરવામાં આવે છે. 'પુત્રજન્મની આકાંક્ષા', પુત્રીવંશ વધારે', 'પુત્ર દ્વારા મોક્ષની પ્રાપ્તિ', પુત્ર પિંડદાન કરે' વગેરે જેવી અનેક અંધમાનસિકતાઓને કારણે સમાજમાં માતૃત્વ અને પિતૃત્વ વધુ મહત્ત્વ ધરાવે છે. જેના કારણે બહુસાથી લગ્ન, આટા સાટા લગ્ન, દિયરવટું, સાળીવટું, કજોડાં લગ્ન અસ્તિત્વમાં આવે છે. જોકે 'સરોગસી' વ્યવસ્થાએ પરંપરાગત મૂલ્યો, અંધશ્રદ્ધાઓ, કુપ્રથાઓને પડકારી છે. યુગલ માટે 'ભાડૂતી કૂખ'(સરોગસી) વિષયક સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણ રજૂ કરવાનો પ્રયત્ન કરેલ છે.

**ચાવીરૂપ શબ્દો :**

ભાડૂતી કૂખ, સરોગસી, સમાજ, મહિલા, સમાજશાસ્ત્રીય, દૃષ્ટિકોણ, માતૃત્વ

**પ્રસ્તાવના :**

એવું માનવામાં આવે છે કે, એક સ્ત્રીનો જન્મ માતા બનવા માટે જ થયો છે. મહિલાનાં અંગત અને સામાજિક જીવનમાં માતૃત્વ ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. માતા બનવું ફરજિયાત છે અને એટલું જ નહીં પરંતુ પુત્રોની માતા બનવું પણ ફરજિયાત છે. (Gupta Jyosna : 2000). એટલે કે એક મહિલા જ્યાં સુધી 'પુત્ર'ને જન્મ ન આપે ત્યાં સુધી તેને સંપૂર્ણ મહિલા કે માતા તરીકે પરિભાષિત કરવામાં આવતી નથી. આથી જ પુત્રપ્રાપ્તિના મહત્ત્વને કારણે પુત્રીઓના જન્મને અસ્વીકારાતો. જેના પરિણામ સ્વરૂપ એક દીકરો ન જન્મે ત્યાં સુધી અનેક દીકરીઓનો જન્મ એક મહિલા દ્વારા થતો રહેતો. એક મહિલા બાળકોને જન્મ આપે છે, માતા બને છે, ઘર પરિવારની સંપૂર્ણ જવાબદારી પુરુષની ગેરહાજરીમાં સંભાળે છે. છતાં મહિલાનું સ્થાન અને દરજ્જો નિમ્ન ગણવામાં આવે છે. તેમાંયે જો મહિલા નિઃસંતાન હોય તો તેને કલંકિત તરીકે પરિભાષિત કરવામાં આવે છે. માતૃત્વ માટેની ઇચ્છા અનિવાર્ય અને લગભગ સાર્વત્રિક છે. પિતૃસત્તાક સમાજવ્યવસ્થામાં પેઢી-વંશ-વારસો આગળ વધારવાનો આશય મુખ્ય રહેતો. જોકે નિઃસંતાનપણું સમસ્યાના નિવારણ સ્વરૂપ ભારતીય સમાજમાં બહુપત્નીત્વ પ્રથા અસ્તિત્વમાં આવી. જેમાં મુખ્યત્વે માતા ન બનનાર મહિલા – પહેલી પત્નીનું સ્થાન ગૌણ બનતું, ખૂબ જ દયનીય પરિસ્થિતિમાં પરિવારના સભ્યો દ્વારા

* આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર વિભાગ, સ્કુલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સિઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

શોષણ થતું રહેતું. પુરુષ પિતા ન બની શકે અથવા પુરુષમાં કોઈ શારીરિક ખામી હશે તે બાબત સુધ્ધાં વિચારવામાં ન આવતી.

સમાજમાં સ્ત્રી અને પુરુષ લગ્નના બંધનમાં બંધાય ત્યારબાદ બાળજન્મ દ્વારા પોતાના કુટુંબને આગળ વધારે છે અને કુટુંબને સંપૂર્ણ બનાવે છે. જોકે ઘણાં દંપતી બાળજન્મ માટે સક્ષમ નથી હોતાં. આ સામાજિક સમસ્યા લગ્નવિચ્છેદ, કુટુંબનું ભંગાણ, શારીરિક-માનસિક તંગદિલી, લગ્નેતર સંબંધોમાં વધારો, હતાશા - નિરાશા અને આત્મહત્યા કરવા તરફ દોરી જાય છે. બાળકને જન્મ આપવામાં અસમર્થ હોય તેને તબીબી ભાષામાં વંધ્યત્વ તરીકે ઓળખવામાં આવે છે. તે વૈશ્વિક સમસ્યા છે. ભારત સહિત સમગ્ર વિશ્વમાં વંધ્યત્વની ઘટનાઓ વધુ પ્રમાણમાં જોવા મળે છે. વંધ્યત્વની સમસ્યા દંપતી અને સમગ્ર કુટુંબને ધાર્મિક અંધશ્રદ્ધાઓ, આડંબરો કરવા તરફ ધકેલે છે. ઘણી વાર ધર્મગુરુઓ, કુટુંબના વડીલો દ્વારા, પતિ દ્વારા મહિલાનું શારીરિક શોષણ, માનસિક ત્રાસ થવાની શક્યતા વધી જાય છે. ભારત જેવા પરંપરાગત માનસિકતામાં જીવતા સમાજમાં તાર્કિક વિચારધારાનો અભાવ, ધર્મનો વધુ પડતો પ્રભાવ હોવાને કારણે, તાર્કિક શિક્ષણનો અભાવ ઉપરાંત કાનૂની પ્રક્રિયાના કડક નિયમનના અભાવે વંધ્યત્વની સમસ્યા-વિષયક યથાર્થ જ્ઞાન આપવું મુશ્કેલ બને છે.

તબીબી ટેક્નૉલૉજીના સ્તરે સતત વિકાસ અને આધુનિક માનસિકતામાં વધારો થવાને કારણે વંધ્યત્વ નિવારવાના અનેક ઉપાયો સરળ અને સુલભ બન્યા છે. જેમાં મુખ્યત્વે 'ભાડૂતી કૂખ' (સરોગસી) એ નિઃસંતાન દંપતી માટે આશીર્વાદરૂપ સાબિત થયું છે. જોકે ભારતમાં સરોગસી જેવા ઉપાય પ્રત્યે વધુ ધ્યાન આપવામાં આવતું નથી, સરોગસીને નકારાત્મક બાબત ગણવામાં આવે છે. છતાં ઘણા યુગલોની પહેલ દ્વારા સરોગસી પ્રથાનો વિસ્તાર થઈ રહ્યો છે. કાયદા-કાનૂનની પ્રક્રિયા દ્વારા સામાજિક ક્ષેત્રે સરોગેટ બનનાર મહિલા અને દંપતી બંનેની તરફ ધ્યાન આપવામાં આવ્યું છે. જેથી સરોગેટ મહિલાનું શોષણ થતું અટકે, તેમની અને ગર્ભમાંના બાળકનું આરોગ્ય સચવાય, સરોગસી કરારની કાયદેસરતા, બાળકની કાયદેસરતા, સરોગેટ બાળક પર સરોગેટ માતાનો અધિકાર, સરોગેટ માતાનો દરજ્જો, માતાપિતાની સ્થિતિ વગેરે જેવી બાબતોને કાયદા સાથે સાંકળવામાં આવી છે.

**'ભાડૂતી કૂખ' (સરોગસી) : વ્યાપક અર્થ :**

સરોગસી એ એક અત્યંત જટિલ પ્રક્રિયા છે. એક એવી આસિસ્ટેડ રિપ્રોડક્ટિવ ટેક્નૉલૉજી (ART) ની પદ્ધતિ છે કે જેમાં એક દંપતી માટે અન્ય મહિલા ગર્ભ ધારણ કરે છે. લૅટિનમાં ''સરોગેટસ''(Surrogatus) નો અર્થ થાય છે અવેજી કે બીજાની જગ્યાએ કાર્ય કરવા માટે નિયુક્ત વ્યક્તિ. એટલે કે સ્ત્રી અન્ય સ્ત્રીના વિકલ્પ તરીકે કાર્યરત બને છે.

બ્લેક્સ લૉ ડિક્શનરી (The Black's Law Dictionary) મુજબ, સરોગસીનો અર્થ અન્ય વ્યક્તિ માટે બાળકને લઈ જવા અને પહોંચાડવાની પ્રક્રિયા છે.

ધ ન્યૂ એનસાઈક્લોપીડિયા બ્રિટાનિકા (The New Encyclopedia Britannica) સરોગસીને એક એવી પ્રથા તરીકે વ્યાખ્યાયિત કરે છે જેમાં સામાન્ય રીતે કોઈ મહિલા બાળકો પેદા કરવામાં અસમર્થ દંપતી માટે બાળક જન્માવે છે.

વોર્નોક રિપોર્ટ (Warnock Report - 1984) HF&E (Human Fertilisation And Embryology) મુજબ, સરોગસી એ પ્રથા છે જેમાં એક મહિલા બીજા માટે બાળકનું વહન કરે છે કે જન્મ પછી બાળકને સોંપવામાં આવે.

મારી દૃષ્ટિએ, ''ભાડૂતી કૂખ'' (સરોગસી) એટલે એવી પરિસ્થિતિ કે જેમાં પરિણીત, અપરિણીત ઉપરાંત ગે, લેસ્બિયન, લિવ-ઇન-રિલેશનશિપ ધરાવતાં યુગલ માતા-પિતા બનવા ઇચ્છતા હોય પરંતુ શારીરિક-માનસિક ખામીને કારણે, વ્યક્તિગત કારણોસર ગર્ભધાન કરવા સક્ષમ ન હોય ત્યારે અન્ય મહિલાની કૂખ બાળક જન્મે ત્યાં સુધી ભાડે કરી પોતાના બાળકને જન્મ આપવા સમર્થ બને છે. ઉપરાંત આધુનિક વિકસિત સમાજમાં યુગલ પોતાની જીવનશૈલીને ટકાવી રાખવા, વ્યસ્તતાના

કારણે અથવા તો એક ફૅશનના ભાગ રૂપે પણ અન્ય મહિલાને અમુક રૂપિયા કે લાભ આપીને પોતાના બાળકને જન્માવે છે. ટૂંકમાં, ''ભાડૂતી કૂખ'' (સરોગસી) એટલે બાળક જન્મે ત્યાં સુધી કૂખ ભાડે આપનાર મહિલા અને યુગલ વચ્ચેનો કરાર.' (ડૉ. ભાગ્યશ્રી રાજપૂત).

**'ભાડૂતી કૂખ' (સરોગસી) : ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય :**

માતાપિતા બનવા માટે સરોગસી એ એકમાત્ર ઉપાય નથી, પ્રાચીન સમયમાં પોતાના નજીકના રક્તસંબંધીઓનાં બાળકોને દત્તક લેવામાં આવતાં. ધીમે ધીમે દત્તક લીધેલ બાળકના અધિકારો, મિલકત, વારસાની બાબતમાં અનેક કૌટુંબિક સમસ્યાઓ ઉદ્ભવતી. 'સરોગસી'ને આશરે વીસમી સદીના અંત સુધી સ્વીકારવામાં આવતી ન હતી. કુટુંબ, દંપતી અને સમાજના લોકો દ્વારા તેને શંકાની નજરે જોવામાં આવતું પરંતુ ઐતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો, માનવસમાજની ઉત્પત્તિથી જ છૂપી રીતે બાળકને જન્મ આપવા માટે અન્ય મહિલાની જરૂરિયાત જણાઈ હતી. જેમાં મુખ્યત્વે એક મહિલા બાળકજન્મ માટે અસમર્થ હોય ત્યારે અન્ય મહિલા બાળકને જન્મ આપે તે માટેના વિકલ્પો અમુક સમાજોમાં વ્યાપ્ત હતા.

બાઇબલમાં જિનેસિસ (Genesis) (Hagar and Ishmael, (1973, 1978, 1984, 2011), Holy Bible), પ્રકરણ 16 અને 30 અનુક્રમે અબ્રાહ્મ અને સરાઈની વાર્તા અને રશેલ અને જેકબની વાર્તાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એવું કહેવાય છે કે પ્રથમ પરંપરાગત સરોગેટ વ્યવસ્થા શરૂ કરવામાં આવી હતી જેના પરિણામે ધાર્મિક ગ્રંથ મુજબ આ વિશ્વમાં વર્ષ 910 બીસીમાં પ્રથમ સરોગેટ બાળક ઇસ્માઇલનો જન્મ થયો હતો. (K.N. Svitnev). બેબિલોનિયન (Babylonian) સમાજમાં સરોગેટ માતૃત્વનો ઉલ્લેખ કુટુંબની રચનાના કાયદેસર સ્વરૂપ તરીકે કુટુંબ, સગપણ, હમ્મુરાબી કોડ (The Hammurabi's Code) માં અધિકૃત સંદર્ભો સાથે જોવા મળે છે. જ્યાં પરિવારના વિશ્વાસુ નોકરો દ્વારા પરંપરાગત રીતે સરોગસી સ્વીકાર્ય હતી (Scott : 2000). બાળકજન્મ માટે અસમર્થ મહિલાના છૂટાછેડા અટકાવવા માટે બેબિલોનિયનમાં કાયદા અને રિવાજોએ સરોગસીને સંમતિ આપવાનું બન્યું હશે, તેમ અનુમાન કરી શકાય (Postgate : 1992).

જાપાનમાં અન્ય મહિલા દ્વારા બાળકને જન્મ આપવાની પ્રથા જોવા મળે છે, જ્યાં પ્રથાને મેકાકે-બુકો (Mekake-Bouko) કહેવામાં આવતું હતું. મેઈજી સરકાર (Meiji Government - 1868-1912) દરમિયાન, આ મહિલાઓને કાયદેસર રીતે કુટુંબના સભ્યો તરીકે માન્યતા આપવામાં આવી હતી (Yanagihara, 2021) નાઈજીરિયામાં, બેબી ફૅક્ટરીઓ છે જ્યાં યુવાન મહિલાઓ, સંમતિ આપે કે નહીં, બાળકોને જન્મ આપવા માટે ગર્ભવતી બનાવવામાં આવે છે, જેઓ નિઃસંતાન યુગલોને વેચવામાં આવે છે. (Alabi, 2018). સરોગસીની સરખામણી આફ્રિકન અને એશિયન બાળકોના રિવાજો સાથે પણ કરવામાં આવે છે જેઓ કુદરતી માતાપિતાને બદલે સંબંધીઓ દ્વારા ઉછેરવામાં આવે છે. (Segalen, 2021).

પ્રાચીન સમયમાં દંપતીઓ બાળકોને જન્મ ન આપી શકે તો તેઓ માટે એકમાત્ર ઉપાય 'બાળકને દત્તક લેવું' તે પ્રથા સામાન્ય અને સમાજસ્વીકૃત હતી, પરંતુ તબીબી સુવિધા અને કૃત્રિમ માનવ પ્રજનન તકનીકોમાં પ્રગતિને કારણે હવે સરોગસી શક્ય છે. કૃત્રિમ માનવપ્રજનન તકનીકોમાં હવે વિકલ્પો છે, જેમ કે વીર્યસેચન, ઇન-વિટ્રો, ફર્ટિલાઇઝેશન, એમ્બ્રિયો ટ્રાન્સફર (Spermato genesis, In-Vitro Fertilization, Embryo Transfer) વગેરે. આ બધી પદ્ધતિઓ પૈકી સરોગસી વધુ લોકપ્રિય બની છે.

મનુષ્યનું પ્રથમ સફળ કૃત્રિમ ગર્ભાધના (Al - Artificial Insemination)નો શ્રેય અઢારમી સદીના અંતમાં અંગ્રેજી ચિકિત્સક ડૉ. જ્હૉન હન્ટર (Dr. John Hunter)ને જાય છે. 1890માં, ડૉ. રોબર્ટ એલ. ડિકિન્સ (Dr. Robert L. Dickinson) ને દાતાના વીર્યનો ઉપયોગ કરીને AI (કૃત્રિમ ગર્ભાધાન)ની પ્રથાની સ્થાપના કરી, જોકે 20મી સદી સુધી એવું બન્યું ન હતું કે પ્રજનન હેતુ માટે AIનો આશ્રય લેવામાં આવ્યો હતો. (Koolwal

Manju). પરંપરાગત ભારતીય સમાજમાં 3 ઑક્ટોબર, 1978ના રોજ સૌપ્રથમ IVF દ્વારા કનુપ્રિયા નામની બાળકીનો જન્મ થયો, જેનો શ્રેય ડૉ. સુભાષ મુખર્જીને જાય છે. આ રીતે, ઐતિહાસિક સંદર્ભમાં સરોગસી પ્રથા નિઃસંતાન યુગલોને સંતાનસુખ આપવા માટે કરુણાથી પરંપરાગત અને પરોપકારી હાથ ધરવામાં આવતું હતું.

**'ભાડૂતી કૂખ' (સરોગસી) કરવા માટેનાં કેટલાંક કારણો :**

પરિવારનો વિસ્તાર કરવો એ માનવીની પ્રાથમિક ઇચ્છાઓમાંની એક છે. યુગલો માતાપિતા બનવા માટે સરોગસીનો વિકલ્પ સરળતાથી પસંદ કરી રહ્યાં છે. જે માટે અનેક કારણો જવાબદારા હોઈ શકે :

- વંધ્યત્વ (Infertility)
- શારીરિક-માનસિક ખામી
- વધુ પડતી ઉંમર
- એકલ વ્યક્તિઓ (Single individuals)
- સમલિંગી યુગલો (Same-sex couples)
- બાળક દત્તક ન લેવું હોય ત્યારે
- વારંવાર થતો ગર્ભપાત
- ગર્ભવતી બનવા માટે મહિલાઓ પાસે સમયનો અભાવ
- વ્યવસાયને પ્રાધાન્ય
- અંગત નિર્ણયો

સરોગેટ કરવા માટેના ઉપર્યુક્ત દર્શાવેલ અનેક કારણો હોઈ શકે, પરંતુ સરોગેટ માતા બનવા પાછળ નાણાકીય અછત, પારિવારિક જવાબદારી મુખ્ય કારણ ગણાવી શકાય.

**'ભાડૂતી કૂખ' (સરોગસી)વિષયક સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણ :**

સરોગસીના સંદર્ભમાં અનેક સામાજિક, નૈતિક, આર્થિક, ચિકિત્સક પ્રશ્નો ઊભા થયા છે. જેના દ્વારા સામાજિક ન્યાય, મહિલા અધિકારો, બાળ કલ્યાણ અને જૈવ નીતિશાસ્ત્રને લગતી અન્ય સામાજિક સમસ્યાઓ ઉદ્‌ભવે છે. સમાજમાં માતા અને બાળક વચ્ચેનો સંબંધ અત્યંત લાગણીશીલ રહ્યો છે. ગર્ભાધારણ કરવાની ક્ષમતા સ્ત્રીમાં આત્મસન્માનની લાગણીને જન્મ આપે છે અને શારીરિક અને મૌખિક દુર્વ્યવહાર, ત્યાગ માટે પણ તેમની સંવેદનશીલતમાં વધારો કરે છે. (Gupta Jyosna : 2000). ગર્ભધારણ અને બાળજન્મ એ કુટુંબ, સામાજિક સંબંધો ખાસ કરીને અંગત સંબંધો સાથે સંકળાયેલા છે.

વર્તમાન સમયમાં સરોગસી એ વ્યાપારીકરણનો મુદ્દો બની ગયો છે. ઘણી ગરીબ, જરૂરિયાતમંદ મહિલાઓની નબળી આર્થિક સ્થિતિનો લાભ ઉઠાવી સરોગસી બનવા તરફ દબાણ કરાતું હોય છે. મહિલાઓને મોટેભાગે ઘણા અધિકારો, હક્કો, ફરજો, જવાબદારીઓથી વંચિત રાખવામાં આવે છે, સરોગેટ માતા બનવા માટે મહિલાનું પોતે સ્વતંત્ર નિર્ણય હોવો જરૂરી છે. કેટલાક નારીવાદીઓ માને છે કે સરોગસી એ ઘણી પ્રજનન-પસંદગીઓમાંની એક છે જે સ્ત્રીઓએ કરવા માટે સ્વતંત્ર હોવી જોઈએ (Lori B. Andrews). જોકે, મોટાભાગના નારીવાદી લેખકો સરોગસીને ગુલામી અથવા વેશ્યાવૃત્તિના એક સ્વરૂપ તરીકે જુએ છે જેમાં પૈસાની લાલચ, આત્મ-બલિદાનની સામાજિક અપેક્ષા અથવા બંને દ્વારા સરોગેટનું શોષણ થાય છે. (Anita : 1090)

માર્કસવાદી નારીવાદી (Marxist Feminism) દૃષ્ટિકોણથી જોઈએ તો, ગર્ભ ભાડે આપવો એ એક રીતે મહિલાઓને તેમના શારીરિક શ્રમ માટે ચુકવણી કરવા જેવું છે. મહિલાઓ સદીઓથી પારિવારિક જવાબદારી, બાળકોનો જન્મ, ઉછેર, સમાજીકરણ, ઘરનાં કામકાજ વિનામૂલ્યે કરતી આવી છે. તેને કરેલા શ્રમનું કોઈ જ વેતન મળતું નથી, જેના લીધે મહિલાનું સ્થાન અતિગૌણ બને છે અને મહિલાને બાળકને જન્મ આપી શકનાર અથવા તો માનવસમાજની જરૂરિયાતના ભાગ રૂપે જ જોવામાં આવે છે. જો કોઈ મહિલા ગર્ભવતી ન થઈ શકે, તો અન્ય મહિલાને શ્રમ પર રાખી - વેતન ચૂકવી પોતાના બાળકને જન્મ આપે છે. અતિગરીબ, પછાત વિસ્તારોની મહિલાઓ પાસે શિક્ષણનો અભાવ, વ્યવસાયની અસુવિધા હોવાને કારણે મહિલાઓમાં વેતન મેળવવા સરોગેટ માતા બનવાનું ચલણ વધ્યું છે. જે મહિલાઓ પહેલેથી વ્યવસાય કરે છે, તેમજ કારકિર્દી બનાવવા માટે ઉત્સુક છે તે પરિણીત કે અપરિણીત મહિલાઓ માતા બનવા માટે સરોગેટ માતાની મદદ લે

છે. આ સંદર્ભમાં, ગર્ભ ભાડે આપવો એ ઉદારવાદી નારીવાદીઓ (Libera Feminism) સ્વીકાર્ય ગણે છે.

વધુમાં જોઈએ તો, માતા ન બનનાર મહિલા પર સમાજના લોકો દ્વારા અનેક પ્રકારના લાંછન લગાવવામાં આવતાં હોય છે, જેના કારણે આત્મસન્માન ગુમાવે છે. કલંક/લાંછનનો સિદ્ધાંત (Stigma Theory) દૃષ્ટિએ જોઈએ તો, નિ:સંતાન સ્ત્રીને હજુ પણ જન્મજાત શંકાની નજરે જોવામાં આવે છે. જે તે મહિલામાં જ ખામી હશે તે રીતે પરિભાષિત કરવામાં આવે છે.

ભાદરકા (Bhadaraka : 2009) સરોગેટ મધર વિશે મહત્ત્વની બાબતો દર્શાવી છે જેમ કે,

- તેણી જે બાળકનો ઉછેર કરે છે અને જન્મ આપે છે તેની તે આનુવંશિક માતા નથી.
- તે બાળકના પિતાની પત્ની નથી જેને જન્મ આપે છે.
- આ એક વૈજ્ઞાનિક વિચાર છે, એક વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. કોઈ શારીરિક સંપર્ક જરૂરી નથી.
- તે કોઈ અસામાજિક મહિલા નથી.
- આ કોઈ ગેરકાયદેસર પ્રથા નથી.
- તેણીને આ માટે દબાણ કરવામાં આવતું નથી. તે પોતે નક્કી કરે છે કે તે સરોગેટ માતા બનવા માંગે છે કે નહીં.
- નવજાત બાળક પર તેણીનો કોઈ દાવો કે અધિકાર નથી.
- ''આ મારું બાળક છે'', ''આ બાળક મારો વારસો છે'' - સામાજિક, વૈજ્ઞાનિક અને કાયદાકીય પ્રતિબંધોને કારણે તે આવા વિચારો વ્યક્ત કરી શકતી નથી.
- તે બાળકો વેચતી સ્ત્રી નથી.
- તે બાળક જન્મ પછી બાળક માટે જવાબદારી નથી.
- સરોગસી એ સેવાઓ પૂરી પાડવાનો પરસ્પર લાભદાયી ખ્યાલ છે.

**'ભાડૂતી કૂખ' (સરોગસી) અને સમાજશાસ્ત્રીય પરિવર્ત્યો :**

સરોગસી સાથે જ્ઞાતિ, ધર્મ, વતન, શિક્ષણ, વ્યવસાય વગેરે જેવા સામાજિક પરિબળો સંકળાયેલાં છે. સરોગેટ માતા બનનાર મહિલા અને સરોગસી કરનાર દંપતી ચોક્કસ જ્ઞાતિ, ધર્મ, વ્યવસાય ધરાવતાં હોય છે. સામાન્ય રીતે ગર્ભ ભાડે આપવા અથવા લેવા માટે સરોગેટ મહિલાનું શારીરિક - માનસિક રીતે સ્વસ્થ અને તંદુરસ્ત હોવું આવશ્યક છે. પરંતુ હકીકતમાં સરોગેટ મહિલાની પસંદગી સ્વસ્થ હોવાની સાથે સાથે તેની જાતિ, ધર્મ, ચામડીના રંગ, આકર્ષણ, જીવનશૈલી, ઉંમર વગેરેના આધારે કરવામાં આવે છે. સમા-મહિલા અને આરોગ્ય માટે સંસાધન જૂથ (Sama - Resource Group for Women and Health) દ્વારા કરવામાં આવેલા ગુણાત્મક સંશોધન Birthing A Market : A Study on Commercial Surrogacy (2012)માં સામાજિક-આર્થિક બાબતોને સમજવા માટે દિલ્હી અને પંજાબ વિસ્તારોમાં સરોગેટ બનેલી મહિલાઓની પૃષ્ઠભૂમિ, અભ્યાસ, વર્ગ, જાતિ, ધર્મ, વૈવાહિક સ્થિતિ, ઉંમર અને આવકના સંદર્ભમાં વિવેચનાત્મક રીતે વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. જે મુજબ, સ્વસ્થ, સુંદર, ન્યાયી અને ઉચ્ચ જ્ઞાતિના અથવા બ્રાહ્મણ સરોગેટ્સની જ ખૂબ માંગ છે. મહિલા સ્વસ્થ હોવા છતાં જો તે નિમ્ન જાતિની, શ્યામ રંગની કે દેખાવમાં સારી ન હોય તો તેવી મહિલાનો સરોગેટ તરીકે અસ્વીકાર કરવામાં આવતો. મોટેભાગે સરોગેટ કરનાર દંપતી પોતાની જ જ્ઞાતિ કે ધર્મ ધરાવતી અન્ય મહિલાને સરોગેટ માતા બનાવવા તરીકે પસંદ કરતા હોવાનું જણાયું છે. સંશોધનમાં પ્રાપ્ત થયેલ માહિતી મુજબ, કેટલાંક યુગલો એવી સરોગેટ મહિલાની માંગ કરતા હતા કે, જેમનું બ્લડગ્રૂપ પતિ સાથે મેળ ખાતું હોય, જે મહિલાનું જીવનધોરણ ઉચ્ચ ભલે ન હોય પરંતુ સારું અને તંદુરસ્ત હોવું આવશ્યક ગણાવ્યું છે. દેશના સંદર્ભે જોઈએ તો, યુરોપ, કૅનેડા અથવા ઇઝરાયેલના પરિણીત, એકલા રહેતા કે બાળકો ગુમાવી દીધા હોય તેવા લોકો પોતાનો વંશવારસો ચાલુ રહે તે માટે, સરોગેટ માટે ભારતમાં આવ્યા હતા, તેનું મુખ્ય કારણ એ જ કે ભારતમાં સરોગસીનો ખર્ચ તેઓ માટે સામાન્ય – સસ્તો હતો. સરોગેટ મહિલાની પસંદગી માટે તેનું યુવાન હોવું, પોતાનું બાળક હોવું, જો તે સરોગેટ બને છે તો તેના પરિવાર કે પતિને જાણ હોવી,

મહિલાને આનુવંશિક સમસ્યા ન હોવી વગેરે અનેક પરિબળો મહત્ત્વનો ભાગ ભજવે છે.

**સરોગસી અને કાયદા :**

ભારતમાં સરોગેટ માતા, દંપતી તથા નવજાત બાળક પ્રત્યે અન્યાય ન થાય તે માટે કાયદા અમલમાં મૂકવામાં આવ્યા છે.

(1) ધી આસિસ્ટેડ રિપ્રોડક્ટિવ ટૅક્નૉલૉજી (રેગ્યુલેશન) બિલ ઍન્ડ રૂલ્સ - 2008 (The Assisted Reproductive Technology (Regulation) Bill & Rules - 2008) અધિનિયમ સરોગસીને પ્રોત્સાહન આપતા, તે વ્યવસાયિક સરોગસીને કાયદેસર બનાવે છે. સિંગલ પેરેન્ટ્સ પણ સરોગેટ મધરનો ઉપયોગ કરીને બાળકોને જન્મ આપવા સક્ષમ બનશે.

(2) સરોગસી પર લૉ કમિશનનો રિપોર્ટ (Law Commision's Report on surrogacy:) 5મી ઑગસ્ટ, 2009 ના રોજ, ભારતના કાયદા પંચે ''સરોગેસી માટેના પક્ષકારોના અધિકારો અને જવાબદારીઓ તેમજ સહાયિત પ્રજનન તકનીક ક્લિનિક્સના નિયમન માટે કાયદાની જરૂરિયાત'' પર તેનો 228મો અહેવાલ સબમિટ કર્યો. જેમાં મુખ્ય બાબત સરોગસી વ્યવસ્થા વ્યાપારી હેતુઓ માટે ન હોવી જોઈએ, માતાપિતા વચ્ચે છૂટાછેડા અને ત્યારબાદ બાળકની ડિલિવરી લેવાની કોઈની ઈચ્છા ન હોય તો સરોગેટ બાળકને નાણાકીય સહાય પૂરી પાડવી જોઈએ વગેરે બાબતોનો સમાવેશ કરેલ છે.

(3) સરોગસી (રેગ્યુલેશન) બિલ, 2016 (The Surrogacy (Regulation) Bill, 2016) : સ્ત્રી અને પુરુષ માટે અનુક્રમે 23-50 વર્ષ અને 26-55 વર્ષની વય વચ્ચેના વંધ્યત્વ ધરાવતાં દંપતીને વ્યાપારી સરોગસી પર પ્રતિબંધ મૂકી નૈતિક સરોગસીની મંજૂરી આપે છે. સરોગેટ માતાઓનું શોષણ, માનવભ્રૂણનું વેચાણ થતું અટકાવવું અને સરોગસી દ્વારા જન્મેલા બાળકોના અધિકારોનું રક્ષણ કરવા પર ભાર મૂકે છે. જોગવાઈનું ઉલ્લંઘન કરનારને દસ વર્ષથી ઓછી ન હોય તેવી મુદતની કેદની સજા અને દંડ સાથે જે દસ લાખ રૂપિયા સુધીનો હોઈ શકે.

(4) THE SURROGACY (REGULATION) ACT,2021) : ''દંપતી'' નો અર્થ અનુક્રમે 21 વર્ષ અને 18 વર્ષથી વધુ ઉંમરના કાયદેસર રીતે વિવાહિત ભારતીય પુરુષ અને સ્ત્રી. 2008 માં, માંજીના કેસ (જાપાનીઝ બેબી)માં ભારતની સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું હતું કે ભારતમાં વ્યાવસાયિક સરોગસીની મંજૂરી છે. Writ Petition (c) No. 369 of 2008 Decided On : 29.09.2008)

(5) ઈન્ડિયન કાઉન્સિલ ફૉર મેડિકલ રિસર્ચ દ્વારા જારી કરાયેલ માર્ગદર્શિકા (Guidines issued by the Indian council for medical Research, pertaining to govermance of surrogaey ? મુજબ, જેમના માટે બાળકોને જન્મ આપવાનું શારીરિક અથવા તબીબી રીતે અશક્ય/અનિચ્છનીય હોય તેઓ ચુકવણી કરી સરોગેટ મહિલાનો સહારો લઈ શકશે. સરોગેટ માતાની ઉંમર 45 વર્ષથી વધુ ન હોવી જોઈએ. સરોગેટ માતાનું એચઆઈવી માટે પરીક્ષણ કરવું આવશ્યક છે અને ગર્ભ – સ્થાનાંતરણ પહેલાં આ વાયરલ માટે સેરોનેગેટિવ હોવાનું દર્શાવવામાં આવ્યું છે.

**પ્રસિદ્ધ હસ્તીઓ અને સરોગસી :**

વિશ્વમાં અને ભારતમાં અનેક પ્રતિષ્ઠિત વ્યક્તિઓ સરોગસી દ્વારા માતાપિતા બન્યા છે. જેમ કે,

- કેન્યે વેસ્ટ અને કિમ કાર્દાશિયન (Kanye West Adn Kim Kardashian)
- સારાહ જેસિકા પાર્કર અને મેથ્યુ બ્રોડરિક (sarah Jessica Parker & Matthew Broderick)

- નીલ પેટ્રિક હેરિસ અને ડેવિડ બર્ટકા (Neil Patrick Harris & David Burtka)
- જીમી ફેલોન અને નેન્સી જુવોનેન (Jimmy Fallon And Nancy Juvonen)
- રિકી માર્ટિન અને જ્વેન યોસેફ (Ricky Martin And Jwan Yosef)
- એન્ડરસન કૂપર (Anderson Cooper)
- લ્યુસી લિયુ (Lucy Liu)
- પ્રિયંકા ચોપરા અને નિક જોનાસ
- શાહરૂખ ખાન અને ગૌરી ખાન
- કરણ જોહર
- તુષાર કપૂર
- કિરણ રાવ અને આમીર ખાન
- સની લિયોની અને ડેનિયલ વેબર

**ઉપસંહાર :**

પરિવાર એ સમાજનું પ્રથમ અને અનિવાર્ય એકમ છે. સરોગસી એક એવી વ્યવસ્થા જે માત્ર મહિલાઓ જ કરી શકે છે. આથી મહિલાને પોતે સ્વતંત્રતા હોવી જોઈએ કે પોતાની કૂખ ભાડે આપવી કે નહિ. ઉપરાંત જે દંપતી માતાપિતા ન બની શકે અને જો સરોગેટ મહિલાની જરૂરિયાત જણાય તો તેવા કિસ્સામાં પોતાના કુટુંબ કે ઓળખીતા હોય તેવી મહિલાનો સંપર્ક કરવો વધુ અનુકૂળ છે. મોટેભાગે મૂડીવાદી સમાજના લોકો ગરીબ કે પછાત સમુદાયની મહિલાને જ સરોગેટ તરીકે પસંદ કરતા હોય છે, કારણ કે ગરીબ મહિલાને ઓછું વેતન આપવું પડે અને પોતાનને બાળક પણ પ્રાપ્ત થઈ જાય. મૂડીવાદી સમાજ અને ગરીબ સમાજની ઊંડી ખાઈ અનેક નવી સામાજિક સમસ્યાઓને જન્માવે છે. જેમાં સૌથી વધુ મહિલાઓ ભોગ બને છે. આથી 'ભાડૂતી કૂખ' (સરોગસી) મુદ્દે, યોગ્ય ન્યાયિક વ્યવસ્થા, આરોગ્ય-વ્યવસ્થા, નોંધણીવ્યવસ્થા હોવી જરૂરી છે. દંપતી અને સરોગટ મહિલાની સંપૂર્ણ પારિવારિક, સામાજિક વિગત હોવી આવશ્યક છે. ખાસ કરીને સરોગેટ મહિલા અને ગર્ભમાંના બાળકનું આરોગ્ય જળવાઈ રહે, શોષણ, ભેદભાવ થતું અટકે, યોગ્ય વળતર મળી રહે તે માટે પ્રયત્નો થવા જોઈએ.

**સંદર્ભસૂચિ :**


1. Anita L. Allen (1990) Surrogacy, Slavery, and the Ownership of Life, 13 HARv. J.L. & Pun. PoL'Y 139, 147-48
2. Bhadaraka K. (2009) The last ray of hope: surrogate mother - The reality, India Anand Surrogate Trust
3. Birthing A Market: A Study on Commercial Surrogacy (2012) Sama – Resource Group for Women and Health, Published by: Sama–Resource Group for Women and Health B-45, 2nd Floor Shivalik Main Road, Malviya Nagar New Delhi - 110017
4. Gupta Jyosna Agnihotri, (2000) New Reproductive Technologies.Women's Health and Autonomy, p.90.
5. Hagar and Ishmael, (1973, 1978, 1984, 2011), Holy Bible, New International Version, Genesis 16, 30:2 and 30:4 New International Version (NIV)
6. Karl Thompson (2019) Sociological Perspectives on 'Renting a Womb' https://revisesociology.com/2019/01/14/sociological-perspectives-on-renting-a-womb/
7. Koolwal Manju, surrogate parenthood (An Indian Soco-legal)Journal of legal studies p160
8. Lori B. Andrews, Surrogate Motherhood: The Challenge for Feminists, in SURROGATE MOTHERHOOD 167, 168

9. NYAYA DEEP, Vol. XVI Issue IV – (2015), The Official Journal of NALSA, National Legal Services Authority 12/11, Jamnagar House, Shahjahan Road, New Delhi, Website: www.nalsa.gov.in
10. Oliphant RE (2007) Surrogacy in Black law dictionary, family law, New York Aspen Publishers:349
11. Patel T, 1994, Fertility Behavior ,Population and Society in Rajastan.
12. Postgate, J.N. (1992). *Early Mesopotamia Society and Economy at the Dawn of History*. Routledge. p.105
13. Saxena Pikee, Mishra Archna & Malik Sonia (2012), Surrogacy: Ethical and Legal Issues, National Library of Medicine, National Center for Biotechnology Information, https://www.ncbi.nlm.nih.gov/pmc/articles/PMC3531011/
14. Scott B. Rae (2000) Moral Choices: An Introduction to Ethics, Zondervan Publications.
15. Shahi, Akhilesh, Socio legal effects of surrogacy in India, Ph.D. Thesis, Department of Law, Babu Banarasi Das Universit, http://hdl.handle.net/10603/247053
16. Surrogacy in Latinaccessed (2014) Available from: http://www.latindictionary.org/surrogatus,http://en.wiktionary.org/wiki/surrogatus
17. Surrogacy in New Encyclopedia, Britannicaaccessed (2014) Available from: http://www.britannica.com/EBchecked/topic/575390/surrogate-motherhood
18. Surrogate Motherhood- Ethical or Commercial, Centre for Social Research (CSR) 2, Nelson Mandela Marg, Vasant Kunj – 110070
19. Warnock DM (1984) Report of the committee of inquiry into human fertilisation and embryology, London Command of Her Majesty:42

‘‘માણસ બદ્ધ છે, અજ્ઞાન છે, કુવાસનાઓથી ઘેરાયેલો છે, પરિસ્થિતિથી જકડાયેલો છે, તેથી તેનો આત્મા દબાઈ ગયો છે. વિકાસને માટે તેને અવકાશ નથી મળતો. આ બધાં બંધનોમાંથી જે મુક્ત કરે; બુદ્ધિને અજ્ઞાન અને ખોટા વિચારોમાંથી મુક્ત કરે; હાથ, પગ વગેરે કર્મેન્દ્રિયોને જડતામાંથી મુક્ત કરે; મનને લાલચ, ભય અને ક્ષુદ્ર વાસના જેવી કુવાસનાઓમાંથી મુક્ત કરે; આખા માણસને પ્રાકૃતિક, સામાજિક, આર્થિક, રાજકીય, બૌદ્ધિક વગેરે સર્વ દાસ્યોમાંથી મુક્ત કરે; રસવૃત્તિને વિલાસમાંથી મુક્ત કરે; શાંતિને મદમાંથી મુક્ત કરે; આત્માને કૃપણતા કે અહંકારના પંજામાંથી મુક્ત કરે તે સાચી કેળવણી.’’

‘જીવનવિકાસ’માંથી **- કાકા કાલેલકર**

‘‘તે માણસને ખરી કેળવણી મળી છે, જે માણસનું શરીર એવું કેળવાયું છે કે તેના અંકુશમાં રહી શકે છે તે શરીર ચેનથી અને સરળતાથી તેને સોંપેલું કાર્ય કરે છે. જેની બુદ્ધિ શાંત ને ન્યાયદર્શી છે. જેનું મન કુદરતના કાયદાઓથી ભરેલું છે; જેની ઇન્દ્રિયો તેને વશ છે, જેની અંતરવૃત્તિ વિશુદ્ધિ છે તે નીચ કામને ધિક્કારે છે, તથા પોતાના સરખા બીજાઓને ગણે છે. આવો માણસ ખરો કેળવાયેલો ગણાય કેમ કે તે કુદરતના નિયમ પ્રમાણે ચાલે છે. કુદરત તેનો સારો ઉપયોગ કરશે અને કુદરતનો તે સારો ઉપયોગ કરશે.’’

**- હકસ્લી**

## ઉપેક્ષિત સમુદાય અને સિનેમાઃ 'જય ભીમ' (૨૦૨૧) ફિલ્મના સંદર્ભે

– ડૉ. રાજેશ લકુમ*

**સારાંશ :**

અનુ-આધુનિક સમાજમાં સિનેમા એ વ્યક્તિના 'સ્વ'નું પ્રતિબિંબ પાડે છે. સિનેમા સાથે 'અનુઆધુનિક સ્વ' જોડાયેલ હોય છે જે ધીમે-ધીમે 'સિનેમેટિક સમાજ' ઊભે કરે છે. સમાજઘડતરમાં ફિલ્મોનું અનન્ય યોગદાન છે. પરંતુ શરૂઆતના સમયગાળામાં ભારતીય ફિલ્મોમાં ઉપેક્ષિત સમુદાયના પ્રશ્નો વિશે વધારે ચર્ચા કરવામાં આવતી ન હતી. ફક્ત ઉપેક્ષિત સમાજની જાગૃતિના કારણે ફિલ્મોના વિષયવસ્તુમાં વંચિતોની સમસ્યાનું વધારે ઉમેરણ થવા લાગ્યું. પ્રસ્તુત લેખમાં ઉપેક્ષિત સમુદાયના સંદર્ભે ફિલ્મો દર્શાવવામાં આવતી સામાજિક આંતરક્રિયાની ચર્ચા કરવામાં આવી છે. જેમાં ફિલ્મોમાં કેવી રીતે જ્ઞાતિ, જાતિ, વર્ગ, ધર્મ અને પ્રાદેશિકતાને દર્શાવવામાં આવે છે ? ભારતીય સામાજિક માળખાની અસરો ફિલ્મો પર કેવી થાય છે ? અને 'જય ભીમ' ફિલ્મમાં કેવી રીતે ઉપેક્ષિત સમુદાયની વાસ્તવિકતા દર્શાવવામાં આવે છે ? વગેરે પ્રશ્નો અંગે ગહન માહિતી આપવામાં આવી છે. તાજેતરમાં આવેલ દક્ષિણ ભારતની 'જય ભીમ' ફિલ્મમાં ઇરુલા આદિવાસી વિરુદ્ધના અત્યાચારો અને સંઘર્ષની ગાથાનો અભ્યાસ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આવી ફિલ્મો દ્વારા સામાજિક અને સાંસ્કૃતિક સમસ્યાઓને વાચા આપી નિરાકરણ માટેનો પ્રયાસ પણ કરવામાં આવે છે. ફિલ્મો સમાજ માટે પ્રેરણારૂપ પણ બને છે.

**ચાવીરૂપ શબ્દો :** સિનેમેટિક સમાજ, જ્ઞાતિ, વર્ગ, આંતરક્રિયા અને ઇરુલા આદિવાસી વગેરે.

**પ્રસ્તાવના :**

સમાજની વાસ્તવિકતાને દૃશ્ય કે કેમેરા દ્વારા દસ્તાવેજીકરણ કરી ફિલ્મનું સર્જન કરવામાં આવે છે. 20મી સદીમાં ફિલ્મો દ્વારા સામાજિક નિર્માણની શરૂઆત થઈ છે. સાથે-સાથે 'સિનેમા સમાજશાસ્ત્ર'ની શાખા અસ્તિત્વમાં આવી. જેમાં 'સિનેમેટિક સમાજ' વિશે અભ્યાસો હાથ ધરવામાં આવ્યા. નોર્મન ડેન્ઝિન (1995) 'સિનેમેટિક સોસાયટી' પુસ્તકમાં સિનેમાનો પ્રભાવ કેવી રીતે દૃશ્ય સંસ્કૃતિ અને વ્યક્તિઓના સામાજિક સમજણ પર પડે છે ? સિનેમેટિક નજર (Cinematic Gaze) સમાજમાં શું પેદા કરે છે ? સિનેમા એ કેવી રીતે સમાજના વિકાસમાં વ્યાપક રીતે ફાળો આપે છે ? લોકમાનસ ઘડતરમાં સિનેમાનું શું યોગદાન છે ? વગેરે પ્રશ્નોની ચકાસણી આ અભ્યાસમાં કરવામાં આવી. સિનેમા વ્યક્તિના સામાજિક વર્તનનું નિયમન કરે છે. જે સ્થાપિત હિતો મેળવવા માટે ઉપયોગી થાય છે. સિનેમા કે ફિલ્મોની અસર રોજિંદા જીવનમાં પણ જોવા મળે છે એટલે કે સમાજમાં સામાજિક ગતિશીલતા શક્ય બને છે (Denzin, 1995). સિનેમા કે ફિલ્મ એ સર્જનાત્મક અભિવ્યક્તિનું માધ્યમ છે. જે સમૂહ માધ્યમોના કાર્યો કરે છે; જેમ કે માહિતી, શિક્ષણ, મનોરંજન અને સંસ્કૃતિનું પ્રસારણ કરે છે. ફિલ્મોની પ્રકૃતિ સમાજને પ્રભાવિત કરે છે અને સમાજમાં બનતી રોજબરોજની ઘટનાઓનું નિરૂપણ ફિલ્મોમાં કરવામાં આવે છે. ઉપેક્ષિત સમુદાયની સામાજિક ઘટનાઓ સમાજમાં વ્યાપક અસર નિપજાવે છે. સમાજમાં ફિલ્મોત્વ એક ઉત્પ્રેરક તરીકેની મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જે મનોરંજન સાથે સામાજિક પરિવર્તનનું કાર્ય કરે છે. સામાન્ય રીતે ફિલ્મોનું આકર્ષણ લોકોમાં જોવા મળે છે. લોકોના અનુભવો સીધી કે આડકતરી રીતે ફિલ્મોમાં પ્રગટ થાય છે, એટલે કે ફિલ્મ ફક્ત મનોરંજન નહિ પરંતુ વિચારોનું પ્રદાન પણ કરે છે, તથા ફિલ્મોમાં એવી

* ડૉ. રાજેશ, લકુમ, રિસર્ચ ઍસોસિયેટ, હ્યૂમન ડેવલપમેન્ટ ઍન્ડ રિસર્ચ સેન્ટર (HDRC), સેન્ટ ઝેવિયર્સ કૉલેજ કેમ્પસ, અમદાવાદ : rajesh.cug@gmail.com

વાસ્તવિકતા કે પરિસ્થિતિનું ચિત્રણ કરે છે જે લોકોના જીવન સાથે સામ્યતા ધરાવે છે. સામાન્ય લોકો ઝડપથી અને અસરકારક રીતે સમજી શકે તે પ્રકારનું વિષયવસ્તુ રજૂ કરવામાં આવે છે. જે લોકોમાં દબાયેલ ભય અને ઇચ્છાઓને જાહેરમાં પ્રતીતિ કરાવે છે, તેમજ વ્યક્તિગત આકાંક્ષાઓનું સૂચન કરે છે જે વર્તમાન સામાજિક વાસ્તવિકતાના ઉકેલ માટે સક્રિય રીતે કાર્ય કરે છે. ઘણી વાર ફિલ્મો નકારાત્મક રીતે ભાવનાત્મક એકીકરણ દ્વારા સમાજમાં ખાઈ ઊભી કરવાનું કાર્ય પણ કરે છે. પરંતુ ફિલ્મો દ્વારા નાગરિક મૂલ્યો પેદા કરી ઉત્તમ જીવન જીવવા માટેના સહિયારા પ્રયત્નો કરવા જોઈએ. એટલે કે માનવીય લાગણીઓનો હકારાત્મક રીતે દોરીસંચાર ફિલ્મો દ્વારા કરવામાં આવે તો જ સમાજની સમસ્યાઓનું નિરાકરણ ઝડપી શક્ય બને. ફિલ્મો એ ફક્ત રચનાત્મક અભિવ્યક્તિ નથી, પરંતુ લોકમાનસ ઘડતરમાં અસર કરવાનું એક મહત્ત્વનું પરિબળ છે. ઉપેક્ષિત સમુદાયના સમૂહજીવનમાં ફિલ્મની અસર એક પ્રતિકારની સંસ્કૃતિનું નિર્માણ કરે છે.

પ્રસ્તુત લેખમાં 'જય ભીમ' ફિલ્મ આધારિત છે. આ ફિલ્મ તમિલનાડુના કડલોર જિલ્લાનું ગોપાલપુરમ ગામમાં વર્ષ 1993માં બનેલ વાસ્તવિક ઘટના પર બનેલ છે. 'જય ભીમ' ફિલ્મની કહાની જોઈએ તો, ગામમાં ઉચ્ચ જ્ઞાતિના સરપંચના ઘરમાંથી 40 જેટલા દાગીના ખોવાઈ ગયા. પોલીસ દ્વારા ખોટો આરોપ નાંખી રાજકન્નુ (આદિવાસી વ્યક્તિ)ની ધરપકડ કરે છે. અને પોલીસસ્ટેશનમાં બેરહેમી અનેક વાર અત્યાચાર કરવામાં આવે છે. રાજાકન્નુની પત્ની આ તમામ ઘટના જોઈને વ્યથિત થઈ જાય છે. તેમજ પોલીસ દ્વારા જ રાજાકન્નુને પોલીસ કસ્ટડીમાંથી ગુમ કરવામાં આવે છે. વકીલ ચંદ્રુ અને રાજકીય પાર્ટી દ્વારા અનેક પ્રયત્નો કરવામાં આવે છે પણ સત્તાધારી દ્વારા કોઈ પગલાં લેવાતાં નથી. આખરે ચેન્નઈના વકીલ કે. ચંદ્રુ દ્વારા કાયદાકીય લડતનાં 3 વર્ષ બાદ મદ્રાસ હાઈકોર્ટ દ્વારા 1996માં ચુકાદો (જજમેન્ટ) આપવામાં આવે છે, જેમાં 2 લાખ અને 65 હજાર અને 3 એકર જમીનની સહાય સરકાર દ્વારા આપવાનો આદેશ મદ્રાસ હાઇકોર્ટ કરે છે તથા આરોપી 5 પોલીસકર્મીઓને 14 વર્ષની સજા અને ડૉક્ટરને 3 વર્ષની સજાનો હુકમ કરવામાં આવે છે. આ સમગ્ર કહાની વંચિત અને ગરીબ ઇરુલા આદિવાસીની છે. આ ફિલ્મમાં દર્શાવવામાં આવેલ ઇરુલા આદિવાસી સમુદાય વિશે સમજ મેળવીએ.

વર્ષ 2011ની વસ્તીગણતરી મુજબ તમિલનાડુમાં 7.21 લાખ આદિવાસી વસ્તી ધરાવે છે. તમિલનાડુમાં વિવિધ 36 આદિવાસી સમુદાય વસવાટ કરે છે, જેમાં ટોડા, કોટા, કુરુંબાસ, ઇરુલુર (ઇરુલા), પાનિયન અને કટ્ટનાયકન-એમ 6 આદિવાસી સમુદાયને પ્રીમિટિવ ટ્રાયબલ તરીકે ઓળખ આપેલ છે. (GTN, 2022) જેમાંથી એક ઇરૂલા આદિવાસી સમુદાય પરના શોષણ અને અત્યાચાર પર 'જય ભીમ' ફિલ્મ બનાવવામાં આવેલ છે. ઇરુલા નામ એ તમિલ શબ્દ 'ઇરૂલ' પરથી આવ્યો છે, જેનો શાબ્દિક અર્થ 'કાળો' (Dark) જે તેમના શરીરના વર્ણ પરથી રાખવામાં આવ્યો છે. ઇરુલા લોકો પોતાની ભાષા 'ઇરુલા' બોલે છે. આ ભાષા તમિલ અને મલિયાલ - એમ બંને ભાષાનું મિશ્રણ છે. તેઓ પોતાની અલગ બોલી બોલે છે. સામાન્ય રીતે ઇરુલા લોકો માંસાહરી ભોજન લે છે. પહેલાં તેઓ સાપ અને ઉંદરનો શિકાર કરી ગુજરાન ચલાવતા હતા. પરંતુ ભારત સરકાર દ્વારા વર્ષ 1972માં ભારતીય વન્યજીવ સંરક્ષણ અધિનિયમ પસાર કરવામાં આવ્યો. જેમાં પ્રાણીઓના શિકાર, માંસ અને ચામડી વેચાણ પર પ્રતિબંધ લગાવ્યો જેની સીધી અસર ઇરુલા આદિવાસીની આજીવિકા પર થઈ. વર્તમાન સમયમાં તેઓ અસંગઠિત ક્ષેત્રમાં ખેતમજૂરી અને અન્ય છૂટક મજૂરી દ્વારા ગુજરાન ચલાવે છે. તેમનામાં સંયુક્ત કુટુંબપ્રથા જોવા મળે છે. ઇરુલા સમુદાયમાં પણ પેટા-જૂથો જેવાં કે કસબાસ, મુડુમર્સ અને ઉરલીરૂલસ જોવા મળે છે. સામાજિક જાગૃતિમાં વધારો થવાથી ઇરુલા આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે (Emmanual D & Rajan,

2013; Stanley & Muthukumar, 2020). ઇરુલા સમુદાય વિશેની 'જય ભીમ' ફિલ્મ વિશે ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરતાં પહેલા ભારત અને ગુજરાતમાં ઉપેક્ષિત સમુદાયના સંદર્ભની ફિલ્મો વિશે માહિતી મેળવીએ.

**ઉપેક્ષિત સમુદાય અને ફિલ્મો :**

ભારતમાં આઝાદી પહેલા ઉપેક્ષિત સમુદાયના પ્રશ્નોને વાચા આપવાનું કાર્ય અંશતઃ પ્રમાણમાં શરૂ થયું હતું. જેમાં સૌપ્રથમ 'અછૂત કન્યા' (1936) ભારતીય સિનેમાની પહેલી ફિલ્મ છે જેમાં જ્ઞાતિ અને અંતઃ લગ્નની વાસ્તવિકતા દર્શાવવામાં આવી છે. આ સિવાય પણ ચંડીદાસ (1932), દેવદાસ (1935), મલપિયાલ્લા (1938) અને ધર્માત્મા (1935) વગેરેમાં ફિલ્મોમાં ઉપેક્ષિત સમુદાય વિશેની વિષયવસ્તુ જોવા મળે છે. આઝાદી બાદ ગ્રામીણ જીવન અને ઉપેક્ષિત સમુદાયની સામાજિક-આર્થિક સમસ્યા ઉજાગર કરી ફિલ્મોમાં પ્રસારિત કરવામાં આવી. જેમાં આવારા (1951), નયા દૌર (1957), સુજાતા (1959), હમ હિન્દુસ્તાની (1960), ગોપી (1970), ઝંઝીર (1973), રોટી, કપડાં ઔર મકાન (1974), અંકુર (1974), દીવાર (1975), નિશાંત (1975), મંથન (1976), પરવરિશ (1977), ખૂન પસીના (1977), અને કાલા પથ્થર (1979) વગેરેનો સમાવેશ થાય છે. સાથે સાથે હિન્દુ-મુસ્લિમ અને જ્ઞાતિ આધારિત ફિલ્મોનું ચલણ વધવા લાગ્યું જેમાં અમર અકબર એન્થોની (1977), બોમ્બે (1995), અર્થ (1998), પિંજર (2003), વીર-ઝારા (2004), અને પરઝનિયા (2007) વગેરેમાં હિન્દુ-મુસ્લિમીકરણ અને જ્ઞાતિ સમુદાયના વિષયવસ્તુ આધારિત ફિલ્મો પ્રસારિત કરવામાં આવી (Yengde, 2018). આ સિવાય લજ્જા (2001), આક્રોશ (2010) જેવી ફિલ્મોમાં દલિતની ભૂમિકા દર્શાવવામાં આવી છે. (Herrero, 2021). તાજેતરમાં એમેઝોન પ્રાઇમ વીડિયો પર 'સરદાર ઉધમ' (2021) ફિલ્મ પ્રસારિત કરવામાં આવી હતી. આ ફિલ્મ આઝાદી પહેલાં 13 માર્ચ 1919 મી રોજ ઑ'ડાયરે અમૃતસરના જલિયાંવાલા બાગમાં પ્રદર્શન કરી રહેલા લોકો પર હિંસક દમન કર્યું હતું, જેના વિરોધમાં સરદાર ઉધમસિંહ દ્વારા 13 માર્ચ 1940ના રોજ ભૂતપૂર્વ લેફ્ટનન્ટ ગવર્નર માઇકલ ઑ'ડાયરની લંડનમાં હત્યા કરવામાં આવી. જલિયાંવાલા બાગ હત્યાકાંડનો બદલો દર્શાવતી ફિલ્મ એટલે 'સરદાર ઉધમ' સમગ્ર ફિલ્મમાં બદલો લેવા માટેની વ્યૂહરચના અને ઉધમસિંહની દઢ સંકલ્પની ઝલક ફિલ્મમાં જોવા મળે છે. (Ramnath, 2021).

દલિત મહિલાની સંઘર્ષની કહાની આધારિત ફિલ્મ 'બેનિડિક્ટ ક્વીન' (1994) પ્રસારિત કરવામાં આવેલ જેમાં ફૂલન દેવી સાથે થયેલ સામૂહિક બળાત્કાર વિરુદ્ધ લડત દર્શાવવામાં આવી છે. આ ફિલ્મ ફૂલન દેવીના વાસ્તવિક જીવન સાથે જોડાયેલ છે. આ સિવાય આનંદ પટવર્ધનની 'જય ભીમ કોમરેડ' (2011) નામની ડૉક્યુમેન્ટરી ફિલ્મમાં જ્ઞાતિ અને વર્ગની અસમાનતા વિરુદ્ધનો રોજબરોજનો સંઘર્ષ દર્શાવાયો છે. અન્ય ડૉક્યુમેન્ટરી 'રાઈટિંગ વિથ ફાયર' (2021) એ ડૉક્યુમેન્ટરી વર્ષ 2022 માં ઓસ્કાર માટે નોમિનેટ કરવામાં આવી છે. આ ડૉક્યુમેન્ટરી ફિલ્મનું નિર્દેશન રીન્ટુ થોમસ અને સુષ્મિત ઘોષે કર્યું છે. 'રાઈટિંગ વિથ ફાયર' ની કહાની દલિત મહિલાઓ દ્વારા ચલાવવામાં આવતા અખબાર 'ખબર લહરિયા' પર આધારિત છે. સ્થાનિક અખબારના માધ્યમથી મહિલા પત્રકારો સમાજમાં પ્રવર્તતી પિતૃસત્તાની પ્રથા પર પ્રશ્નો ઉઠાવે છે. મહિલાઓના પ્રશ્ને પોલીસદળ કેમ નિર્બળ અને અસમર્થ છે, તેના વિશે આ ડૉક્યુમેન્ટરી ફિલ્મમાં દર્શાવવામાં આવ્યું છે તથા ગ્રામ્ય વિસ્તારમાં પ્રવર્તતી જાતિવાદી માનસિકતા સામે સંઘર્ષ પણ બતાવવામાં આવ્યો છે. દલિત મહિલાઓને સમાજમાં સ્થાપિત કરવા માટેની કહાની એક પડકાર રૂપે દર્શાવવામાં આવી છે. (ETV Bharat, 2022)

ભારતમાં શૂદ્રોની પરિસ્થિતિ દર્શાવતી ફિલ્મ એટલે 'શૂદ્રા : ધ રાઈઝિંગ' (2012) ફિલ્મ પ્રસારિત કરવામાં આવી. જેમાં શૂદ્ર વર્ગના લોકો પર કરવામાં આવતા અમાનવીય વ્યવહાર અને સંઘર્ષની પષ્ઠા દર્શાવવામાં

આવી છે. તાજેતરમાં મહારાષ્ટ્રની સફળ દલિત ફિલ્મો જોઈએ તો ફેંડ્રી (2013) અને સૈરાટ (2016)માં જ્ઞાતિ-આધારિત ભેદભાવ અને હિંસાને ઉત્તમ રીતે આવરી લેવામાં આવ્યો છે. ફેંડ્રી (2013) જ્ઞાતિ, ઓળખ અને પ્રેમ વિશે આકર્ષક ફિલ્મ છે. ફિલ્મનો નાયક ગરીબ પરિવારમાંથી આવે છે જે ભૂંડની સફાઈ કરવી, દેખરેખ રાખવી અને બચાવ કરવો વગેરે વ્યવસાય કરી પોતાનો જીવનનિર્વાહ ચલાવે છે. સાથે સાથે મહારાષ્ટ્રના આ ગરીબ યુવાનની મોહક પ્રેમકથા પણ દર્શાવવામાં આવી છે, જે ફિલ્મના છેલ્લા સીન સુધી પ્રતીકાત્મક બનવાનું નિર્ધારણ કરે છે. સમાજશાસ્ત્રીય પરિભાષામાં કહીએ તો 'સમાજશાસ્ત્રીય કલ્પના' (Sociological Imagination) કરતા અભિનેતા આ ફિલ્મમાં દર્શાવવામાં આવે છે. અન્ય ફિલ્મ સૈરાટ (2016) ફિલ્મમાં ઉચ્ચ જ્ઞાતિની છોકરી અને નિમ્ન જ્ઞાતિના છોકરીની પ્રેમકહાની અને ત્યારબાદ થયેલ આંતરજ્ઞાતીય લગ્નના વિરોધ રૂપે ઓનર કિલિંગનો ચિતાર દર્શાવવામાં આવ્યો છે (Yengde, 2018).

વર્તમાન સમયમાં આવેલ દક્ષિણ ભારતની ફિલ્મ 'કબાલી' (2016), 'અસૂરણ' (2019), 'કાલા' (2021) અને 'કર્ણન' (2021) વગેરેમાં ઉપેક્ષિત સમુદાયને સંદર્ભ રાખવામાં આવ્યો છે. જેમાં મુખ્યત્વે 'અસૂરણ' (2019) ફિલ્મ જમીનદાર અને નાના ખેડૂતો વચ્ચેના સંઘર્ષને ઉજાગર કરતી ફિલ્મ છે. નાના ખેડૂતોની જમીન પચાવી અને શોષણ કરે છે. પરંતુ નાના ખેડૂતો શોષણ સામે અવાજ ઉઠાવીને પડકાર કરે છે. આ ફિલ્મ તમિલનાડુમાં વર્ષ 1968ના બનેલ કિલ્વેનમાની હત્યાકાંડમાં (કીઝવેનમાની હત્યાકાંડ) 44 દલિત મજૂરો જાહેર સભા કરી રહ્યા હતા જેમાં જમીનદારોના જૂથ દ્વારા હુમલો કરી ખૂન કરવામાં આવ્યું. આ ઘટનાનો ચિતાર ફિલ્મમાં દર્શાવવામાં આવ્યો છે (Herrero, 2021). મારિ સેલ્વરાજની 'કર્ણન' (2021) ફિલ્મ મૂળ વર્ષ 1995ની કોડિયાકુલમની જ્ઞાતિગત હિંસાના બનાવ પર આધારિત છે. આ ફિલ્મમાં તમિલનાડુના બે ગામ પોડિયાકુલમ અને મેલુર વચ્ચે બસસ્ટેશન બાબતે સંઘર્ષની કહાની છે. પોડિયાકુલમ ગામમાં વંચિત સમુદાય રહેતો હોવાથી ત્યાં બસ ઊભી રાખતા નથી. તેથી આ સમુદાયને બસમાં બેસવા માટે મેલુર ગામ જવું પડે છે. આ મેલુર ગામમાં પ્રભુત્વ જ્ઞાતિ રહે છે જે પોડિયાકુલમ ગામના વંચિત સમુદાયનાં મહિલા, વિદ્યાર્થી અને યુવાનોને હેરાન કરે છે. કર્ણનની મુખ્ય ભૂમિકામાં ધનુષ છે. જે ગામના બસસ્ટેશને બસ રોકવા બાબતે લડત કરે છે, પરિણામે પોડિયાકુલમ ગામમાં પોલીસ દ્વારા હિંસા કરવામાં આવે છે. હિંસા રોકવા કર્ણન પણ પોલીસ પર હિંસા કરે છે. અંતે કર્ણનને દસ વર્ષની સજા થાય છે પરંતુ બસસ્ટેશનની સુવિધા ચાલુ કરવામાં આવે છે જેથી વંચિત સમુદાયના ગામમાં યુવાનોને શિક્ષણ મળતું થયું છે.

ગુજરાતી ફિલ્મો સામાજિક જીવન સાથે જોડાયેલ છે. શરૂઆતમાં ગુજરાતી ફિલ્મો સંત પરંપરાઆધારિત બનાવવામાં આવતી, જેમાં જેસલ તોરલ (1971) અને ગંગાસતી (1979) ફિલ્મોનો સમાવેશ થાય છે. આ સિવાય દિનેશ રાવલની ફિલ્મો અમર દેવીદાસ (1981) અને સંત રોહિદાસ (1982) સફળ ચલચિત્રોનું દિગ્દર્શન કર્યું છે. ત્યારબાદ ગ્રામીણ જીવન આધારિત ફિલ્મનો વધારો થયો. જેમાં ફિરોઝ સરકારદિગ્દર્શિત ફિલ્મ જનમટીપ (1973) ફિલ્મ છે, જે ઈશ્વર પેટલીકરરચિત જનમટીપ (1944) નામની નવલકથા પરથી બનેલ છે. આ ફિલ્મમાં મહીકાંઠાના પછાત સમુદાયનાં પાત્રો અને તેમના લોકજીવન સાથે કથાનયિકાની પ્રતિકારની છટાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. વર્ષ 2000 પછી શહેરી જીવન આધારિત ફિલ્મોની વધારે પ્રમાણમાં શરૂઆત થઈ. આ આધુનિક સમયમાં શુભ આરંભ (2016), ભવની ભવાઈ (2017), રેવા (2018) અને ચાલ જીવી લઈએ (2019) વગેરે ફિલ્મોએ ગુજરાતી સિનેમાના વિકાસમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે.

તાજેતરમાં પ્રસારિત થયેલ વંચિત સમુદાયના વિષયવસ્તુ આધારિત ગુજરાતી ફિલ્મની વાત કરીએ તો, કૃષ્ણદેવ યાજ્ઞિકની ગુજરાતી ફિલ્મ 'કરસનદાસ પે એન્ડ યુઝ' (2017) નાયક તિલોક અને તેનો નાનો

ભાઈ સુંદર શૌચાલય ચલાવે છે. જ્યારે જયા અને તિલોક વચ્ચે પ્રેમ થાય છે. જેની જાણ જયાના પિતાને થતાં સંબંધ સ્વીકારતા નથી અને લોકોને ભેગા કરીને તિલોકને માર મારે છે. તિલોક જયાના પિતાને પડકાર આપે છે કે એક મહિનામાં પોતાનું મહત્ત્વ સાબિત કરશે. નાયક સમાજમાં શૌચાલયનું મહત્વ સાબિત કરે છે. ડૉ. કે. આર. દેવમાનીની ફિલ્મ 'તમે કેવા' (2018) શહેરમાં દેખાતા જ્ઞાતિવાદ પર આધારિત છે. ફિલ્મમાં દલિત પાત્ર રામજી ભજવે છે. જે વ્યક્તિગત અને પ્રોફેશનલ જીવનમાં જ્ઞાતિવાદનો શિકાર બન્યો હોય છે. આ ફિલ્મમાં અન્ય કહાનીમાં નિમ્ન જ્ઞાતિનો પૈસાદાર છોકરો અને ઉચ્ચ જ્ઞાતિની છોકરીની પ્રેમકહાની દર્શાવી છે. પરંતુ જ્યારે આ બંનેનાં લગ્નની વાત આવે છે ત્યારે નિમ્ન જ્ઞાતિનો છોકરો પૈસાદાર હોવા છતાં ઉચ્ચ જ્ઞાતિની છોકરીના પિતા લગ્ન માટે તૈયાર થતા નથી અને પોતાનો વિરોધ દર્શાવે છે. (Mangalam, 2021). આ સિવાય અભિષેક શેઠની ગુજરાતી 'હેલ્લારો' (2019) ફિલ્મમાં કચ્છ રણવિસ્તારના વ્રજવાણી આસપાસનાં ગામોમાં વર્ષો મહિલાને ગરબા રમવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. પરતું ભુજ શહેરની એક મહિલા લગ્ન કરીને વ્રજવાણી ગામમાં જાય છે. આ મહિલા ગરબા નહિ રમવાના નિયમો તોડે છે અને દલિત ઢોલી ઢોલ વગાડે ત્યારે ગરબા રમે છે, ત્યારબાદ ગામની બધી જ મહિલા પાણી ભરવા જાય છે ત્યારે રોજ ગરબા રમે છે જેની જાણ ગામના પુરુષોને થતાં તેઓ મહિલા પર અત્યાચારો કરે છે અને ઢોલ વગાડનાર દલિત ઢોલીને ઢોરમાર મારવામાં આવે છે. આ ફિલ્મની કહાની વર્ષ 1975મા કચ્છમાં બનેલ છે. 'જય ભીમ' વિશે જાણકારી મેળવીએ.

**'જય ભીમ' ફિલ્મ વિશેઃ**

આદિવાસી સમુદાયના સંઘર્ષ પર બનેલી ફિલ્મ છે. વર્ષ 1990ની આસપાસ આદિવાસી પોતાના અસ્તિત્વ માટે લડી રહ્યા હતા તે સમયની સત્ય ઘટના પર આધારિત ફિલ્મ છે. આદિવાસી ગર્ભવતી મહિલાનો પતિ પોલીસકસ્ટડીમાંથી ગુમ થઈ જાય છે ત્યારે તેની પત્ની વકીલ ચંદ્રુની મદદથી કેસ લડે છે. સમગ્ર ફિલ્મ માનવીય સંવેદનાને જાગ્રત કરે છે. આ ફિલ્મ 2 નવેમ્બર, 2021ના રોજ એમેઝોન પ્રાઈમ વીડિયો પર રિલીઝ કરવામાં આવી છે. આ ફિલ્મ મદ્રાસ હાઈકોર્ટનો કેસ પર આધારિત છે જેમાં આદિવાસી સમુદાયના રાજાકન્નું અને તેના બે સાથીઓ પર પોલીસ દ્વારા ખોટા આરોપ નાંખી બેરહમીથી અત્યાચાર કરવામાં આવે છે, જેના વિરુદ્ધ રાજાકન્નુની પત્ની સેંગન્ની (સાચું નામ પાર્વથી) કાયદાકીય લડત આપી વિજય હાંસિલ કરે છે.

'જય ભીમ' ફિલ્મના ડાયરેક્ટર ટી. જે. જ્ઞાનવેલ અને મુખ્ય ધારાશાસ્ત્રીની ભૂમિકામાં સૂર્યા શિવકુમાર છે જ્યારે લીજોમોલ જોશી આદિવાસી મહિલાની ભૂમિકામાં, મણિકંદન આદિવાસી મહિલાના પતિની ભૂમિકામાં અને અભિનેતા પ્રકાશ રાજે સ્વાભિમાની અને નીડર પોલીસ અધિકારીના રૂપમાં પોતાની ભૂમિકા દર્શાવી છે. આ ફિલ્મમાં સૂર્યા શિવકુમાર એક વકીલની ભૂમિકા તરીકે વંચિત, ગરીબ, અસહાય અને આદિવાસી સમુદાયના ન્યાય માટે ઊભો રહે છે. વાસ્તવિકરૂપમાં મદ્રાસ હાઈકોર્ટના નિવૃત્ત જજ કે. ચંદ્રુથી પ્રેરિત છે. જેમને વર્ષો સુધી વકીલના વ્યવસાયમાં રહીને માનવઅધિકારો માટે અવાજ ઉઠાવી ન્યાય અપાવ્યો છે. માનવઅધિકારના કેસોમાં તેમણે કોઈ પણ વાર પૈસા લીધા નથી. ન્યાયપાલિકામાં પ્રેરણાસ્રોત તરીકે નિવૃત્ત ન્યાયમૂર્તિ કે. ચંદ્રુ પર વધારે પ્રકાશ પાડવામાં આવ્યો છે.

'જય ભીમ' ફિલ્મમાં જાતિવાદ, કસ્ટોડિયલ ડેથ, તેમજ શિક્ષા, અસ્પૃશ્યતા, અંધઃશ્રદ્ધા દર્શાવવામાં આવ્યાં છે. ફિલ્મના પહેલા જ દશ્યમાં જેલના પોલીસઅધિકારી જેલમાંથી છૂટતા દરેક કેદીને જાતિ પૂછીને અલગ કરે છે. ઉચ્ચ જાતિના કેદીને છોડી મૂકવામાં આવે છે, જ્યારે નિમ્ન જ્ઞાતિના (કુરુવર અને ઇરુલા) કેદીઓને અલગ લાઈન કરીને બીજા ખોટા કેસોમાં ફસાવવામાં આવે છે અને પાછા જેલમાં પૂરી દેવામાં આવે છે. તેની પાછળનું કારણ એ છે કે પોલીસ રેકૉર્ડમાં એવું બતાવવા માંગે છે કે પોલીસસ્ટેશનમાં કરવામાં આવેલ કેસોનું નિરાકરણ

આવી ગયું. પરિણામે પોલીસઅધિકારીને આ કેસોના નિરાકરણના લીધે પ્રમોશન કે બઢતી મળી શકે.

ફિલ્મમાં ઇરુલા સમુદાય ગામના છેવાડે ઝૂંપડપટ્ટી બાંધીને રહેતા હોય છે. એક સીનમાં વરસાદના પાણી દ્વારા ઝૂંપડપટ્ટીમાં પાણી આવી જાય છે ત્યારે રાજાકન્નુ તેની પત્નીને વાયદો કરે છે કે 'મૃત્યુ પામતાં પહેલાં તને પાકા મકાનની માલિક બનાવીશ'. પરંતુ વાસ્તવિકતામાં મકાન બનાવવા માટે જમીન જોઈએ. જે આદિવાસી પાસે નથી. ત્યારબાદ ઇરુલા સમુદાયને ભણાવવા ગામમાં શિક્ષિકા આવે છે. શિક્ષિકા ભણાવતાં કહે છે કે 'પટ્ટા પઢો' ત્યારે રાજાકન્નું કહે છે, 'જમીનના પટ્ટા તો મળવાના નથી'. એટલે કે જમીન વિહોણા આદિવાસીને રહેવા માટે જમીનનો એક ટુકડો પણ ફાળવવામાં આવતો નથી. જમીનના પટ્ટા કે ટુકડો અને અન્ય સરકારી લાભો લેવા માટે સરકારી દસ્તાવેજો જોઈએ. જે આદિવાસી પાસે નથી. ફિલ્મના એક દૃશ્યમાં જાતિપ્રમાણપત્ર અને ચૂંટણીકાર્ડ મેળવવા માટે આદિવાસીઓ સરકારી કચેરીમાં જાય છે અને અનુસૂચિત જનજાતિ (એસ.ટી) માટેનું પ્રમાણપત્ર આપવા સરકારી કર્મચારીને કહે છે ત્યારે સરકારી કર્મચારી કહે છે કે એસ. ટી. પ્રમાણપત્ર માટે 'મારી જાન કેમ ખાય છે'. તમે પાછા જંગલમાં જતાં રહો. આદિવાસીને જંગલમાં જ રહેવું જોઈએ. તમે કલેક્ટર પાસે જઈને લખાવી આવો તો જ કાઢી આપીશ. આવી જ રીતે ફિલ્મના અન્ય એક દૃશ્યમાં આદિવાસી લોકો જ્યારે સરકારી કચેરીમાં વોટ આપવા માટેનાં ચૂંટણીકાર્ડ કઢાવવા જાય છે ત્યારે પણ અધિકારી કહે છે કે 'રેશનકાર્ડમાં નામ નથી તો કેવી રીતે ચૂંટણીકાર્ડ નીકળી શકે' ? તથા ગામના સરપંચ ત્યારે હાજર હોય છે એ શિક્ષિકાને કહે છે 'તમે ફક્ત ભણાવવા પર ધ્યાન આપો. ચૂંટણીકાર્ડ કઢાવી આપ્યા બાદ આદિવાસી માટે વોટ આપવા માટે માંગણી અમારે કરવાની'. આમ આદિવાસી લોકો જ્યારે સરકારી કચેરીમાં દસ્તાવેજો કઢાવવા જાય છે ત્યારે સરકારી કર્મચારી અને ઉચ્ચ જ્ઞાતિના લોકો દ્વારા અયોગ્ય વર્તન કરવામાં આવે છે. તેમને નાગરિક તરીકે ગણવામાં પણ નથી આવતા. ફિલ્મમાં સમાજની વાસ્તવિક સ્થિતિ દર્શાવવામાં આવી છે કે આજે પણ અનેક વંચિત સમુદાયના લોકો પાસે ઓળખ માટેના દસ્તાવેજ હોતા નથી. વ્યવસ્થાતંત્રએ ઉપેક્ષિત સમુદાયના લોકોને સહકાર આપી જવાબદારીપૂર્વક સરકારી ઓળખના દસ્તાવેજો કઢાવવામાં મદદ કરવી જોઈએ. (Ramnath, 2021a).

ફિલ્મના એક દૃશ્યમાં રાજાકન્નુ એક ડાયલૉગ કહે છે કે 'મેં કેટલી બધી ઈંટો બનાવી છે પરંતુ મારા ઘર માટે હું પાકું મકાન બનાવી શક્યો નથી'. બાબાસાહેબ આંબેડકરે 25 નવેમ્બર 1949ના સંવિધાન સભા ભાષણમાં કહ્યું હતું કે ''26 નવેમ્બર 1949માં આપણે અંતવિરોધોના જીવનમાં પ્રવેશ કરવા માટે જઈ રહ્યા છીએ. રાજનીતિમાં આપની પાસે સમાનતા હશે અને સામાજિક અને આર્થિક જીવનમાં આપની પાસે અસમાનતા હશે. રાજનીતિમાં આપણે એક વ્યક્તિ, એક વોટ, એક મૂલ્યના સિદ્ધાંતને માન્યતા આપીશું. પરંતુ આપણે સામાજિક અને આર્થિક જીવનમાં આપણે આપણા સામાજિક અને આર્થિક માળખાના કારણે, એક વ્યક્તિ, એક મૂલ્યના સિદ્ધાંતને આલોચના કરતાં રહીશું''. બાબાસાહેબની કલ્પના સાચી સાબિત થઈ છે. વર્તમાન સમયમાં વર્ગ અને જ્ઞાતિની ખાઈ વધી રહી છે. આજે સામાજિક ભેદભાવ સાથે આર્થિક અસમાનતાના કારણે ગરીબ વ્યક્તિ 'વસ્તુનું ઉત્પાદન' કરે છે, પરંતુ જે તે વસ્તુ પોતે બનાવેલ હોવા છતાં તેનો ઉપભોગ કરી શકતો નથી. એટલે કે રાજાકન્નુના ડાયલૉગમાં ગરીબ વ્યક્તિની માનસિક વ્યથા પ્રગટ કરવામાં આવી છે.

ઇરુલા આદિવાસી સાપ અને ઉંદર પકડવાનું પરંપરાગત કામ કરે છે. સાથે સાથે રોજગારી મેળવવા આદિવાસી ઈંટોના ભઠ્ઠામાં કામ કરતા દર્શાવવામાં આવે છે. ગામમાં ઉચ્ચ જ્ઞાતિના સરપંચના ઘરમાં દાગીનાની ચોરી થાય છે તેનો આરોપ સરપંચના ઘરમાં સાપ પકડવા માટે આવેલ રાજાકન્નુ પર લગાવવામાં આવે છે. પોલીસ દ્વારા રાજાકન્નુની શોધખોળ કરવા માટે રાજાકન્નુના

સંબંધીઓ એટલે ભાઈ અને બહેનના પરિવારને બાળજબરીપૂર્વક પોલીસસ્ટેશનમાં લાવીને પોલીસ દ્વારા અસહ્ય દમન ગુજારવામાં આવે છે. રાજાકન્નુ ઈંટોના ભઠ્ઠામાં કામ કરવા ગયો હોય છે અને ત્યાંથી પરત ઘરે આવતાં વચ્ચે ગામના સરપંચના માણસો દ્વારા ખોટી રીતે પકડી લઈ સરપંચના ઘરે લાવવામાં આવે છે, ત્યારબાદ સરપંચ પોલીસને ફોન કરી બોલાવીને રાજાકન્નુને પોલીસને સોંપી દે છે. પોલીસ દ્વારા રાજાકન્નુને દાગીનાની ચોરીના આરોપસર ખૂબ માર મારવામાં આવે છે. પરંતુ રાજાકન્નુ ખોટા આરોપનો સ્વીકાર કરતો નથી અને એવું કહે કે છે 'જે ચોરી અમે કરી નથી તો કબૂલ કેવી રીતે કરીએ'. પોલીસનો માર સહન ન થતાં રાજાકન્નુનો ભાઈ રાજાકન્નુને કહે છે કે ભાઈ, આપણે ચોરી કરી છે એમ કહી દઈએ હવે પોલીસનો માર સહન થતો નથી'. ત્યારે રાજાકન્નુ કહે છે કે 'પોલીસના મારના જખ્મ મટી જશે પરંતુ જે આપણા પર લગાવવામાં આવેલ ચોરીનું ક્લંક કેવી રીતે દૂર કરીશું ?' ત્યારબાદ પોલીસ દ્વારા ગુનાની કબૂલાત કરવા અસહ્ય માર મારવામાં આવે છે. રાજાકન્નુની પત્ની તેને 'પોલીસસ્ટેશનમાં ભોજન આપવા જાય છે ત્યારે રાજાકન્નુ પોલીસ મારના કારણે ભોજન ખાઈ શકતો નથી'. રાજાકન્નુને પોલીસસ્ટેનમાંથી છોડાવવા માટે સરપંચ પાસે જાય છે. પરંતુ સરપંચ કહે છે કે 'હું આદિવાસીના વોટથી સરપંચ બન્યો નથી. તમે નાની જ્ઞાતિ અને મોટી વાત કરો છો'. સેંગન્ની શિક્ષિકાની મદદથી મદ્રાસ હાઈકોર્ટના વકીલ ચંદ્રુને મળે છે. ત્યારબાદ સેંગન્ની પોલીસની બર્બરતાની કહાની વકીલને કહે છે. વકીલ દ્વારા હાઈકોર્ટમાં 'બંધી પ્રત્યક્ષીકરણ'ની અરજી કરે છે. 'બંધી પ્રત્યક્ષીકરણ' (હેબિયર્સ કોપર) એટલે કોર્ટમાં રજૂ કરવાની અરજી. વ્યક્તિને આઝાદ જીવન જીવવવાનો અધિકાર છે. તેને બંધિ બનાવી શકાય નથી. વકીલ ચંદ્રુ સેંગન્નીને કહે છે કે 'પુરાવાઓ વિના કેસ લડવો એ પણ ફક્ત પોલીસ વિરુદ્ધ નહિ પણ બહુ શક્તિશાળી લોકો વિરુદ્ધ અને સરકાર વિરુદ્ધ છે'. વકીલ ચંદ્રુ અને સરકારી વકીલ વચ્ચે દલીલમાં સરકારી વકીલ કહે છે કે 'તમે માનવઅધિકારોની સહાનુભૂતિ દ્વારા કેસ જીતી શકશો નહિ' ત્યારબાદ ચંદ્રુ કહે છે કે 'હું કિસ્મત પર ભરોસો નથી કરતો પણ સત્ય પર કરું છું'. વકીલ ચંદ્રુ દ્વારા કેસને હાઈકોર્ટમાં મજબૂત રીતે મૂકવામાં આવે છે ત્યારે સ્થાનિક પોલીસઅધિકારી અને ગામના સરપંચ દ્વારા સેંગન્નીને કેસ પાછો ખેંચવા માટે દબાણ કરવામાં આવે છે, પરંતુ સેંગન્ની ન્યાય મેળવવાના પ્રયત્ન કરતી હોય એમ દર્શાવવામાં આવે છે. પરંતુ વકીલ ચંદ્રુને આપવા માટે પૈસા નથી એવું જ્યારે સેંગન્ની કહે છે ત્યારે વકીલ કહે છે કે 'તમારા સમાજના લોકોને ન્યાય મળશે એ જ મારી ફી હશે અને ત્યારે જ હું શાંતિથી સૂઈ જઈશ'.

કેસની ઊંડાણપૂર્વક પુનઃ તપાસ માટે વકીલ ચંદ્રુ સી.બી.આઈ.ની માંગ કરે છે. વકીલ કેસની તપાસ માટે આઈ.જી.પેરૂમલ સ્વામીનું ભલામણ કરે છે. ત્યારબાદ આઈ.જી.પેરૂમલ સ્વામી તપાસમાં પોલીસ વિરુદ્ધ પણ પુરાવા બહાર લાવે છે. આઈ. જી. વાત કરતાં કહે છે કે 'આપણે પોલીસવાળા ગુનેગારનાં પાપ જોઈએ છીએ, જ્યારે આ વકીલ 'પોલીસવાળાનાં પાપ જુએ છે'. અન્ય એક સીનમાં આઈ.જી. સહાયક નટરાજ સાથે ચંદ્રુ કોર્ટ પરિસરમાં કેસ બાબતે વાત કરે છે. ત્યારે નટરાજ કહે છે કે 'આમની જાતિમાં ચોર હોય છે'. એના જવાબમાં વકીલ કહે છે કે 'કોની જાતિમાં ચોર હોતા નથી. મારી જાતિ, તમારી જાતિમાં મોટા-મોટા ચોર હોય છે. નટરાજ પહેલાં આપણે લોકોને જાતિના આધારે વિભાજન કરવાનું બંધ કરી દેવું જોઈએ'.

આ ફિલ્મમાં 'જય ભીમ' ફિલ્મમાં પોલીસની બર્બરતા બતાવવાનો જ માત્ર ઉદ્દેશ નથી. પરંતુ તે માનસિકતામાં પ્રવેશતાનો પ્રયાસ કરવામાં આવ્યો છે કે જેમાંથી પોલીસની નિર્દયતા જેવી હિંસાનો જન્મ થાય. પોલીસ કેવી રીતે પૂર્વગ્રહો આધારિત વ્યવહાર કરે અને એક સમુદાય પ્રત્યે ભેદભાવપૂર્ણ વ્યવહાર કરવામાં આવે છે. (GSTV, 2021) જ્યારે ફિલ્મમાં રાજાકન્નુ પર

પોલીસ દ્વારા હદ બહાર દમન કરવામાં આવે છે તોપણ ખોટા ગુનાની કબૂલાત કરતા નથી. જ્યારે રાજાકન્નુની પત્ની સેંગન્નીને DGP દ્વારા પરત લેવા વાત કરે છે અને પોલીસ દ્વારા પૈસા અપાવવાની ઑફર કરવામાં આવે છે ત્યારે તે કહે છે કે 'મારા છોકરા ભવિષ્યમાં પૂછશે કે આટલા બધા પૈસા ક્યાંથી આવ્યા ત્યારે હું શું જવાબ આપીશ કે આ પૈસા તારા બાપના હત્યારાઓએ આપ્યા છે. અમને મારી નાંખશે તો પૂછવાવાળું કોણ છે. એનો અર્થ નથી કે અમે અમારું સ્વાભિમાન વેચી દઈએ, કેસ હારી જઈશું તોપણ વાંધો નથી. તમારાથી થઈ શકે તો પોલીસવાળાને સજા કરાવો. આ મારી સ્વાભિમાનની લડત છે'. દમન અને અત્યાચાર કરી વ્યક્તિના સ્વાભિમાનનું હનન કરવાના પ્રયત્નો કરવામાં તોપણ ગરીબ અને વંચિત ઉપેક્ષિત સમાજ પોતાની અસ્મિતા અને સ્વાભિમાનની લડત માટે અગ્રેસર હોય છે તથા વકીલ ચંદ્રુ કોર્ટ અનેક દલીલો કરતાં કહે છે કે 'આપણે તમિલ રાજ્યના મૂળ નિવાસી સાથે ખરાબ વ્યવહાર કરે છે. આપણે આપણો ઇતિહાસ ભૂલવો જોઈએ નહિ. નુકસાનની ભરપાઈ કરવામાં આવે અને ભોગ બનનારને શહેરમાં મકાન આપવામાં આવે'.

ફિલ્મમાં એક દશ્ય આવે છે જેમાં સ્કૂલમાં બાળકો દેશના મહાપુરુષોની વેશભૂષામાં તૈયાર થયેલાં હોય છે એ જોઈને વકીલ ચંદ્રુ પ્રશ્ન કરે છે, 'અહીંયા ગાંધી, નહેરુ જેવા મોટા નેતાઓ છે પણ આંબેડકર કેમ દેખાતા નથી ? જાહેર સ્થળોના કાર્યક્રમોમાં આયોજનપૂર્વક બાબા-સાહેબ આંબેડકરના વિચારોથી બાળકોને દૂર રાખવામાં આવે છે. વિચારો ગમે તેટલા ઉત્તમ કેમ ન હોય પરંતુ કોના દ્વારા એ વિચારો કહેવામાં આવ્યા છે તે ભારતમાં ખૂબ માન્ય રાખે છે. જો ભારતીય શિક્ષણવ્યવસ્થામાં લોકશાહીનાં મૂલ્યોનું સિંચન યોગ્ય રીતે કરવામાં આવે તો સમાજમાંથી અસમાન વ્યવસ્થા ઝડપી દૂર કરી શકાય.

અન્ય એક દશ્યમાં બાબાસાહેબ આંબેડકર, રામાસ્વામી પેરિયાર અને કાર્લ માર્ક્સનો ફોટો જો મળે છે. દક્ષિણ ભારતની રાજનીતિમાં બાબાસાહેબ આંબેડકર, પેરિયાર અને માર્ક્સના વિચારોનો સમન્વય જોવા મળે છે. જે ભારતની પરંપરાગત ડાબેરી વિચારધારાથી વિપરીત ઉપેક્ષિત નેતૃત્વનો સ્વીકાર કરવાના પક્ષધરમાં છે અને ભારત સંવિધાન થકી જ ઉપેક્ષિત સમુદાયની સમસ્યાનું સમાધાન લાવવાનો પ્રયત્ન કરે છે. તેમજ ભારતની રાજનીતિમાં ફિલ્મ દ્વારા એક સંદેશ આપવામાં આવ્યો છે કે ઉપેક્ષિત સમાજની ભાગીદારી વિના ભારતનું રાજકારણ શક્ય નથી. એટલે કે એક ડાયલૉગમાં વકીલ ચંદ્રુ કહે છે કે 'આપણે ઇતિહાસ ભૂલી ગયા એટલે જ આ હાલત છે'. બાબાસાહેબના શબ્દો, આ કહીએ તો, જે વ્યક્તિ પોતાનો ઇતિહાસ નથી જાણતો એ વ્યક્તિ પોતાનો ઇતિહાસ બનાવી શકતો નથી'. વર્ણ આધારિત વ્યવસ્થામાં શૂદ્ર અને અતિશૂદ્ર સમુદાય સાથે અમાનવીય અને અન્યાયી વ્યવહાર કરવામાં આવતો. આઝાદી બાદ પણ પરંપરાગત માનસિકતા સંપૂર્ણ દૂર થઈ નથી. સાથે-સાથે ઉપેક્ષિત સમુદાયે પણ પોતાના પર થયેલ અત્યાચારોને યાદ કરીને અન્યાયી વ્યવસ્થા સાથે કાયદાકીય લડત આપવાની છે. કાયદા દ્વારા જ કાયદા આધારિત શાસનવ્યવસ્થા ઊભી કરવાની છે, જેમાં લોકોના સામૂહિક પ્રયત્નોની આવશ્યકતા છે. એટલે કે ફિલ્મમાં વકીલ ચંદ્રુ બંધારણના કાયદા વિશે બોલતાં કહે છે ''કાયદો એક ખૂબ જ શક્તિશાળી હથિયાર છે. પણ તમે આ હથિયારથી કોને બચાવો છે તેનાથી વધારે જરૂરી બીજું કશું નથી'. વંચિત અને ગરીબ ઉપેક્ષિત સમુદાયને વર્તમાનવ્યવસ્થા કેવી રીતે ન્યાય મળે તે બાબતમાં આપણે વિચાર કરવાની જરૂર છે.

ફિલ્મમાં ફક્ત એક વાર અત્યાચારનાં દશ્યો વચ્ચે અંગ્રેજીમાં ડૉ. બી. આર. આંબેડકરના શબ્દો કહેવામાં આવે છે કે 'એમ ઇચ્છીએ છીએ કે અસ્પૃશ્યતાની નાબૂદી થાય. આપણે છેલ્લાં 2000 વર્ષોથી અસ્પૃશ્યતાને પાળીને આગળ વધારીએ છીએ. કોઈએ ચિંતા કરી નથી. તમે જુઓ કોઈએ તેની ચિંતા કરી નથી' (We want untouchability to be abolished. We have been carrying on with untouchability for the

last 2000 years, nobody has bothered about it, nobody has bothered about it by B.R.Ambedkar). થિયેટર માટે ફિલ્મ બનાવવામાં આવી હતી પરંતુ કોવિડ-19 ના લૉકડાઉનના કારણે એમેઝોન પર રિલીઝ કરવામાં આવી હતી. ફિલ્મ પૂરી થવાની છેલ્લી ક્ષણોમાં વકીલ ચંદ્રુ પાસે આદિવાસી છોકરી (લાલ અને વાદળી કપડાં પહેરીને) બેઠી હોય છે. વકીલ જ્યારે હાથમાં છાપું લઈને જે રીતે આત્મવિશ્વાસ સાથે વાંચે છે ત્યારે એ જોઈને એવી જ રીતે એ છોકરી પણ એ જ આત્મવિશ્વાસ સાથે છાપું લઈને વાંચે છે.

'જય ભીમ' ફિલ્મના અંતમાં મરાઠી કવિતા 'જય ભીમ' દર્શાવવામાં આવે છે. આ કવિતામાં 'જય ભીમ એટલે પ્રકાશ । જય ભીમ એટલે પ્રેમ । જય ભીમ એટલે અંધકારમાંથી પ્રકાશ તરફની યાત્રા । જય ભીમ એટલે કરોડો વ્યક્તિઓનાં આંસુ ।' વગેરે કહેવામાં આવ્યું છે. આ 'જય ભીમ' ફિલ્મમાં આવતી કવિતામાં અન્યાયરૂપી અંધકારમાંથી ન્યાયમૂલક સમાજ રચનાનું નિર્માણ કરવાની હાકલ કરે છે. તથા માનવી-માનવી સાથેના સંબંધોમાં પ્રેમ અને પરંપરાગત વ્યવસ્થાનો ભોગ બનેલ કરોડો વ્યક્તિઓને સન્માનપૂર્વક જીવન જીવવાનો સંકલ્પ એટલે 'જય ભીમ'. 'જય ભીમ' શબ્દની પરિભાષા જોઈએ તો 'જય' એટલે 'વિજય' (Victory) અને 'ભીમ' એટલે 'વિચાર', એટલે કે 'વિચારનો વિજય'. ભારતના બંધારણમાં આપવામાં આવેલ મૂળભૂત અધિકારોના વિજયના સંદર્ભમાં વાત કરવામાં આવી છે. સમતા, સમાનતા, બંધુતા અને સ્વાતંત્ર્યતા વગેરે વિચારો આધારિત સમાજનું નિર્માણ થાય એ કલ્પના જ 'જય ભીમ' છે.

**સમાપન : ટીકાત્મક વિશ્લેષણ :**

દુનિયામાં ઘણાબધા માણસોની જીવનગાથા અને સાહસિક કાર્યો દરેક ક્ષેત્રમાં પ્રભાવિત કરે છે. જેમાં ફિલ્મ અભિનેતા, રાજનેતા અને સામાજિક કાર્યકરો વગેરે લોકોનાં જીવન પ્રેરણાસ્રોત તરીકે માનવામાં આવે છે. આવી જ રીતે પ્રેરણાસ્રોત તરીકે નિવૃત્ત ન્યાયમૂર્તિ કે. ચંદ્રુ જ્યારે વકીલાત કરતા ત્યારે અન્યાય વિરુદ્ધ અવાજ ઉઠાવતા હતા. પૂર્વ ન્યાયમૂર્તિ કે. ચંદ્રુના મતે 'ડાબેરી પાર્ટીઓ લોકોના પ્રશ્નો માટે વધારે કટીબદ્ધ છે. ફિલ્મ સંસ્થા વ્યક્તિગત પ્રયત્નોને દર્શાવે છે પરંતુ તે વકીલની વ્યક્તિગત સાહસિકતા દર્શાવતી નથી (Balasubramanyam, 2021). તેમના મત મુજબ ફિલ્મમાં દર્શાવવામાં આવેલ કેસની પ્રકૃતિ સમજવા માટે ડૉ. બાબાસાહેબનાં લખાણો અને ભાષણો ખૂબ જ મદદરૂપ થયાં છે. જસ્ટિસ ચંદ્રુએ જજ તરીકે 96000 જજમેન્ટના આપ્યાં છે.

'જય ભીમ' ફિલ્મનું નામ 'જય ભીમ' કેમ રાખવામાં આવ્યું. તમિલ ફિલ્મોમાં ઉચ્ચ ન્યાયાલયની સ્થાપના પહેલાં કરવામાં આવી ન હતી. આ બધી બાબતો ધ્યાનમાં રાખીને 'જય ભીમ' ફિલ્મ રાખવાનું નક્કી કરવામાં આવ્યું. પરંતુ ફિલ્મ બારીકાઈથી જોઈએ તો ખ્યાલ આવે છે કે સમગ્ર ફિલ્મમાં 'જય ભીમ' ના નારા સાથે લોકો ભેગા થઈને સંઘર્ષ કરતા હોય એવું ક્યાંય જોવા મળતું નથી. છતાં 'જય ભીમ' ફિલ્મના નામના લીધે બહોળો સમુદાય કે જે ડૉ. બાબા સાહેબ આંબેડકરના વિચારોને માનનાર છે તેમના પ્રમોશનના કારણે પણ ફિલ્મ સફળ રહી છે, પરંતુ ફિલ્મમાં ડૉ. આંબેડકરના સંપૂર્ણ વિચારો લેવામાં આવ્યા નથી. માત્ર અમુક સીનમાં ડૉ. આંબેડકર વિશે આડકતરી રીતે દર્શાવવામાં આવ્યા છે. એક સીનમાં કાર્લ માર્ક્સ, બાબાસાહેબ આંબેડકર અને પેરિયારનો ફોટો જોવા મળે છે. જે તમિલનાડુના વાસ્તવિક રાજકરણ સાથે સંબંધ ધરાવે છે. આ સિવાય ખૂબ મહત્ત્વની વાત છે કે 'જય ભીમ' ફિલ્મના નાયક દલિત કે આદિવાસી નથી એટલે કે ફિલ્મ દ્વારા પ્રસિદ્ધિ અને આર્થિક ફાયદો બિન-દલિત અને બિન-આદિવાસી લોકોને થવાનો છે. આ ફિલ્મમાં એ ચોક્કસ કહી શકાય કે ન્યાયતંત્રમાં લોકોનો વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા માટે ફિલ્મ બનાવી છે. વર્તમાન સમયમાં જોઈએ તો, દલિત અને આદિવાસી સમાજ વિરુદ્ધ અત્યાચારનિવારણ માટે એટ્રોસિટી ઍક્ટ, 1989

બનાવવામાં આવ્યો છે. આ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અત્યાચાર અટકાવ અધિનિયમ 1989ના સેકશન-4 અંતર્ગત ફરજમાં બેદરકારી અંગે સરકારી અધિકારીને સજાની જોગવાઈ કરવામાં આવે છે.

'જય ભીમ' ફિલ્મના લીધે સામુદાયિક અને ભાષાકીય મુદ્રા આધારિત વિરોધનો પણ સામનો કર્યો હતો. ફિલ્મમાં બતાવવામાં આવેલ સમુદાયની વાત કરીએ તો, અમુક લોકોનો આરોપ છે કે 'જય ભીમ' ફિલ્મમાં વણીયાર્સ સમુદાય (તમિલનાડુની પછાત જાતિ) વિશે નકારાત્મક રીતે ચિત્રણ કરવામાં આવ્યું છે. આ ફિલ્મ દ્વારા ચોક્કસ સમુદાયને બદનામ કરવામાં આવ્યો છે. આ સમુદાય પોલીસના રૂપમાં ઇરૂલા આદિવાસીને ત્રાસ આપતો ફિલ્મમાં દર્શાવવામાં આવ્યો છે, તે પણ સમુદાય વિરુદ્ધ હુમલા બરાબર છે જેની ભારે ટીકા સોશિયલ મીડિયા પર કરવામાં આવી છે. આ ફિલ્મમાં ઇરાદાપૂર્વક એક સમુદાયને નબળો પાડતો દર્શાવવામાં આવ્યો છે. આ સંદર્ભે ફિલ્મનિર્માતાને બિનશરતી માફી માંગવા અને સતત દિવસમાં 5 કરોડનું નુકસાન ચૂકવવાની માંગ કરવામાં આવી છે. તથા આ સમુદાય વિરુદ્ધના નકારાત્મક સંદર્ભો દૂર કરવાની માંગ પણ કરવામાં આવી છે. અન્ય PMK પાર્ટી દ્વારા 'જય ભીમ' ફિલ્મના નાયક સૂર્યા પર હુમલો કરવાને 1 લાખ રૂપિયા આપવાની વાત કરી છે. ત્યારબાદ સૂર્યાને ઘણીબધી ધમકી પણ મળી હતી (Wire, 2021) ફિલ્મના રિલીઝ બાદ ધમકી મળતાં અભિનેતા સૂર્યાના નિવાસસ્થાને સશસ્ત્ર પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. આ સિવાય ફિલ્મમાં ભાષાકીય વિવાદની વાત કરીએ તો, રોહિત જયસ્વાલ દ્વારા તા. 2 નવેમ્બર, 2021 ના રોજ એક ટ્વિટ કરીને કહ્યું કે 'જય ભીમ' ફિલ્મ જોયા પછી ખરેખર મારું દિલ તૂટી ગયું. અભિનેતા કે કોઈના વિરુદ્ધ કશું પણ નથી. પરંતુ ખરેખર ખરાબ લાગ્યું. ફિલ્મમાં એક સીન છે જેમાં એક વ્યક્તિ હિન્દી બોલે છે અને પ્રકાશ રાજ તેને થપ્પડ મારે છે અને તેને તમિલમાં બોલવાનું કહે છે. પ્રમાણિકપણે આ પ્રકારના સીનની જરૂર ન હતી, આશા છે કે તેને દૂર કરવામાં આવે'. દક્ષિણ ભારતમાં હિંદી ભાષાનો વિરોધ એ કોઈ નવી બાબત નથી. છતાં ભાષાકીય રાજકારણને વેગ મળતા ફિલ્મમાંથી આ પ્રકાશ રાજવાળો સીન દૂર કરવામાં આવ્યો હતો.

'જય ભીમ' ફિલ્મમાં પોલીસતંત્રની વાસ્તવિક છબી બહાર લાવવામાં આવી છે. જેમાં પણ ખાસ કરીને પોલીસઅધિકારીમાં પોલીસઇન્સ્પેક્ટર, હેડ કૉન્સ્ટેબલ અને કૉન્સ્ટેબલ કેટલી હદે અસંવેદનશીલ છે તે દર્શાવવામાં આવ્યું છે. ફિલ્મમાં પોલીસ સ્થાનિક રાજકીય લોકો અને સામાજિક શક્તિ ધરાવતા લોકો માટે કામ કરવા માટે તત્પર રહે છે. પોલીસનો અભિગમ વ્યક્તિ-વ્યક્તિ અલગ હોય છે. ખાસ કરીને ગરીબ અને વંચિતોમાં ક્રૂર અને દમનકારી રહ્યો છે. ફિલ્મ દ્વારા પોલીસતંત્રની ચેતના વિકસિત કરવા માટેની શીખ મળે છે કે માનવીય મૂલ્યો વિના માનવી કેવો બની જાય છે તે ફિલ્મમાં દર્શાવવામાં આવ્યું છે, એટલે કે પોલીસ માટે સંવેદનશીલતાનો અભિગમ કેળવવો એ જ માત્ર રસ્તો છે.

ફિલ્મમાં દર્શાવવામાં આવેલ કોર્ટરૂમમાં અને કોર્ટરૂમની પ્રક્રિયા વાસ્તવિક જીવનની ન્યાયિક કાર્યવાહી સાથે નજીકનો સંબંધ જોવા મળે છે. વકીલની વાત કરીએ તો, ફિલ્મમાં જ્યારે પોલીસ દ્વારા અસહ્ય દમન કરવામાં આવતું હતું ત્યારે વકીલ દ્વારા ભોગ બનનારને સરળતાથી બહાર કાઢવાની જગ્યાએ પોતાના વ્યક્તિગત લાભ માટે પોલીસનો અત્યાચાર સહન કરવા જેલમાં જ રહેવા દે છે, એટલે કે ભોગ બનનારને જામીન અપાવતો નથી અને ફિલ્મમાં એવું સૂચવે છે કે પોલીસ પાસે કારણ હોય છે એટલે કે ફિલ્મ પોતાના નિશ્ચિત માર્ગને પકડી રાખે છે. રાજ્ય કેવી રીતે અન્યાય અને શોષણનો સ્રોત બની રહે છે તે દર્શાવવામાં આવ્યું છે તથા ફિલ્મમાં આંતરિક સૂચન કરવામાં આવ્યું છે કે ઉપેક્ષિત સમુદાય માટે ન્યાયની શોધ એ જ સંઘર્ષ છે. (Ramnath, 2021a).

**References:**

Balasubramanyam, C. (2021 , November 04). Justice K Chandru interview: Left parties more committed to the cause, 'Jai Bhim' will influence future policies. The New Indian Express.

Denzin, N. (1995). *The Cinematic Society: The Voyeur's Gaze.* London: Sage Publications Ltd. .

Emmanuel D., Dr. Rajan. (2013). Social Status of Conjugal Womanhood: A Study with the Irula Tribe at Kunjapannai, Nilgris Region. *IOSR Journal of Humanities and Social Science*, 65-69.

ETV. (2022, February 9). *Oscar 2022:* ફિલ્મ 'રાઇટિંગ વિથ ફાયર' 'જય ભીમ' ને આપી માત, જાણો કઈ રીતે. Retrieved from ETV Bharat: https://www.etvbharat.com/gujarati/gujarat/sitara/

cinema/how-different-is-writing-with-fire-from-jai-bhim-that-went-to-oscars-2022/gj

Frank Simon Stanley, Dr. P.K. Muthukumar . (2020). Socio Economic Conditions of Irula Tribe. *Science, Technology and Development*, 170-177.

GSTV. (2021 , November 3) . જય ભીમ ફિલ્મ રિવ્યૂ / પોલીસની બર્બરતાનો નગ્ન ચહેરો રજૂ કરતી વાસ્તવિક કહાની, સદીઓથી અન્યાય અને અત્યાચાર વેઠતો આદિવાસી સમાજ. Retrieved from GSTV: https://www.gstv.in/jai-bhim-movie-review-gujarati-news/

GTN. (2022, April 30). *Forest Department*. Retrieved from Government of Tamil Nadu: https://www.forests.tn.gov.in/pages/view/Tribal_Development_on-going

Herrero, D. (2021). Anti-Caste Aesthet(h)ics in Contemporary Dalit Cinema: The Case of Asuran (2019). *Revista Canaria de Estudios Ingleses*, 37-49.

Mangalam, H. (2021). Dali Film and Commitment. In D. Giri, *Subaltern Perspective in Indian Context Critical Responses* (pp. 91-109). Delhi: Booksclinic Publishing.

Ramnath, N. (2021, November 7a). *'Jai Bhim' director Tha Se Gnanavel: 'More Brutal Than Lock-up Torture is the Silence of Society*. Retrieved from Scroll.in: https://scroll.in/reel/1009952/jai-bhim-director-tha-se-gnanavel-more-brutal-than-lock-up-torture-is-the-silence-of-society A

Ramnath, N. (2021, October 16). *'Sardar Udham' Review: A Portrait of a Man of History and Mystery* . Retrieved from Scroll.in: Scroll.in: https://scroll.in/reel/1007747/sardar-udham-review-a-portrait-of-a-man-of-history-and-mystery

Wire, T. (2021 , November 22 ). *Jai Bhim Row: Director Issues Apology to Vaniyyars, Says Don't Blame Actor Suriya*. Retrieved from The Wire: https://thewire.in/film/jai-bhim-row-director-issues-apology-to-vaniyyars-says-dont-blame-actor-suriya

Yengde, S. (2018). Dalit Cinema. *South Asia: Journal of South Asian Studies*, 1-16.

# અપરિણીત મહિલાઓની આર્થિક, સામાજિક, મનોવૈજ્ઞાનિક સ્થિતિ અને પડકારો

– રીના વિઠ્ઠલભાઈ લોકડિયા*

**પ્રસ્તાવના**

વર્તમાન સમયમાં વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીએ હરણફાળ ભરી છે ત્યારે, ટેક્નૉલૉજીની સાથે સાથે લોકોના વિચારોમાં, સમાજનાં કેટલાંક રૂઢિગત ધારા-ધોરણો કે નીતિ-નિયમોમાં પણ સતત પરિવર્તન આવતું જાય છે. આજે સ્ત્રીઓ અને પુરુષો એમ બંનેમાં ઉચ્ચ-શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. સ્ત્રીઓ પણ વ્યવસાયક્ષેત્રે આગળ વધવા લાગી છે. એ પછી નોકરીની વાત હોય કે ધંધાની વાત, પરંતુ પોતાની ભાગીદારી નોંધાવવાની શરૂઆત કરી દીધી છે. કેટલાક અંશે સ્ત્રીઓના સંપૂર્ણ વિકાસને લઈને સામાજિક ક્ષેત્રે એક શરૂઆત થઈ છે. પોતે પગભર થવું, કોઈની પાસે કોઈ અપેક્ષા ના રાખવી, સમાજ માટે શું કરી શકીએ ? એ બાબતે પણ સ્ત્રીઓ વિચારતી થઈ છે અને ક્યાંક શરૂઆત પણ કરી દીધી છે. વર્તમાન સમયમાં ઘણાં એવાં બહેનોનાં જૂથો કે સંગઠનો જોવા મળે છે. જ્યાં તેમના જેવી જ બીજી સ્ત્રીઓને પ્રેરણા પૂરી પાડે છે.

આજે સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે, સ્ત્રીઓ પોતે પોતાના જીવન અંગે નિર્ણય લેતાં થયા છે. કમાતાં થયાં છે, સંગઠનો બનાવે છે, ઘણા કાયદાઓ સરકાર દ્વારા પણ સ્ત્રીઓ માટે બનાવેલ છે. પરંતુ એમનો મતલબ બિલકુલ એવો નથી કે હવે સ્ત્રીઓ ખૂબ જ સુખી છે, એમને સમાજ કે પુરુષો કે અન્ય રીતે કોઈ હેરાનગતિ નથી. એમને બિલકુલ એમની ઇચ્છા મુજબ જીવવા મળતું હોય એવું જરા પણ નથી. આજે પણ સ્ત્રીઓ સાથે બળજબરી કરવામાં આવે છે, એ પછી શિક્ષણ માટે વિષય પસંદ કરવાનો હોય, લગ્ન માટે જીવનસાથી શોધવાનો હોય, કારકિર્દી બનાવવાની હોય કે પછી જાતીય સંબંધોની વાત હોય. માત્ર સ્ત્રીઓ સાથે થાય એવું નથી, ઘણી વાર પુરુષો સાથે પણ બળજબરી થતી હોય છે. પરંતુ એમના કિસ્સાઓ કાં' તો બહાર નથી આવતા અથવા તો સ્ત્રીઓ કરતાં ઓછા પુરુષો બળજબરીનો ભોગ બને છે. આમ, આજે પણ સ્ત્રીઓ સો ટકા સલામત નથી. સમાજમાં તો સલામત નથી, પરંતુ કેટલીક સ્ત્રીઓ પોતાના જ પરિવાર સાથે પણ સલામત નથી. આપણાં ધાર્મિક સાહિત્ય, વેદો અને પુરાણોમાં તો સ્ત્રીઓને દેવી, નારીશક્તિ જેવાં ઘણાં ઉપનામો મળ્યાં છે. ઘણા મહાન ક્રાંતિકારી, લેખકો અને ચિંતકો, જેમ કે, ગાંધીજી, ઓશો, વગેરેએ સ્ત્રીઓ વિષે ઘણું બધું લખ્યું છે. તેમજ સામાજિક ક્રાંતિમાં સ્ત્રીઓને પ્રેરણા પૂરી પાડી, સહભાગી બનાવવા માટે પણ ભૂતકાળમાં ઘણા પ્રયાસો થયા છે. જે નીચે મુજબ સમજીએ;

**અપરિણીત સ્ત્રી એટલે શું ?**

સંશોધકના મતે, 'અપરિણીત સ્ત્રી એટલે જે સ્ત્રીઓ કાયદાકીય રીતે કોર્ટમાં અથવા તો અગ્નિની સાક્ષીએ એક પણ વખત કોઈ પણ પુરુષ કે સ્ત્રી સાથે લગ્ન સંબધ થી જોડાઈ નથી'.

**ગાંધીજીના મતે સ્ત્રી :**

ગાંધીજીનું એવું મંતવ્ય હતું કે સ્ત્રી અહિંસાંનો અવતાર છે. અહિંસા એટલે અનંત પ્રેમ, અનંત પ્રેમ એટલે દુઃખો સહન કરવાની અમાપ શક્તિ. નવ માસ સુધી બાળકને ગર્ભમાં ધારણ કરી તેની પીડામાં તેને આનંદ આવે છે. બાળકના જન્મમાં અનેક તકલીફો છતાં બાળજન્મનો તેને આનંદ છે. આવી સ્ત્રી સત્યાગ્રહમાં નેતા બની શકે છે, કારણ કે સ્ત્રીએ ઘણાં દુઃખો સહન કર્યાં હોવાથી તેનું હૃદય સાબૂત છે. સ્ત્રીને અંધારામાં કે દબાણમાં રાખવી તે બરોબર નથી. તે જ રીતે પુરુષોએ જે કામ કરવું ઘટે તેનો બોજો સ્ત્રીઓ ઉપર લાદવો અનર્થકારી છે.

* પી એચ.ડી.નાં વિદ્યાર્થી, સમાજકાર્ય વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

લગ્નજીવન વિશે ગાંધીજીએ પોતાનું મંતવ્ય વ્યક્ત કરતાં જણાવ્યું છે કે પત્ની પુરુષની દાસી નથી, પરંતુ તેની સાથીદાર અને સહાયક છે. તે પુરુષનાં સુખ-દુઃખમાં સમાન ભાગીદાર છે. પુરુષની જેમ જ સ્ત્રીને પોતાનો માર્ગ પસંદ કરવાની છૂટ હોવી જોઈએ. હિન્દુ સંસ્કૃતિમાં સ્ત્રીને વધારે પડતી પુરુષની આધીન બનાવી દેવામાં આવી છે. તે એટલી હદ સુધી કે સ્ત્રીએ દરેક રીતે પુરુષમાં એકાકાર થઈ જવું જોઈએ તેવો આગ્રહ સેવવામાં આવે છે. તેનાથી સ્ત્રી પર પુરુષ વધારે પડતી સત્તા ભોગવે છે, જે બરાબર નથી. ગાંધીજીનું મંતવ્ય છે કે જાતીયવૃતિની બાબતમાં સ્ત્રી-પુરુષ બંને સરખાં છે. તેમણે જાતીય શિક્ષણની તરફેણ કરી છે.

**ઓશોના મતે સ્ત્રી :**

''નારી'' પુસ્તકમાં ઓશો કહે છે કે હું એક પુરુષ તરીકે બોલતો નથી, ના તો સ્ત્રી જાતિ માટે, પણ એક સ્ત્રી બોધક તરીકે બોલું છું. તેઓનું એ કહેવું હતું કે, સ્ત્રીઓને ચાહવાની જરૂર છે, સમજવાની નહીં. આ પ્રથમ સમજદારી હોવી જોઈએ. સ્ત્રી એક રહસ્ય છે. જો તમે સ્ત્રીનો ખરો અર્થ જાણવા માગો તો તેની સામે જુઓ, તેને સાંભળો નહીં. અને તેના માનસને બદલવા ઈચ્છો છો તો તેની સાથે સહમત થાવ.

ઓશો લગ્ન બાબતે કહે છે કે દરેક સ્ત્રી-પુરુષને એકબીજાને જાણવાની આઝાદી મળવી જોઈએ. કારણ કે દરેક વ્યક્તિ એટલી અનન્ય હોય છે કે તેમની તુલના કરવાનો સવાલ જ પેદા થતો નથી. બાળકોને અનેક સ્રોતો પણ કરવા દો જેથી કઈ વ્યક્તિ યોગ્ય છે, કોની સાથે જીવી શકાય તે અંગેની દૃષ્ટિ તેને મળી જ રહેશે. જો બે વ્યક્તિ પોતાની ઈચ્છાથી સાથે રહે તેટલું પૂરતું છે. આવતી કાલે પણ જોડે રહે તો સારું અને ન ઈચ્છે તો એ અંગત મામલો છે. કોઈએ તેમાં દરમિયાનગીરી ન કરવી જોઈએ. પ્રેમના નામે બંધન ના હોવું જોઈએ. કારણ કે પ્રેમના સોદામાં તેમના તમામ આનંદ ગુમાવી દે છે અને જીવન એક અરીસો બની જાય છે. પ્રેમ એ આઝાદી છે. વર્તમાન સમયમાં સ્ત્રીઓ સાથે જુદા જુદા પ્રકારે થતાં અત્યાચારો, લગ્નભંગાણ, લગ્ન પ્રત્યે સ્ત્રીઓને નફરત વગેરે તેમનાં પરિણામસ્વરૂપો છે.

**વેદોમાં નારીનું ગૌરવપૂર્ણ સ્થાન :**

તેમાં ખાસ કરીને શિક્ષણ, ચારિત્ર, ગુણ, કર્તવ્ય અને અધિકારોનું વિશાળ વર્ણન કરેલું છે. ચારે વેદોમાં નારીવિષયક સેંકડો મંત્ર આપવામાં આવ્યા છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે વૈદિક કાળમાં સમાજમાં નારીનું વિશિષ્ટ સ્થાન હતું. પુરુષની જેમ એને જીવનના દરેક ક્ષેત્રમાં બરાબરીનું સ્થાન મળતું હતું. સ્ત્રીઓના ભણતર-ગણતરની ઉત્તમ વ્યવસ્થા હતી, તેમજ સ્ત્રીઓ રાજનીતિક, સામાજિક અને વહીવટીય કાર્યોમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવતી હતી.

વેદોમાં નારીના ગૌરવનું ઘણા પ્રકારોએ વર્ણન છે. નારીને જ્ઞાન-વિજ્ઞાનમાં નિપુણ હોવાના કારણે બ્રહ્મા બતાવવામાં આવી છે. વેદોમાં કહેવામાં આવ્યું છે;

- સ્ત્રી અબળા નહીં, સબળા છે. (અથર્વવેદ 20-16-9)
- નારી શીલ, રાષ્ટ્રીય રક્ષા અને કર્તવ્યની ખાણ છે. (અથર્વવેદ 5-17-3)

**પ્રાચીન ભારતમાં નારીશિક્ષણ :**

વૈદિક કાળમાં ભારતીય નારીને પુરુષોની જેમ જ શિક્ષણપ્રાપ્તિનો અધિકાર હતો. ઋગ્વેદ (2-19-17)માં વર્ણન છે કે સ્ત્રીઓ ઉપર જ જીવન આધારિત અને તે શિક્ષણ પ્રદાન કરે છે. બૌદ્ધ ધર્મ તથા જૈન ધર્મએ પણ નારીશિક્ષણનું સમર્થન કરેલ છે. પ્રાચીન કાળ નારી શિક્ષણની દૃષ્ટિથી સમૃદ્ધ યુગ હતો.

**સ્ત્રી-શિક્ષણનું મહત્ત્વ :**

**સ્વામી દયાનંદજીએ** જોરદાર શબ્દોમાં કહ્યું હતું કે રાષ્ટ્ર, સમાજ, પ્રશાસન અને પરિવારના ક્રિયા કલાપ ત્યાં સુધી યોગ્ય રીતે કરી શકાતા નથી જ્યાં સુધી શિક્ષણ પ્રાપ્ત ન થાય.

**ગાંધીજીએ** સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે સ્ત્રીઓને તેટલી જ શૈક્ષણિક સુવિધાઓ આપવામાં આવે જેટલી પુરુષો માટે પ્રાપ્ત છે. જો બની શકે તો એમને વધારાની સગવડતાઓ મળવી જોઈએ.

**વિશ્વવિદ્યાલય આયોગે** (1948-49) સ્ત્રીશિક્ષણનું મહત્ત્વ આ રીતે બતાવ્યું છે. ''સ્ત્રીશિક્ષણ સિવાય લોકો શિક્ષિત થઈ શકતા નથી. જો શિક્ષણ પુરુષો અથવા સ્ત્રીઓ પૂરતું મર્યાદિત કરવાનું હોય તો આ અવસર સ્ત્રીઓને આપવામાં આવે, કારણ કે એમની મારફતે જ ભાવિ સંતાનોને શિક્ષણ આપી શકાય છે''.

**શ્રીમતી હંસા મહેતા સમિતિ** (1962) નું કહેવું છે કે ''જો નવા સમાજનું નિર્માણ (ઠોસ) મજબૂત પાયા પર કરવું હોય તો સ્ત્રીઓને વાસ્તવિક અને પ્રભાવપૂર્ણ રીતે પુરુષોના જેટલા જ અવસર આપવા પડશે''.

**1986ની રાષ્ટ્રીય શિક્ષણ**નીતિમાં આ મુદ્દા પર વધારે જોર આપવામાં આવ્યું છે કે મહિલાઓને શૈક્ષણિક અને સામાજિક દૃષ્ટિથી રાષ્ટ્રનિર્માણના કાર્યમાં સુશિક્ષિત મહિલાઓ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

**નારીવાદી થિયરી :**

ન્યાયી સમાજ માટે મથતાં સમાજકાર્ય માટે ફેમિનિઝમ એ અગત્યનો ખ્યાલ છે. ઇકો સિસ્ટમ ખ્યાલ સાથે સુસંગત આવતો નારીવાદી ખ્યાલ સઘન રીતે વ્યક્તિગત અનુભવોને સામાજિક પરિબળો સાથે જોડે છે. સ્ત્રીની તાબેદારી સમાજના દરેક સંબંધ અને આંતરક્રિયામાં પ્રતિબિંબિત થાય છે. સમાજકાર્યકર અને સેવાર્થી પણ તેમાં આવી જાય. જેથી સમાજકાર્યકર જાતિ પૂર્વગ્રહના સમાધાન માટે પરિસ્થિતિને ચકાસતો રહે છે. તેઓ જેન્ડર-સમાનતાની વાત કરે છે.

નારીવાદી ખ્યાલ એ સમજ પર રચાયેલ છે કે લોકોનું ભૌતિક અને લાગણીવિષયક કલ્યાણ ત્યારે જ વધશે જ્યારે જેન્ડરને ધ્યાનમાં લેવાશે. સ્ત્રી, બાળકો, અને પુરુષોને સમાન રીતે કલ્યાણ જ્યારે લાગુ પડશે ત્યારે તેનાં પરિણામ મળશે. નારીવાદી સમાજકાર્ય એ બધા જ અભિગમોને નકારે છે જે સ્ત્રીને પ્રાકૃતિક રીતે પુરુષને અધીન માને છે.

ઉપરોક્ત આપણે જોયું કે મહાત્મા ગાંધીજી દ્વારા, ઓશોના મતે, તેમજ ઇતિહાસમાં પણ સ્ત્રીઓને ખૂબ જ ઊંચું સ્થાન આપવામાં આવ્યું છે. પરંતુ આટલું બધું સ્ત્રીઓ માટે માન-સન્માન હોવા છતાં આજે સ્ત્રીઓ ઘણી દર્દભરી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહી છે, જેમનાં કેટલાંક ઉદાહરણો નીચે મુજબ છે જે માત્ર ગુજરાત કે ભારત જ નહીં પરંતુ દેશ-દુનિયામાં દરેક સ્તરે સ્ત્રીઓની શું પરિસ્થિતિ છે, જેની એક ઝાંખી નીચે મુજબ કરીએઃ

**ગુજરાતમાં મહિલાઓની સ્થિતિ :**

ધ લેન્સેટ ગ્લોબલ હેલ્થમાં છપાયેલા એક રિપોર્ટ પ્રમાણે, બાળકીઓ પ્રત્યે ગુજરાતનું વલણ પૂર્વાગ્રહભર્યું છે. ભારતમાં 5 વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોના વધતા મૃત્યુદરના એક રિપોર્ટ પ્રમાણે, ગુજરાતમાં 1996 થી 2011 સુધીમાં દર વર્ષે સરેરાશ 9,331 બાળકીઓના મોત થયાં છે.

ગુજરાતમાં મહિલાઓ સાથે થતા અત્યાચાર અને મર્ડર/ખૂનના કિસ્સાઓ આજકાલથી વધવા લાગ્યા છે. તાજેતરમાં કહેવાતી સંસ્કારી નગરી એવા વડોદરા શહેરમાં 5 જૂન, 2021ના રોજ પ્રેમી પી.આઈ.અજય દેસાઈ દ્વારા જ પ્રેમિકા સ્વીટી પટેલનું ગળું દબાવી દીકરીની હાજરીમાં હત્યા કરી દેવામાં આવી અને લાશને સળગાવી દેવામાં આવી હતી.


ઑક્ટોબર 2021, હજુ સ્વીટી મર્ડર કેસના ભણકારા શાંત નહોતા થયા ત્યાં, હીના/મહેંદીનું મર્ડર પણ તેમના પ્રેમી સચિન દ્વારા કરવામાં આવ્યું, જે પણ વડોદરા શહેરનો કિસ્સો છે. જેમાં સ્વીટી પટેલ મર્ડર કેસની જેમ જ પ્રેમી સાથે રહેતી મહેંદીને પ્રેમીએ જ દીકરાની સામે ગળું દબાવી મોતને ઘાટ ઉતારી, લાશને બૅગમાં ભરી નાસી છૂટ્યો હતો.

ઑક્ટોબર 2021માં નવરાત્રીમાં પત્ની (શોભના પટેલ) અને દીકરી (કાવ્યા પટેલ)ને આઇસક્રીમમાં ઝેર આપીને સંતોષ ન થતાં પત્નીને ગળું દબાવી મોતને ઘાટ ઉતારનાર પતિ તેજસ પટેલ થોડા સમય નાટક કર્યા બાદ પોતાનો ગુનો સ્વીકાર્યો હતો. આ તો માત્ર એક વડોદરા શહેરની વાત છે, પરંતુ આવી કેટલીયે મહેંદી, સ્વીટી અને કાવ્યા મોતના મોમાં ધકેલાતી હશે એ તો સરકાર અથવા તો ભોગ બનેલના પરિવાર જ જાણતા હશે ! મહિલાઓ સાથેના અત્યાચારો દિનપ્રતિદિન વધી

રહ્યા છે. જેમના કારણે મહિલાઓ એકલાં રહેવા અથવા તો અપરિણીત રહેવાનુ વધારે પસંદ કરે છે.

**ભારતમાં મહિલાઓની સ્થિતિ :**

**ભારતમાં મહિલાઓનો લગ્ન સંબંધિત દરજ્જો દર્શાવતો ચાર્ટ**




https://www.census2011.co.in/marital.php (નોંધ : ઉપરોક્ત ગ્રાફ આંકડાના આધારે જાતે તૈયાર કરલે છે.)

અપરિણીત મહિલાઓની સ્થિતિને સમજવી હશે તો દરેક કૅટેગરીની મહિલાઓને સમજવી પડશે. ભારતમાં સૌથી વધારે કુલ મહિલાઓનું પ્રમાણ ઉત્તરપ્રદેશ 9,53,31,831 છે. જ્યારે સૌથી ઓછી મહિલાઓ લક્ષદીપમાં 31,350 છે. ભારતમાં સૌથી વધુ પરિણિત 4,41,85,230 મહિલાઓ ધરાવતું રાજ્ય ઉત્તરપ્રદેશ છે અને સૌથી વધુ વિધવા 48,56,188 મહિલાઓનું પ્રમાણ પણ ઉત્તરપ્રદેશમાં આ ઉપરાંત તામિલનાડુ, આંધ્રપ્રદેશમાં પણ વધુ પ્રમાણ છે. જ્યારે સૌથી વધુ ત્યકતા 2,91,478 અને છૂટાછેડા 1,54,274 થયેલ બહેનોનું પ્રમાણ મહારાષ્ટ્રમાં અને પછી પશ્ચિમ બંગાળમાં છે. જ્યારે ઉત્તરપ્રદેશ, બિહાર, રાજસ્થાનમાં મહિલાઓની વસ્તીના પ્રમાણમાં ઘણું ઓછું છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે સ્ત્રીઓની સ્થિતિ : વિશ્વભરમાં આશરે 15 મિલિયન (15 થી 19 વર્ષની વયની) કિશોરીઓએ તેમના જીવનના કોઈક તબક્કે જબરદસ્તી સેક્સનો અનુભવ કર્યો છે.

વિશ્વભરમાં દર ત્રમમાંથી એક મહિલાને શારીરિક અથવા જાતીય હિંસાનો અનુભાવ તેમના પતિ દ્વારા જ થયેલ છે. 2017 માં વિશ્વમાં 5 માંથી 3 મહિલાઓને તેમના પતિ અથવા કુટુંબ દ્વારા જ મારી નાખવામાં આવી છે.

મહિલા પ્રજોત્પતિ અંગછેદનમાં એવી પ્રક્રિયાઓ શામેલ છે જે ઇરાદાપૂર્વક બિન-તબીબી કારણોસર મહિલાનાં જનનઅંગોને બદલી અથવા ઈજા પહોંચાડે છે. આત્યંતિક શારીરિક અને માનસિક પીડા ઉપરાંત, આ પ્રથા મૃત્યુ સહિતનાં ઘણા આરોગ્યનાં જોખમો ધરાવે છે. ઉપલબ્ધ આંકડા મુજબ 30 દેશોનાં ઓછામાં ઓછાં 200 મિલિયન મહિલાઓ અને છોકરીઓએ 15-19 વર્ષની ઉંમરે એફજીએમ (Female Genital Mutilation) કરાવ્યું છે. આ મોટાભાગના દેશોમાં, મોટાભાગની છોકરીઓને 5 વર્ષની વયે અંગછેદન કરવામાં આવ્યું હતું.

ઉપરોક્ત આપણે જોયું એમ આજે પણ દેશ-દુનિયામાં સ્ત્રીઓની હાલત ઘણી કફોડી છે, તેઓ ઘણી સમસ્યાઓમાંથી પસાર થઈ રહી છે. પરિણામે લગ્ન-સંસ્થામાં ભંગાણ અથવા તો લગ્નસંસ્થા તૂટી રહી છે. પ્રસ્તુત સંશોધનની શરૂઆતમાં સંશોધકને કેટલાક પ્રશ્નો હતા, જે નીચે મુજબ છે :

**સંશોધનના પ્રશ્નો :**

(1) અપરિણીત મહિલાઓની સામાજિક, આર્થિક અને મનોવૈજ્ઞાનિક સ્થિતિ કેવી હશે ?

(2) અપરિણીત મહિલાઓને કુટુંબ અને સમાજમાંથી સ્વીકૃત અથવા આદરભાવ મળતો હશે ?

(3) અપરિણીત મહિલાઓ માટે આનંદ-પ્રમોદનાં સંસાધનો શું હશે ?

(4) અપરિણિત મહિલાઓને ક્યા સંજોગોમાં એકલા રહેવાનું થતું હશે ?

(5) અપરિણીત મહિલા જ્યારે પોતે કમાય તો જ ખાય એવી સ્થિતિમાં જીવે છે ત્યારે, તેમના ભણવાના, ફરવાના કે અન્ય શોખ પૂરા કરવા શું કરતાં હશે ?

(6) અપરિણીત તેમના ઘડપણ વિશે શું વિચારતી હશે ?

(7) અપરિણીત બહેનોને કેવાં કેવાં જોખમો લેવાં પડતાં હશે ?

(8) મહિલાઓના અપરિણીત રહેવા પાછળનાં કારણો શું હશે ?

(9) અપરિણીત મહિલાઓને કેવા પ્રકારે સમસ્યાઓ ઉદ્‌ભવતી હશે ?

(10) અપરિણીત મહિલાઓને કુટુંબમાંથી સાથ-સહકાર મળતો હશે ?

(11) અપરિણીત મહિલાઓને કુટુંબમાંથી કે સમાજમાંથી લગ્ન બાબતે કે અન્ય કામના સ્થળે દબાણ કરવામાં આવતું હશે ?

(12) અપરિણીત મહિલાઓને જાતીય ઈચ્છા થતી હશે ? હા, તો કેવી રીતે તેમની સંતુષ્ટિ કરતાં હશે ? ઉપરોક્ત પ્રશ્નોને સમજવા માટે, સંશોધક એક સંશોધન કરી રહ્યા છે, સંશોધન હજુ ચાલુ છે, જેમના કેટલાક હેતુઓ નીચે મુજબ છે :

**સંશોધનના હેતુઓ/ઉદ્દેશો :**

- અપરિણીત મહિલાઓના અપરિણિત રહેવા પાછળના કારણો જાણવા.
- અપરિણીત મહિલાઓની આર્થિક, સામાજિક અને મનોવૈજ્ઞાનિક જરૂરિયાતો, તે પૂરી થવા અંગેની સ્થિતિ અને સમસ્યાઓ શું છે તે જાણવું.
- અપરિણીત મહિલાઓ સમસ્યાઓમાંથી બહાર નીકળવા માટે શું રસ્તાઓ શોધે છે તે જાણવું.
- અપરિણીત મહિલાઓને સમાજ સગાં-સંબંધીઓ પાસે શું અપેક્ષાઓ છે તે જાણવું.
- મુશ્કેલીના સમયમાં તેમને ટેકો કરનાર કોણ છે અને તેની ઉપયોગિતા શું છે તે જાણવું.

**સંશોધનપદ્ધતિ :**

પ્રસ્તુત સંશોધન ગુણાત્મક સંશોધન છે. જેમાં વ્યક્તિ અભ્યાસ પદ્ધતિ / કેસ સ્ટડી કરવામાં આવેલ છે. બિનર્દચ્છ નિદર્શન પદ્ધતિના કેટલાક પેટા પ્રકાર છે તેમાંથી સ્નોબોલ નિદર્શનને સંશોધનમાં સમાવેલ છે. કુલ ઉત્તરદાતામાંથી જેટલા ઉત્તરદાતાએ માહિતી આપવા માટે હા કહી, એ ઉત્તરદાતાની માહિતી લેવામાં આવેલ છે.

**સંશોધનનો વ્યાપ-વિશ્વ :**

ગુજરાત રાજ્યના અમદાવાદ, ભાવનગર, અમરેલી અને ગાંધીનગર શહેરનાં અપરિણિત મહિલા શિક્ષકો કે જેઓ સરકારી શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે અથવા તો એનજીઓ સાથે સંકળાયેલ છે અને તેઓની ઉંમર 35 થી 60 વર્ષની વચ્ચેની છે, તેવાં બહેનોને ઉત્તરદાતા તરીકે પસંદ કરવામાં આવેલ છે.

**નમૂના પસંદગી :**

અપરિણિત મહિલા શિક્ષકો કે જેઓ સરકારી શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે અથવા તો એનજીઓ સાથે સંકળાયેલ છે અને તેઓની ઉંમર 35 થી 60 વર્ષ વચ્ચેની છે, તેવી બહેનોને ઉત્તરદાતા તરીકે પસંદ કરવામાં આવેલ છે. તમામ જિલ્લા બીઆરસી/બ્લોક રિસોર્સ કૉ ઑર્ડિનેટર દ્વારા અપરિણિત શિક્ષકો વિશે માહિતી મેળવવામાં આવી હતી. જ્યારે એનજીઓ સાથે સંકળાયેલ બહેનોની માહિતી ઑનલાઈન એનજીઓની યાદી શોધી અને ફોન કરીને માહિતી મેળવવામાં આવી છે. આ ઉપરાંત કેટલાક ઉત્તરદાતાએ જ અન્ય ઉત્તરદાતા વિશે સંશોધકને માહિતી આપી હતી. ટૂંકમાં, સ્નોબોલ પદ્ધતિ દ્વારા માહિતી મેળવવામાં આવી છે.

**સંશોધન રિવ્યૂના આધારે અપરિણીત મહિલાઓની સ્થિતિ અને પડકારો :**

- અપરિણીત બહેનો બંને રીતે પોતાની મરજી અથવા તો મજબૂરીના કારણે એકલા છે.
- અપરિણીત બહેનોના મતે જે અપરિણીત છે તે જ એકલનારી છે.
- અપરિણીત બહેનોના મતે સમાજ એકલી રહેતી બહેનોને નિરાશ કરે છે.

- અપરિણીત સ્ત્રીઓ માને છે કે લગ્ન એ કંઈ ફરજિયાત નથી. એ એક પસંદગી છે.
- કેટલાંક બહેનો એકલાં રહેવાનો સંતોષ અનુભવે છે.
- એકલાં રહેવાનાં સારાં અને નબળાં બંને પાસાંઓ છે. મોટા ભાગનાં એ બાબત સાથે અસહમતી દર્શાવે છે કે જે એકલા હોય તે પોતાની આવક પોતાની ઇચ્છા મુજબ વાપરી શકે, તેઓ બાળકોને દતક લઈ શકે, તેઓ પોતાની ઇચ્છા મુજબ ઘરનો વ્યવહાર સંભાળી શકે, બાળકોને જન્મ ન આપ્યો હોય અને ઉછેર ન કરવાના કારણે એકલાં બહેનોનું આરોગ્ય અને તાકાત વધારે હશે. કેટલાંક બહેનોએ સ્વીકાર્યું છે કે એકલા હોવાના કારણે નોકરીમાં મનપસંદ જગ્યાએ ટ્રાન્સફર લઈ શકે છે, ઉચ્ચ હોદ્દા પર નોકરી કરી શકે છે અને પોતાની જિંદગી પોતાની ઇચ્છા મુજબ જીવી શકે છે જે માત્ર એકલા હોવાના કારણે જ કરી શકે છે.
- એકલતાની ધારણા એ કુટુંબ અને સમાજમાં વર્તમાન સમયમાં પણ મિશ્ર ચિત્ર રજૂ કરે છે. તેઓ એ સામાન્ય અભિપ્રાય સાથે અસમંત છે કે સામાજિક બાબતોમાં વડીલોનું જ અનુસરણ કરવું જોઈએ, તેઓ સમાજ અને કામના સ્થળે પુરુષો સાથે ખૂલ્લીને વાત ના કરી શકે, અને તેઓને એકલા હોવાના કારણે કુટુંબમાંથી સમાન આદર મળી શકતો નથી. અભ્યાસમાં પસંદ કરાયેલા મોટાભાગના એકલ બહેનો એ વાત સાથે સંમતિ દર્શાવે છે કે તેઓ કામના સ્થળે એકલાં હોવાના કારણે મોડે સુધી બહાર રહી શકતાં નથી, જે બાબતે કુટુંબ દ્વારા તપાસ ન થવી જોઈએ, અને તેમની મુસાફરી ઉપર પ્રતિબંધ ન હોવો જોઈએ. અડધાથી વધારે બહેનોને અનુભવ થાય છે કે તેઓ મોડે સુધી ક્યાંય પાર્ટીમાં જઈ શકતાં નથી કારણ કે તેઓ મોડાં આવે તો તેમના કુટુંબીજનો, પડોશીઓ અને સગાં-સંબંધીઓને તેમના ઉપર શક/શંકા પેદા કરી શકે છે.
- બહેનોની એકલતાની પાછળ પોતાના અથવા તો પરિવાર સંબંધિત ઘણાં કારણો જવાબદાર છે. સ્વયં સંબંધિત પરિબળો જોઈએ તો ઉજજવળ કારકિર્દી બનાવવા માટે, કેટલીક સામાજિક અને ધાર્મિક બાબતોને લઈને, ઉચ્ચ અભ્યાસ માટે, તેમજ આર્થિક રીતે સ્વતંત્રતા એ એકલતા માટે ખૂબ જ મહત્ત્વનું પાસું છે. માતા-પિતા દ્વારા ભારે દહેજ ચૂકવવાની અસમર્થતા, કુટુંબ દ્વારા ભગવાનની સેવા કરવા માટે સાધ્વી બનવાની પ્રેરણા, જાતિ / ધર્મ અવરોધ સુસંગત વિચારોને કારણે યોગ્ય જીવનસાથીની ગેરહાજરી એ પરિવાર સાથે સંબંધિત મુખ્ય પરિબળો છે.
- એકલ બહેનોને ઘર ચલાવવાની જવાબદારીના કારણે આર્થિક ઉપાર્જન કરવું જરૂરી બની જાય છે, જે બહેનોને રોજગારી મેળવવા માટે પ્રોત્સાહિત કરે છે, પરંતુ નાની ઉંમરમાં જ્યારે એકલી બહેનો પર ઘર સાંભળવાની જવાબદારી આવી ગઈ હતી તો તેઓને વારંવાર તેમના વ્યવસાય બદલ્યા કરવા પડતા હતા.
- કેટલીક એકલ મહિલાઓ તેમની રોજગારી દ્વારા તેમના કુટુંબના 'વડા'નો હોદ્દા ધારણ કરી શક્યા છે અને તે 'પુત્ર'ની જેમ વર્તે છે, આમ કુટુંબ અને સમાજમાં ખૂબ જ આદરણીય સ્થાન પ્રાપ્ત કર્યું છે.
- તમામ વર્ગોમાંથી અપરિણીત મહિલાઓમાં પરિણીત મહિલા કરતાં ગુસ્સાનું પ્રમાણ વધારે હતું.
- અપરિણીત અને પરિણીત મહિલાઓના સામાજિક મૂલ્યમાં તફાવત છે. અપરણિત મહિલાઓની તુલનામાં પરિણીત સ્ત્રીઓનું સામાજિક મૂલ્ય વધારે છે.

ઉપરોક્ત તારણોના આધારે નિષ્કર્ષ જોઈએ તો, એકલ બહેનો એ બાબતે ખૂબ જ સ્પષ્ટ છે કે એકલતાની ઘટના, એ સમાધાન અને સંતુષ્ટિ આપે છે, અને એકલતાની બાબતને આજે પણ સમાજ તરફથી અવગણવામાં આવે છે અને લગ્નને ફરજિયાત જેવું ગણવામાં આવે છે જે બાબત એકલ બહેનોને નિરાશ કરે છે.

**સમાજકાર્યના સબંધમાં સંશોધનનું મહત્ત્વ :**

સમાજકાર્યમાં સંદર્ભમાં સંશોધનનું ઘણું મહત્ત્વ રહેલું છે. સમાજકાર્યમાં મુખ્યત્વે મહિલાઓ, બાળકો, વૃદ્ધો અને અન્ય જરૂરિયાતમંદ લોકો માટે, તેમની સમસ્યાઓના સમાધાન માટે કામ કરવામાં આવે છે. આ સંશોધનનું સમાજકાર્ય વિષય સાથે મહત્ત્વ જોઈએ તો,

- આ સંશોધન પૂર્ણ થયા બાદ લોકોમાં જાગ્રતતા વધે અને સમાજની અપરિણીત બહેનો તરફની નકારાત્મક માનસિકતા બદલાઈ શકે છે.
- સમાજકાર્યકર જ્યારે સરકારને કોઈ નવી યોજના બનાવવા માટે ધ્યાન દોરે છે ત્યારે, સરકારને પણ અમુક નિર્ણયો લેવામાં આ સંશોધન મદદરૂપ થઈ શકે છે. જેમ કે, કોઈ નવી યોજના બનાવવી હોય કે લાગુ કરવી હોયતો પણ સંશોધનના આધારે યોજના બનાવવાનું કામ સરળ બની શકે છે. આ ઉપરાંત જૂના કોઈ કાયદામાં સુધારા-વધારા કરવા માટે પણ પ્રસ્તુત સંશોધન ઘણું મહત્ત્વ ધરાવે છે.
- અપરિણીત બહેનો ઉપર અભ્યાસ કરવા માગતા સંશોધકને ભવિષ્યમાં ઉપયોગી થઈ શકે છે.
- અપરિણીત બહેનો સમાજમાં સમાનભેર જીવી શકે, તેમના હક્કો ભોગવી શકે એ માટે પણ સમાજકાર્યમાં પ્રસ્તુત સંશોધનનું ઘણું મહત્ત્વ રહેલું છે.

**ભવિષ્યના સંશોધન અંગેનાં સૂચનો :**

કોઈ પણ સંશોધક જ્યારે સંશોધન કરે છે, ત્યારે તેમને અન્ય કેટલાંય નવાં સંશોધન અંગે વિચારો આવે છે અથવા તો પોતાના જ સંશોધનમાં કેટલીક ખામી કે સુધારાત્મક બાબતો જોવા મળે છે. જે ભવિષ્યના સંશોધકને મદદરૂપ થઈ શકે છે.

- અપરિણીત મહિલાઓની સમસ્યાઓના નિવારણ અંગેના ઉપાયોનો અભ્યાસ.
- અપરિણીત મહિલાઓની જાતીય ઇચ્છાઓની સંતુષ્ટિ સબંધિત સમસ્યાઓનો અભ્યાસ.
- અપરિણીત મહિલાઓની મિલકત અને વારસદાર સબંધિત સમસ્યાઓનો અભ્યાસ.

**સારાંશ :**

જીવનમાં લગ્ન કરવા કે નહીં એ કદાચ દરેક સ્ત્રી કે પુરુષ માટે ખૂબ જ મોટો અને મહત્ત્વનો નિર્ણય હોય છે. જે સ્ત્રીઓ અપરિણીત છે તેઓ કદાચ કોઈક કારણોસર અથવા તે સ્વૈચ્છિક રીતે અથવા તો આધ્યાત્મિક જીવનના કારણે અથવા તો અન્ય પરિણીત સ્ત્રીઓની દુઃખી હાલત જોઈને અપરિણીત રહેવા અંગે નિર્ણય લેતી હોય છે. પરિણીત સ્ત્રીઓમાંથી કેટલીક સ્ત્રીઓ સુખી હોય છે. જ્યારે કેટલીક દુઃખી હોય છે. એવી જ રીતે અપરિણીત સ્ત્રીઓમાં પણ બંને પાસાંઓ જોવા મળે છે. અપરિણીત સ્ત્રીઓને ઘણી વાર સમગ્ર સમાજ સામે બાથ ભીડવી પડતી હોય છે, પોતે અપરિણીત છે એમના ખુલાસા વારંવાર કરવા પડતા હોય છે, તેમજ સમાજ દ્વારા હેરાનગતિનો સામનો પણ કરવો પડતો હોય છે. જેમના માટે અપરિણીત બહેનોએ ખૂબ જ મજબૂત બનીને રહેવું પડતું હોય છે.

**સંદર્ભસૂચિ :**

(1) ડૉ. મફતલાલ પટેલ 2010, મહિલા અને માનવ અધિકારો, અમદાવાદ.
(2) ઓશો. 'નારી', ગુજરાતી અનુવાદ : દક્ષાબહેન આર પટેલ 2004-વડોદરા
(3) છગનલાલ જોષી, 1970, 'વૈષ્ણવજન તો તેને કહીએ'
(4) પ્રાગજીભાઈ એ. પટેલ 1999, નારીની શક્તિને ઓળખીએ - રાજકોટ
(5) ડૉ. ગીતા ચાવડા. 2008, 'નારીવાદીનો ખ્યાલ' - રતનપુર

(6) https://www.unwomen.org/en/what-we-do/ending-violence-against-women facts-and-figures
(7) https://www.census2011.co.in/marital.php
(8) https://www.akilanews.com/Main_news/Detail/13-09-2018/144847
(9) https://interactive.unwomen.org/multimedia/infographic/violenceagainstwomen/en/index.h tml#mutilation-3
(10) https://interactive.unwomen.org/multimedia/infographic/violenceagainstwomen/en/index.h tml#sexual-5
(11) https://interactive.unwomen.org/multimedia/infographic/violenceagainstwomen/en/index.html#sexu al-4
(12) https://www.akilanews.com/Main_news/Detail/13-09-2018/144847
(13) http://shodhganga.inflibnet.ac.in:8080/jspui/handle/10603/114235
(14) https://shodhganga.inflibnet.ac.in/handle/10603/51792
(15) https://shodhganga.inflibnet.ac.in/handle/10603/186413
(16) https://shodhganga.inflibnet.ac.in/handle/10603/74815
(17) https://shodhganga.inflibnet.ac.in/handle/10603/192738
(18) https://shodhganga.inflibnet.ac.in/handle/10603/276473
(19) https://shodhganga.inflibnet.ac.in/handle/10603/92766
(20) https://shodhganga.inflibnet.ac.in/handle/10603/110242
(21) https://shodhganga.inflibnet.ac.in/handle/10603/48243
(22) https://acadpubl.eu/hub/2018-120-5/4/395.pdf

આધુનિક કેળવણી વડે બીબાં તૈયાર થાય છે, પરંતુ બીબાંમાં ઢળેલું મનુષ્યત્વ કદી ટકી રહેતું નથી. સજીવન મનના તત્ત્વ સાથે વિદ્યાનું તત્ત્વ જો મેળ ન ખાય તો એક દિવસ કદાચ બીબું ફાટીતૂટી ટુકડેટુકડા થઈ જાય, અગર મનુષ્યનું મન તેમાં ઠરી મરણશરણ થઈ જાય. કિંવા યંત્ર ચાલિત પૂતળું બની જાય એ સંભવિત છે. આધુનિક કેળવણી અસમાનતા ઉત્પન્ન કરે છે અને એ દુઃખ વિશ્વવ્યાપી છે. આ કેળવણીથી બધી સગવડ, બધી તક આજે કેળવ માનવસમાજના એક પક્ષમાં ઢગલો થઈ રહી છે. બીજો પક્ષ અંતહીન નિરાધારતાથી પરિપૂર્ણ છે. સામાન્ય વર્ગને આત્મશક્તિને બોધ આપવા માટે કેળવણી આપવી જોઈએ.

આજકાલ જે કેળવણી ચાલી રહી છે, તેથી આપણામાં વિચાર કરવાનું સાહસ રહ્યું નથી, કામ કરવાની દક્ષતા રહી નથી; પુસ્તકોનાં વચનો પોપટની-પેઠે ઉચ્ચારી જવામાં જ વિદ્યાર્થીઓ મુક્તિનો આધાર રાખે છે. જેને આપણે ખેડૂતો કહી છીએ તેઓના તરફ આપણી દૃષ્ટિ પુસ્તકનાં પાનાં ભેદી પહોંચી શકતી નથી. કેળવણીને જીવનયાત્રા સાથે મેળ મળે એવી રીતે ચલાવવી ઉચિત છે. તે એથી ઊલટી ચાલે તો ભંડારની સામગ્રી બની શકે, પણ હોજરીનો ખોરાક નહિ. **- કવિવર રવીન્દ્રનાથ ટાગોર**

(ટાઈટલ પેજ - ૪ નું ચાલુ)

- સંક્ષિપ્ત પુસ્તકપરિચય, ગ્રંથાવલોકન, સમાજપરિવર્તનના પ્રયત્નો સંબંધિત લખાણો તેમજ સમાજ-વિજ્ઞાનોના શોધસમાચાર તેમજ સંસ્થાના સમાચાર આવકાર્ય છે.
- સમાજકારણને ISSN નંબર પ્રાપ્ય છે. તેમજ તે સમકક્ષસમીક્ષિત (Peer Reviewed) સામયિક છે, તેથી પરામર્શકનો અભિપ્રાય આખરી ગણાય છે. તેમનાં નિર્ણય બાદ લેખ છપાય છે.
- સામાજિક સેવા મંડળનું આજીવન સભ્યપદ ધરાવનારને 'સમાજકારણ' અંક પહોંચાડવામાં આવે છે. ક્વચિત્ ન મળે તો આપેલા ફોનનંબર પર ફોન કરી ધ્યાન દોરવું.
  શ્રી ગૌરાંગભાઈ શાહ મો. 98256 15049
- જાન્યુઆરીના અંકમાં પ્રકાશિત કરવા ઑક્ટોબરના અંત સુધીમાં અને જુલાઈના અંકમાં લેખ પ્રકાશિત કરવા એપ્રિલના અંત સુધીમાં આપના લેખો–સમાચાર–પ્રવૃત્તિ–નોંધ મોકલી દેવા વિનંતી છે.
- સાથે અહીં આપેલ પ્રમાણપત્ર લેખકે અવશ્ય ભરીને મોકલવું.

---

## ગુજરાત સમાજિક સેવા મંડળ

શ્રી હ. કા. આટ્ર્સ કૉલેજ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

### લેખક દ્વારા પ્રમાણપત્ર

આથી હું/અમે ........................................................ જાહેર કરીએ છીએ કે, પ્રસ્તુત પેપર ............................માં સંબંધિત માહિતી અમારા અભ્યાસ આધારિત છે. જ્યાં પણ ગૌણ માહિતી લીધી છે તેનો સ્રોત દર્શાવ્યો છે. આ લેખ અન્યત્ર પ્રકાશિત કરવામાં આવ્યો નથી. પ્રકાશન માટે નિયમાનુસાર સાહિત્યની ચોરીથી મુક્ત છે. આ અંગેના લખાણોમાં શૈક્ષણિક કે બૌદ્ધિક માહિતીની ચોરી કે ખોટું લખવું એ નૈતિક ગુનો છે. એવું જાહેર કરી આપના નિયમાનુસાર પ્રકાશિત કરવાની સત્તા આપવાની ઘોષણા કરીએ છીએ.

આભાર સહ,

**સહી**

---

**મુદ્રક : અર્થ કૉમ્પ્યૂટર :**
203, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજની સામે, ઇન્કમટેક્સ, અમદાવાદ-380014, મો. 9327036414

# સમાજકારણમાં સંશોધન લેખ લખી મોકલવા માટે અગત્યની સૂચના

**ખાસ નોંધ : લેખ મોકલતા પહેલાં સમાજકારણના આજીવન સભ્ય બનવું જરૂરી છે.**

**પેપરનું માળખું જેમાં...**

**પહેલા પાના પર...**

(1) લેખનું શીર્ષક (2) લેખક/લેખકોનાં પુરાં નામ (3) લેખક/લેખકોનો હોદ્દો (4) કૉલેજ/યુનિવર્સિટી/સંસ્થાનું નામ અને સરનામું (5) ઈમેલ આઈડી (6) મોબાઈલ નંબર (7) સામાજિક સેવા મંડળનો સભ્યપદ નંબર

**બીજા પાના પરથી શરૂ કરી...**

(1) લેખનું શીર્ષક (2) લેખકનું નામ (3) (Abstract) સારાંશ (૨૫૦ શબ્દોમાં) જેમાં સંશોધનનો વિષય, હેતુઓ, પ્રશ્નો અભ્યાસ પદ્ધતિ અને મુખ્ય તારણોનો ઉલ્લેખ આવી જવો જોઈએ. (4) (Key-words) ચાવીરૂપ શબ્દો ત્રણથી ચાર (5) પ્રસ્તાવના (6) અભ્યાસ પદ્ધતિ (7) સૈદ્ધાંતિક મુદ્દાઓ - ચર્ચા - વિશ્લેષણ (8) તારણો - નિષ્કર્ષ અને સૂચનો (9) સંદર્ભસૂચિ સાથે લેખ સંપન્ન કરવો.

- આપનો લેખ APA style-6 અથવા 7 મુજબ લખવો જરૂરી છે. આપનાં લેખમાં ૩૦૦૦ શબ્દોથી વધુ શબ્દો હશે તો સ્વીકારવામાં આવશે નહીં.
- વિશેષમાં લેખનમાં ભાષાશુદ્ધિની કાળજી લેખકે લેવી આવશ્યક છે.
- આપનું સંશોધન લેખના ફોન્ટઃ બી-ભારતી ફક્ત ગોપિકા-૨, ફોન્ટ ૧૨ અથવા યુનિકોડ ફોન્ટ, ટાઈમ્સ રોમન-૧૨ મુજબ ટાઈપ કરવું.
- કાગળની નીચે જમણી બાજુએ પાના નંબર લખવા.
- સામાજિક સેવામંડળના ઉદ્દેશોને અનુરૂપ ગુજરાત, ભારત તેમજ વિશ્વના જુદા જુદા સામાજિક પ્રશ્નોને અનુલક્ષીને થયેલા વૈજ્ઞાનિક અભ્યાસો, મોજણીઓ, સંશોધનો તેમજ સમાજને સ્પર્શતા વિવિધ પ્રશ્નોને સમાવતા લેખ આવકાર્ય છે. ગુજરાતના સમાજને લગતા અભ્યાસને પ્રાધાન્ય આપવામાં આવશે.

**(અનુસંધાન ટાઈટલ પેજ-૩ પર)**

Book-Post ISSN 2319-3522

**સમાજકારણ**
વર્ષ : 16, જુલાઈ 2022, અંક : 2
**ગુજરાત સામાજિક સેવા મંડળ**
શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ,
નવરંગપુરા, આશ્રમ રોડ,
અમદાવાદ-380009